પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 06-11-2026 I VOL : 12 I Issue : 232 I Page : 8 I Price : 1.00/-

સુવિચાર

વિશ્વાસ રાખો, શરૂઆત નાની હોય તો પણ અંત મોટો હોઈ શકે છે.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3 
મંજૂરીનું કવચ કે તંત્રના આંખ આડા કાન: મોટો અકસ્માત થશે તો જવાબદાર કોણ??

4 

શું AI ટેક ઇન્ડસ્ટ્રીમાં નોકરીઓનું ભવિષ્ય બદલી રહ્યું છે?

6 
રામાયણમાં કૈકેયી બનીને ભાવુક થઈ અભિનેત્રી લારા દત્તા

7 
રોનાલ્ડોએ ઇન્ટરનેશનલ ફૂટબોલમાંથી રિટાયરમેન્ટ લીધું

એક નજર...

બીચ પર જોવા મળ્યો અનુષ્કા સેનનો ગ્લેમરસ અંદાજ



ટીવી અભિનેત્રી અનુષ્કા સેને કેલિફોર્નિયાના ન્યુપોર્ટ બીચ પરથી તેના વેકેશનની સુંદર તસવીરો શેર કરી છે. અનુષ્કા સેન ટેલિવિઝનની જાણીતી અભિનેત્રી છે અને સોશિયલ મીડિયા પર તેના કન્ટેન્ટને કારણે ઘણી ચર્ચામાં રહે છે. અનુષ્કાએ બાળપણથી જ પોતાની કારકિર્દીની શરૂઆત કરી દીધી હતી. હાલમાં જ અનુષ્કા તેના વેકેશનની તસવીરોને લઈને ઘણી ચર્ચામાં છે.

NEWS TRACK

યુરોપમાં 15 વિમાનોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી: કેટલીક ફ્લાઇટ્સના રૂટ બદલાયા

યુરોપમાં ગુરુવારે 15 વિમાનોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી. તેમાં ફિનલેન્ડ, ઇટાલી, ફ્રાન્સ, ચેક રિપબ્લિક અને બલ્ગેરિયાના વિમાનો સામેલ છે. સુરક્ષા એજન્સીઓએ અનેક ફ્લાઇટ્સનો માર્ગ બદલાવ્યો, જ્યારે કેટલાક વિમાનોને ફાઇટર જેટની દેખરેખ હેઠળ ઉતારવામાં આવ્યા. જોકે, અત્યાર સુધી આ ધમકીઓ પાછળ કોઈ સંગઠનનું નામ સામે આવ્યું નથી. બે દિવસ પહેલાં પણ યુરોપમાં લગભગ 10 વિમાનોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી. બાદમાં આ તમામ ધમકીઓ ખોટી સાબિત થઈ હતી. આયર્લેન્ડથી ઇટાલી જઈ રહેલી એર લિંગસ એરલાઇનની ફ્લાઇટને બોમ્બની ધમકી મળ્યા બાદ ફ્રાન્સ તરફ વાળવામાં આવી. ફ્રાન્સની વાયુસેનાએ વિમાનની સુરક્ષા માટે ફાઇટર જેટ મોકલ્યાં. વિમાનને નોર્મંડીના એવ્રૂ સૈન્ય એરબેઝ પર સુરક્ષિત રીતે ઉતારવામાં આવ્યું. ફ્રાન્સના વડાપ્રધાન સેબાસ્ટિયન લેકોર્નૂના કાર્યાલય અનુસાર, વિમાનમાં 151 મુસાફરો અને 6 ક્રૂ સભ્યો સવાર હતા.

PoKમાં પાકિસ્તાની સેનાનો ગોળીબાર, 7નાં મોત:મશીનગન અને ડ્રોનથી પ્રદર્શનકારીઓ પર હુમલો કર્યો

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (PoK)ના રાવલકોટમાં ગુરુવારે પ્રદર્શનકારીઓ પર પાકિસ્તાની સુરક્ષા દળોએ ગોળીબાર કર્યો છે. આ ઘટનામાં ઓછામાં ઓછા 7 લોકોનાં મોત થયા છે, જ્યારે 18 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. મૃતકોમાં બાળકો પણ સામેલ છે. યુનાઈટેડ કાશ્મીર પીપલ્સ નેશનલ પાર્ટી (UKPNP)એ આરોપ લગાવ્યો છે કે સુરક્ષા દળોએ શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા લોકો પર ભારે મશીનગનો અને ડ્રોનથી હુમલો કર્યો. આ ઘટના અંગે હજુ સુધી પાકિસ્તાની અધિકારીઓનું કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. UKPNP મુજબ, પાકિસ્તાની સુરક્ષાદળોએ મટિયાલમેરા બસ ટર્મિનલ, ઉમર ફારૂક ચોક અને રાવલકોટના અન્ય સ્થળોએ ચાલી રહેલા ધરણાં પર કાર્યવાહી કરી. પાર્ટીએ આરોપ લગાવ્યો કે સુરક્ષાદળોએ પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કરવાની સાથે ડ્રોનથી પણ હુમલા કર્યા. આ દરમિયાન ભારે મશીનગનો અને બખ્તરબંધ વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો.

બહુમતી માટે 4 સરકારી નિર્દેશકો ઉમેરાયા; કોંગ્રેસને 25માંથી 13 બેઠકો મળી હતી

BJPએ ગોકુલ ડેરી ચૂંટણીમાં નિયમો બદલ્યા: રાહુલ

નવી દિલ્હી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મહારાષ્ટ્રની ગોકુલ ડેરીની ચૂંટણીને લઈને BJP પર ચૂંટણી બાદ નિયમોમાં ફેરફાર કરીને બહુમતી છીનવી લેવાનો આરોપ લગાવ્યો છે. તેમણે તેને દૂધ ઉત્પાદકોના મતની ચોરી ગણાવી.

રાહુલ ગાંધીએ ગુરુવારે X પર લખ્યું- ગોકુલમાં દૂધ ડેરી ચલાવનારાઓએ ભાજપને હરાવી દીધું. તો ભાજપે ચૂંટણી બાદ નિયમો બદલી નાખ્યા. 4 ડિરેક્ટરો ઉમેરો, 12ને 16 બનાવો, બહુમતી ચોરી લો. ગોકુલ દૂધ ડેરીમાં 19 ઓક્ટોબરે 25 નિયામક પદો માટે ચૂંટણી યોજાઈ હતી. તેમાં કોંગ્રેસ સમર્થિત પેનલને 13 અને ભાજપના નેતૃત્વવાળા મહાયુતિ ગઠબંધનને 12 બેઠકો મળી હતી. કોંગ્રેસ નેતા પવન ખેડાએ પણ મહારાષ્ટ્ર સરકારના નિર્ણયની ટીકા કરી.

તેમણે આરોપ લગાવ્યો કે સરકાર ચૂંટાયેલા બોર્ડની રચના બદલીને ચૂંટણીના પરિણામને પ્રભાવિત કરવા માંગે છે.

ખેડાના જણાવ્યા અનુસાર, ચૂંટણીમાં જીત્યા બાદ મહાયુતિ સમર્થિત નિર્દેશકો બેઠકથી ગેરહાજર રહ્યા, જેના કારણે અધ્યક્ષની ચૂંટણી થઈ શકી નહોતી. ત્યારબાદ બોમ્બે હાઈકોર્ટે 10 નવેમ્બરે નવી ચૂંટણી યોજવાનો નિર્દેશ આપ્યો હતો.

ખેડાએ કહ્યું કે ચૂંટાયેલા બોર્ડને કામ કરવા દેવાને બદલે સરકાર ચાર સરકારી



નિર્દેશકોને મતદાનના અધિકાર સાથે સામેલ કરવા માંગે છે. કોંગ્રેસ આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવાની વાત કહી રહી છે.

કોંગ્રેસ સમર્થિત પેનલનો થયો હતો વિજય કોલ્હાપુર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘને ગોકુલ ડેરી તરીકે ઓળખવામાં આવે છે. તેના 25 નિર્દેશક પદો માટે 19 ઓક્ટોબરે ચૂંટણી યોજાઈ હતી. હવે મહારાષ્ટ્ર કેબિનેટે બોર્ડમાં ચાર સરકારી નિર્દેશકોને મતદાનના અધિકાર સાથે નિયુક્ત કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

કોંગ્રેસ નેતા સતેજ પાટીલના નેતૃત્વવાળી રાજર્ષિ શાહૂ શેતકરી સમવિચારી આઘાડીએ 13 બેઠકો જીતીને બહુમતી મેળવી હતી. જ્યારે BJP, શિવસેના અને NCP ધરાવતા મહાયુતિ ગઠબંધનને 12 બેઠકો મળી હતી. કોંગ્રેસનું કહેવું છે કે તેનાથી બોર્ડની બહુમતી બદલાઈ શકે છે. પાર્ટીએ તેને સહકારી સંસ્થાની સ્વાયત્તતા અને ચૂંટણીના જનાદેશ વિરુદ્ધ ગણાવ્યું છે.

પવન ખેડાએ કહ્યું- લોકતાંત્રિક જનાદેશને નબળો પાડવાનો પ્રયાસ

કોંગ્રેસ નેતા પવન ખેડાએ પણ મહારાષ્ટ્ર સરકારના નિર્ણયની ટીકા કરી. તેમણે આરોપ લગાવ્યો કે સરકાર ચૂંટાયેલા બોર્ડની રચના બદલીને ચૂંટણીના પરિણામને પ્રભાવિત કરવા માંગે છે. ખેડાના જણાવ્યા અનુસાર, ચૂંટણીમાં જીત્યા બાદ મહાયુતિ સમર્થિત નિર્દેશકો બેઠકથી ગેરહાજર રહ્યા, જેના કારણે અધ્યક્ષની ચૂંટણી થઈ શકી નહોતી.

નાગૌરમાં ફટાકડાના ગોડાઉનમાં બ્લાસ્ટ, 2 લોકો જીવતા ભડથું

આસપાસના ઘરોને નુકસાન, ગાડીઓના કાચ તૂટ્યા, અડધા કિલોમીટર દૂર સુધી ધડાકો સંભળાયો

નવી દિલ્હી

રાજસ્થાનના નાગૌરમાં ગુરુવારે સવારે 9.40 વાગ્યે ફટાકડાના ગોડાઉનમાં બ્લાસ્ટ થયો. બડલી વિસ્તારમાં બનેલી ઘટનામાં પિતરાઈ ભાઈઓ મુજિદ સોરગર (32) અને મોહમ્મદ આમિર સોરગર (28)નાં મોત થયાં. ધડાકો એટલો જોરદાર હતો કે ભાઈઓના મૃતદેહોના ચીંથરા ઊડી ગયા. શરીરના અનેક અંગો ધડાકો થયેલી જગ્યાથી 10થી 15 ફૂટના અંતરે મળ્યા. એફએસએલની ટીમે પ્લાસ્ટિકની થેલીમાં મૃતદેહોના ટુકડાઓ ભેગા કર્યા. બ્લાસ્ટને કારણે આશરે 100 ફૂટના વિસ્તારમાં



આવેલા ઘરો અને વાહનોને પણ નુકસાન થયું છે. આ ગોડાઉનમાં પોટેશિયમ નાઇટ્રેટ મિક્સ કરીને દારૂગોળો બનાવવામાં આવે છે. પ્રાથમિક માહિતી અનુસાર ગોડાઉનના માલિકનું નામ અમીન છે. આગ લાગવાનું કારણ હાલ જાણવા મળ્યું નથી. મળતી માહિતી મુજબ, દુર્ઘટના સમયે ગોડાઉનમાં કેટલા લોકો હતા, તેની માહિતી મેળવવામાં આવી રહી છે. બે યુવકોનાં મોત ઘટનાસ્થળે જ થઈ ગયાં, જ્યારે બચાવ કામગીરી દરમિયાન 2 ગંભીર રીતે ઘાયલ યુવકો પણ મળી આવ્યા છે. 100 ફૂટના વિસ્તારમાં ઊભેલી ગાડીઓ-મકાનોને નુકસાન વિસ્ફોટ એટલો જોરદાર હતો કે આસપાસનાં ઘરોને પણ નુકસાન થયું. ઘટનાસ્થળથી લગભગ 100 ફૂટ દૂર ઊભેલી એક બસના તમામ કાચ તૂટી ગયા, જ્યારે આસપાસનાં મકાનોની દીવાલોમાં પણ તિરાડો પડી ગઈ. જે ગોડાઉનમાં વિસ્ફોટ થયો છે, તેના એક ભાગમાં તૈયાર ફટાકડાનો જથ્થો પણ રાખેલો મળી આવ્યો છે. મળતી માહિતી મુજબ, ગોડાઉન માલિક પાસે ફટાકડાનું કાયમી લાઇસન્સ છે. જોકે, લાઇસન્સ કેટલા જથ્થા માટે છે અને અહીં કેટલી માત્રામાં ફટાકડા તથા પોટેશિયમ નાઇટ્રેટ હતું, તે અંગે સત્તાવાર માહિતી નથી.

દિલ્હીના ચાવડી બજારમાં 3 માળની નિર્માણાધીન બિલ્ડિંગ પડી, 2 મોત

NDRFએ કાટમાળમાંથી મૃતદેહ બહાર કાઢ્યા, એક ઘાયલ; વર્ષનો છઠ્ઠો મોટો અકસ્માત

નવી દિલ્હી

દિલ્હીના ચાવડી બજારમાં ગુરુવારે સવારે ત્રણ માળની નિર્માણાધીન ઇમારત ધરાશાયી થઈ ગઈ.

અકસ્માતમાં અત્યાર સુધીમાં બે લોકોનાં મોત થઈ ચૂક્યાં છે, જ્યારે એક વ્યક્તિ ઘાયલ છે. દિલ્હી પોલીસે તેની પુષ્ટિ કરી છે. NDRFની ટીમે કાટમાળમાંથી એક મૃતદેહ પણ બહાર કાઢ્યો છે. આ દુર્ઘટના સવારે 9:50 વાગ્યે ચાવડી બજાર મેટ્રો સ્ટેશન પાસે આવેલી ગલી સિતારામાં બની હતી. ઘટનાસ્થળે NDRFની ટીમ અને ફાયર બ્રિગેડની 6 ગાડીઓ હાજર છે. દિલ્હીમાં આ વર્ષે ઇમારત ધરાશાયી થવાની આ છઠ્ઠી મોટી ઘટના છે. આ પહેલાં બનેલી 5 ઘટનાઓમાં 21 લોકોનાં મોત થઈ ચૂક્યાં છે. આ અકસ્માતોમાં જીવ ગુમાવનારાઓમાં અનેક વિદ્યાર્થીઓ પણ સામેલ હતા. સૈદુલાજાબ વિસ્તારમાં વેસ્ટર્ન માર્ગ પર ચાર માળની વ્યાવસાયિક ઇમારત ધરાશાયી થઈ ગઈ.

ચૂંટણી પંચમાં નવા નિયમો લાગુ, બેઠકોના એજન્ડા-મિનિટ્સ જાહેર થશે

નવી દિલ્હી

ચૂંટણી પંચ(ECI)ના કામકાજમાં પારદર્શિતા અને જવાબદારી વધારવા માટે અનેક મહત્ત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. હવે ચૂંટણી પંચની બેઠકોનો એજન્ડા અગાઉથી જાહેર કરવામાં આવશે. આ ઉપરાંત, બેઠકમાં થયેલી ચર્ચા અને નિર્ણયોની વિગતો એટલે કે મિનિટ્સ પણ જાહેર કરાશે. અત્યાર સુધી આ પ્રક્રિયા અનુસરવામાં આવતી નહોતી. નવા નિયમો હેઠળ ચૂંટણી પંચમાં કામ કરતાં અધિકારીઓએ વિદેશ પ્રવાસે જતાં પહેલાં પંચની મંજૂરી લેવી પડશે. અગાઉ અધિકારીઓ માટે આવી પૂર્વમંજૂરીની જોગવાઈ નહોતી. આ ઉપરાંત, કોઈ પણ નવું IT મોડ્યુલ સીધું ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરવામાં નહીં આવે. પહેલાં તેને અધિકારીઓની કમિટી સમક્ષ મૂકવામાં આવશે. કમિટીની તપાસ અને મંજૂરી બાદ જ આ મોડ્યુલ પંચ સમક્ષ રજૂ કરી શકાશે.

પુસ્તક રિલીઝ પહેલાં સોનિયા ગાંધીનો હુંકાર

અટકાયત બાદ 24 કલાકમાં રજૂ કરવા જરૂરી: વિલંબ થાય તો વ્યક્તિને છોડવી પડશે: સુપ્રીમ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે ગુરુવારે કસ્ટડીમાં લીધા બાદ કોર્ટમાં રજૂ કરવાની 24 કલાકની સમયમર્યાદા સ્પષ્ટ કરી. કોર્ટે કહ્યું કે કોઈ વ્યક્તિને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાની 24 કલાકની સમયમર્યાદા તેને કસ્ટડીમાં લેતાંની સાથે જ શરૂ થઈ જશે. આ સમય ઔપચારિક ધરપકડ નોંધાયાના સમયથી ગણવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું- તપાસ એજન્સીઓ કોઈ વ્યક્તિને પહેલાં કસ્ટડીમાં લઈને બાદમાં તેની ધરપકડ નોંધવાનો રસ્તો અપનાવી શકતી નથી. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય ધરપકડ કરાયેલા ત્રિપુરાના ચાર



લોકોની અરજી સાથે સંબંધિત છે. તેમનો આરોપ છે કે કસ્ટડીમાં લેવા અને ધરપકડ નોંધવા વચ્ચે લગભગ 21 કલાકનું અંતર હતું. આ મામલાની સુનાવણી જસ્ટિસ ઉજ્જવલ ભુયાં અને જસ્ટિસ અતુલ એસ. ચંદ્રકુરની બેન્ચમાં થઈ. પોલીસ શંકાસ્પદ વ્યક્તિને કસ્ટડીમાં રાખીને જ્યાં સુધી ઈચ્છે ત્યાં સુધી પૂછપરછ કરતી હતી. FIR નોંધાયા બાદ તેમાં લખાયેલા સમયના આધારે જ 24 કલાકની અંદર કોર્ટમાં રજૂ કરતી હતી. જ્યારે વ્યક્તિ પોતાની ઇચ્છાથી ક્યાંય જઈ શકતો નથી અને પોલીસ અથવા અદાલતના નિયંત્રણ હેઠળ હોય છે, ત્યારે તે કસ્ટડીમાં હોવાનું માનવામાં આવે છે. દરેક ધરપકડમાં કસ્ટડી હોય છે, પરંતુ દરેક કસ્ટડી ધરપકડ હોતી નથી. લાઇવ લૉ અનુસાર, સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો છે કે પોલીસ ધરપકડ મેમો અને કેસ ડાયરીમાં ધરપકડનો સમય નોંધશે.

પશ્ચિમ બંગાળમાં 1,150 જિલેટિન સ્ટિક, 989 ડિટોનેટર મળ્યા

કોલકાતા

પશ્ચિમ બંગાળના બીરભૂમમાં ગુરુવારે પોલીસના સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) દ્વારા કરવામાં આવેલી દરોડાની કાર્યવાહી દરમિયાન 1,150 જિલેટિન સ્ટિક, 989 ડિટોનેટર અને 12,000 મીટર ડિટોનેટિંગ કોર્ડ જપ્ત કરવામાં આવ્યા હતા. આ મામલે બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. અલગ એક કાર્યવાહીમાં, એસટીએફે પાંડબેશ્વર વિસ્તારમાંથી 21 ગેરકાયદેસર હથિયારો અને 65 રાઉન્ડ કારતૂસો જપ્ત કર્યા છે. આ જપ્તી એક કેસની તપાસ સાથે સંબંધિત છે, જેમાં અત્યાર સુધીમાં 38 હથિયારો અને 122 રાઉન્ડ કારતૂસ જપ્ત કરવામાં આવ્યા છે. કેસની વધુ તપાસ ચાલી રહી છે. જપ્ત કરાયેલા હથિયારોમાં 6 લાંબી મસ્કેટ બંદૂકો, ચાર 7 એમએમ પિસ્તોલ અને 11 પાઇપ ગનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 47 આઠ એમએમ અને 18 7.65 એમએમ કારતૂસ પણ જપ્ત કરવામાં આવ્યા છે.

મેડલ જીતવાના તમારા સંકલ્પને લીધે અમે આખી સિસ્ટમ બદલી નાખી: મોદી

નવી દિલ્હી

તાજેતરમાં જાપાનથી એશિયન પૅરા ગેમ્સમાં કુલ 114 મેડલ (Medals) જીતી લાવનાર દિવ્યાંગ ઍથ્લીટો અને ખેલાડીઓ સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી (Modi)એ ગુરુવારે અહીં ખાસ સમારંભમાં વાર્તાલાપ અને ગેટ-ટુ-ગેધરની ઈવેન્ટ રાખી હતી જેમાં પીએમે તેમને સંબોધતા કહ્યું હતું કે `તમે બધાએ તમારી ટૅલન્ટ અને ક્ષમતાના બળથી કારકિર્દીમાં ચંદ્રકો જીતવાનો સંકલ્પ લીધો એને લીધે જ અમે ખેલકૂદને લગતી આખી સિસ્ટમ બદલી નાખવા પર ધ્યાન આપ્યું અને એ બદલી નાખી.' મોદીએ એવું પણ કહ્યું હતું કે `તમે જે સંઘર્ષથી આગળ આવ્યા અને ચંદ્રકો જીતવાના



મંચ સુધી પહોંચ્યા તેમ જ જે વિરલ સિદ્ધિઓ મેળવી એ સમગ્ર ભારત માટે પ્રેરણારૂપ છે. તમારા અપ્રતિમ પર્ફોર્મન્સીસ બતાવે છે કે ખેલજગતમાં ભારત મોટી સત્તા તરીકે ઉભરી રહ્યું છે. તમે મેડલ જીતવા ઉપરાંત કરોડો ભારતીયોના દિલ પણ જીતી લીધા છે. અગાઉ માતા-પિતા પોતાના સંતાનોને ખેલકૂદમાં કરીઅર બનાવવા માટે આગળ વધારતા ડરતા હતા.

દિવાળી પર અયોધ્યા સહિત 3 ધાર્મિક સ્થાનો બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

ત્રણેય શહેરોમાં પોલીસ દ્વારા સઘન તપાસ શરૂ કરી દેવામાં આવી

નવી દિલ્હી

દિવાળીના પર્વ પર દેશભરમાં ઉત્સાહનો માહોલ છે, ત્યારે ઉત્તર પ્રદેશના ત્રણ ધાર્મિક શહેરોને મળેલી ધમકીએ ચિંતા વધારી છે, અયોધ્યા, વારાણસી અને મથુરામાં દિવાળી પર બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી મળી છે. ધમકીભર્યા ઈમેઈલમાં દિવાળીની રાત્રે બોમ્બ ધડાકા કરવાની ચેતવણી આપવામાં આવી છે. પોલીસ અને સુરક્ષા એજન્સીઓ સક્રિય બની ગઈ છે. આ ત્રણેય શહેરોમાં પોલીસ દ્વારા સઘન તપાસ શરૂ કરી દેવામાં



આવી છે. મળતી માહિતી મુજબ, 4 નવેમ્બરના રોજ બપોરે લગભગ 12:25 વાગ્યે અયોધ્યા કોર્ટની ઓફિશિયલ ઈમેઈલ આઈડી પર એક ધમકીભર્યો મેસેજ આવ્યો હતો. આ ઈમેઈલમાં 8 નવેમ્બરની દિવાળીની રાત્રે અયોધ્યા, વારાણસી અને મથુરામાં બોમ્બ ધડાકા કરવાની ધમકી આપવામાં આવી હતી, સાથે જ 27 નવેમ્બર સુધી હુમલા ચાલુ રાખવાની વાત પણ લખવામાં આવી હતી. ઈ-મેઈલમાં ખાલિસ્તાન સમર્થક નારા અને કેટલાક આતંકવાદી સંગઠનોનાં નામનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અયોધ્યાના મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટ (CJM) પીયૂષ ત્રિપાઠીને આ ઈમેઈલની જાણ થતાં તેમણે મામલાને ગંભીરતાથી લીધો હતો. તેમણે તરત જ SSPને પત્ર લખીને કોર્ટની સુરક્ષા વધારવાની માંગ કરી હતી.

ફ્રી ઇ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

તાપીના વ્યારામાં પિકઅપ ટેમ્પો પલટ્યો, 3 લોકોના મોત : પાંચથી વધુ ઘાયલ

તાપી

તાપી જિલ્લાના વ્યારા તાલુકાના કટાસવાણ ગામની સીમમાં ખેતમજૂરો ભરેલો એક પિકઅપ ટેમ્પો અચાનક પલટી મારી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ખેતરમાં ડાંગર કાપવાની મજૂરી અર્થે જઈ રહેલા શ્રમિકો પૈકી બે મહિલાઓ અને એક પુરુષ મળી કુલ ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યાં હતાં. જ્યારે આ અકસ્માતમાં પાંચથી વધુ શ્રમિકોને ગંભીર ઈજાઓ પહોંચતાં તાત્કાલિક અસરથી સારવાર અર્થે વ્યારાની યુએનએમ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર પિકઅપ ટેમ્પામાં આશરે 10 જેટલા મજૂરો સવાર થઈને સવારના સમયે ખેતરમાં ડાંગર કાપવા માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન કટાસવાણ ગામની સીમમાંથી પસાર થતી વેળાએ ટેમ્પો ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલો ટેમ્પો માર્ગ પર જ ઊંધો વળી જતાં તેમાં સવાર શ્રમિકોની ચીસાચીસથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો અને ભારે દોડધામ મચી ગઈ હતી.

અકસ્માત સર્જાતાં જ આસપાસના ગ્રામજનો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ટેમ્પા નીચે દબાયેલા શ્રમિકોને બહાર કાઢી બચાવ કામગીરી હાથ ધરી હતી. ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ ત્રણેય શ્રમિકોના પ્રાણ ઊડી ગયા હતા.

રાજકોટના આજી-ન્યારી ડેમમાં નર્મદાના નીરની આવક શરૂ, રોજ 35 MCFT પાણી ઠલવાશે

રાજકોટ

આગામી ઉનાળામાં રાજકોટવાસીઓને પીવાના પાણીની અછતનો સામનો ન કરવો પડે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અત્યારથી જ આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. રાજ્ય સરકારની સૌની યોજના હેઠળ આજી-1 અને ન્યારી-1 ડેમમાં નર્મદાના નીરની આવક શરૂ કરવામાં આવી છે. બીજા તબક્કા હેઠળ બંને જળાશયોમાં દરરોજ કુલ 35 મિલિયન ક્યુબિક ફીટ (MCFT) પાણી ઠાલવવામાં આવી રહ્યું છે. બંને ડેમને તેમની સંપૂર્ણ સંગ્રહ ક્ષમતા સુધી ભરવાનું આયોજન છે. રાજકોટ શહેરની સતત વધતી વસ્તી અને પીવાના પાણીની વધતી માગને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકાર સમક્ષ સૌની યોજના મારફતે આજી-1 અને ન્યારી-1 ડેમમાં કુલ 4,000 MCFT નર્મદાનું પાણી ફાળવવાની માગ કરવામાં આવી હતી.

આ માગને પગલે હાલ બીજા તબક્કામાં બંને ડેમમાં પાણી પહોંચાડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. હાલની વ્યવસ્થા મુજબ આજી-1 ડેમમાં દરરોજ 20 MCFT અને ન્યારી-1 ડેમમાં દરરોજ 15 MCFT પાણી ઠાલવવામાં આવી રહ્યું છે. આમ, બંને જળાશયોમાં મળીને રોજનું 35 MCFT નર્મદાનું પાણી પહોંચશે.

ઉત્તરસંડાના મઠિયા-ચોળાફળીની દેશ-વિદેશમાં ઓળખ:દિવાળીના છ મહિના અગાઉથી 50 ગૃહઉદ્યોગોમાં ઉત્પાદનની તૈયારીઓ

નડિયાદ

દિવાળીના તહેવારની ઉજવણી ગુજરાતી મઠિયા અને ચોળાફળી વિના અધૂરી ગણાય છે. ત્યારે શ્રેષ્ઠ મઠિયા, ચોળાફળી અને પાપડના ઉત્પાદન માટે ખેડા જિલ્લાના નડિયાદ નજીક આવેલું ઉત્તરસંડા ગામ વિશ્વભરમાં જાણીતું બન્યું છે. અહીંની ખાસ આબોહવા અને પાણીની વિશેષતાને કારણે તૈયાર થતી ખાદ્ય ચીજોનો સ્વાદ અલગ જ હોય છે. આ જ ખાસિયતને કારણે ઉત્તરસંડાના મઠિયા અને ચોળાફળીએ સ્થાનિક બજારથી લઈને વિદેશ સુધી પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.

ઉત્તરસંડામાં આખું વર્ષ ગૃહ ઉદ્યોગો દ્વારા પાપડનું ઉત્પાદન કરવામાં આવે છે, પરંતુ દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને મઠિયા અને ચોળાફળીનું ઉત્પાદન છ મહિના અગાઉથી શરૂ કરી દેવામાં આવે છે. તહેવારો દરમિયાન સ્થાનિક બજાર ઉપરાંત વિદેશમાં વસતા ગુજરાતીઓ સુધી આ વાનગીઓ પહોંચાડવા માટે મોટા પાયે ઉત્પાદન અને પેકિંગની કામગીરી હાથ ધરવામાં આવે છે. ગામમાં આવેલી અંદાજે 40થી 50 ફેક્ટરીઓ અને ઉત્પાદન એકમોમાં અત્યારથી જ કામકાજની ધમધમાટ જોવા મળી રહી છે. મઠિયાના ગૃહ ઉદ્યોગ સાથે સંકળાયેલા વિવેક પ્રજાપતિના જણાવ્યા અનુસાર, ઉત્તરસંડા અને આસપાસના વિસ્તારોની 1000થી વધુ મહિલાઓને આ ઉદ્યોગના માધ્યમથી સીધી રોજગારી મળી રહી છે. મહિલાઓ પોતાની કુશળતા અને મહેનતથી મઠિયા, ચોળાફળી સહિતની વિવિધ વાનગીઓ તૈયાર કરે છે. આ ગૃહ ઉદ્યોગ મહિલાઓ માટે આર્થિક આધાર બનવાની સાથે સ્થાનિક અર્થતંત્રને પણ મજબૂત બનાવી રહ્યો છે.

ગાંધીનગર ફાયર વિભાગની સાહસિક કામગીરી:અમિયાપુર-અડાલજ કેનાલ પર યુવકનો આત્મહત્યાનો પ્રયાસ નિષ્ફળ

ગાંધીનગર

ગાંધીનગરના અમિયાપુર-અડાલજ કેનાલમાં મોતની છલાંગ લગાવાની તૈયારીઓ કરી રહેલા એક યુવકને ગાંધીનગર ફાયર બ્રિગેડનાં જવાનોએ પોતાની જાનના જોખમે બચાવી લીધો છે. આ રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન યુવક અને ફાયર જવાનો વચ્ચે થયેલી ઝપાઝપીમાં ત્રણ જવાનો ઈજાગ્રસ્ત થયા હોવા છતાં તેમણે પોતાની ફરજમાંથી પીછેહઠ ન કરી યુવકનો જીવ બચાવી લીધો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, અમિયાપુર અડાલજ કેનાલ ખાતે એક યુવક પોતાના જીવનનો અંત લાવવાના ઈરાદા સાથે કેનાલ પાસે પહોંચ્યો હતો અને આપઘાત કરવાની તૈયારી કરી રહ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ ગાંધીનગર મહાનગરપાલિકા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયરના જવાનોએ શરીરે દોરડા બાંધીને કેનાલની લપસણી દિવાલ ઉતરવાનું પ્લાનિંગ કર્યું હતું.કેમકે યુવકને સહેજ પણ અંદાજો આવી જાય તો તે કેનાલમાં છલાંગ લગાવી લે તેવી સ્થિતિ ઊભી થઈ હતી.

બાદમાં ફાયર જવાનોએ કાળજીપૂર્વક સ્થિતિ પર નજર રાખી સમયસૂચકતા દાખવીને તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. જોકે કેનાલના કિનારે પહોંચેલા યુવકને સમજાવવા અને સુરક્ષિત રીતે બહાર કાઢવા જતાં મામલો તંગ બન્યો હતો. અને આપઘાત કરવાના મક્કમ ઈરાદે યુવકે ફાયર જવાનો સાથે ઝપાઝપી શરૂ કરી દીધી હતી.


જૈન ધર્મના પવિત્ર સાધુવેશની આડમાં ખેલાતો ખેલ કે પછી આસ્થા પર પાયાવિહોણો પ્રહાર?

સાગરચંદ્ર સાગર વિવાદે મસૌરથી પાલિતાણા સુધી મચાવ્યો રાજકીય અને ધાર્મિક ભૂકંપ!!!

વાયરલ ચેટ્સ, અનૈતિક સંબંધોના ગંભીર આક્ષેપો અને કરોડોના દાનના વહીવટ પર ઉઠતા સવાલો વચ્ચે જૈન સમાજમાં ભભૂક્યો રોષ; નિષ્પક્ષ ફોરેન્સિક તપાસ અને કડક પગલાંની ઉગ્ર માંગ

અમદાવાદ/ઉજ્જૈન

ભગવાન મહાવીર સ્વામીના અહિંસા, અપરિગ્રહ, સંયમ અને સદાચારના પાવન સિદ્ધાંતો પર ટકેલા જૈન ધર્મ અને તેની પરંપરા સામે આજે એક એવો ગંભીર અને વિવાદાસ્પદ સવાલ ખડો થયો છે, જેણે સમગ્ર દેશના જૈન સમાજને હચમચાવીને મૂકી દીધો છે. સાધુજીવનની ગરિમા અને પવિત્રતાને કલંકિત કરતી ઘટનાઓ સામે આવતા મસૌરથી લઈને પાલિતાણા સુધીના તીર્થક્ષેત્રો અને જૈન વર્તુળોમાં આક્રોશ અને ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ચર્ચાના કેન્દ્રમાં રહેલા 'સાગરચંદ્ર સાગર' સામે લાગેલા અનૈતિકતા અને આર્થિક ગેરરીતિઓના ગંભીર આક્ષેપોએ ધર્મના નામે ચાલતા પાખંડ પર સવાલોની લાંબી હરોળ ઊભી કરી દીધી છે.



સો. મીડિયા પર વાયરલ સામગ્રી અને સાધુજીવનની મર્યાદાના ધજાગરા:

આ સમગ્ર વિવાદની શરૂઆત સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી કથિત વોટ્સએપ ચેટ્સ, કોલ રેકોર્ડિંગ્સ અને તસવીરોથી થઈ છે. આ વાયરલ સામગ્રીએ સાધુજીવનની ઉચ્ચ મર્યાદાઓ સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો મૂકી દીધા છે. આક્ષેપો એટલા બધા ગંભીર સ્તરે પહોંચી ગયા છે કે કેટલીક મહિલાઓ અને સાધ્વીઓ સાથેના કથિત અનૈતિક સંબંધોની ચર્ચાઓએ જોર પકડ્યું છે. સવાલ એ ઊભો થાય છે કે જો આ તમામ આક્ષેપો પાયાવિહોણા અને માત્ર બદનામ કરવાનું કાવતરું હોય, તો સંબંધિત પક્ષ દ્વારા તાત્કાલિક ધોરણે ખુલ્લી અને સંતોષકારક સ્પષ્ટતા કેમ કરવામાં નથી આવતી? અને જો આ ગંદકીમાં તથ્ય છે, તો કાયદેસરની તપાસના કુંડાળાથી કેમ ભાગવામાં આવી રહ્યું છે? ધર્મના પવિત્ર વેશની આડમાં કોઈને પણ કાયદા અને નૈતિકતાથી ઉપર વિશેષ છૂટછાટ મળવી જોઈએ નહીં.

ફોરેન્સિક તપાસ અને સત્ય બહાર લાવવાની અનિવાર્યતા:

કોઈપણ વ્યક્તિની પ્રતિષ્ઠા અને લાખો શ્રદ્ધાળુઓની આસ્થા વચ્ચે સંતુલન જાળવવા માટે ન્યાયિક અને વૈજ્ઞાનિક અભિગમ અપનાવવો અત્યંત અનિવાર્ય છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી ચેટ્સ અને ઓડિયો રેકોર્ડિંગ્સ અસલી છે કે બનાવટી? તેમાં કોઈ ટેકનિકલ છેડછાડ કરવામાં આવી છે કે કેમ? આ તમામ બાબતોનું દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવા માટે ત્વરિત અને સઘન ફોરેન્સિક તપાસ થવી જ જોઈએ. આ પ્રકરણ માત્ર કેટલીક તસવીરો પૂરતું સીમિત નથી, પરંતુ જૈન સમાજની વર્ષો જૂની પવિત્ર પરંપરા અને કરોડો અનુયાયીઓની શ્રદ્ધાની શુદ્ધતા સાથે જોડાયેલો ગંભીર વિષય છે.

કરોડોના દાન, ટ્રસ્ટીઓની ભૂમિકા અને પારદર્શક ઓડિટનો મોટો સવાલ:

જૈન તીર્થક્ષેત્રો, જિનાલયો અને ધાર્મિક સંસ્થાઓમાં ભોળાભાવે શ્રદ્ધાળુઓ દ્વારા અપાતું દાન જીવદયા, શિક્ષણ, ધર્મસેવા અને માનવકલ્યાણ માટે હોય છે. પરંતુ આ વિવાદની સાથે જ સંસ્થાઓના ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ અને મીડિયા કોર્ડિનેટર અભય ચોપરા જેવા સહયોગીઓની ભૂમિકા પણ શંકાના ઘેરામાં આવી ગઈ છે. દાનની રકમનો કોઈ અંગત દુરુપયોગ થયો છે કે નહીં, આર્થિક વ્યવહારોમાં કોઈ અનિયમિતતા છે કે કેમ અને ટ્રસ્ટોના હિસાબો પારદર્શક છે કે નહીં, તેની ઊંડાણપૂર્વક તપાસ માટે સ્વતંત્ર ઓડિટ ઓથોરિટી અથવા કેગ (CAG) દ્વારા તપાસ થવી સમયની માંગ છે.

પ્રવચનોનો બહિષ્કાર અને જૈન સમાજનો સળગતો અસંતોષ:

મધ્યપ્રદેશના મસૌર વિસ્તારમાં સાગરચંદ્ર સાગરના પ્રવચનો ચાલી રહ્યા હોવાના અહેવાલો સામે આવતા જ જૈન ધર્મપ્રેમીઓમાં તીવ્ર પ્રત્યાઘાતો પડ્યા છે. જૈન સમાજના જાગૃત વર્ગો દ્વારા આવા પ્રવચનો અને કાર્યક્રમોનો ખુલ્લેઆમ બહિષ્કાર કરવાની અપીલો થઈ રહી છે. પ્રવચનોમાં હાજરીમાં ભારે ઘટાડો થયો હોવાના અહેવાલો દર્શાવે છે કે સમાજનો સ્પષ્ટ સૂર છે કે જ્યાં સુધી ગંભીર આક્ષેપો પરથી પડદો ન ઉઠે અને સ્પષ્ટતા ન થાય, ત્યાં સુધી ધાર્મિક મંચોનો દુરુપયોગ કોઈપણ ભોગે અટકાવવો જ પડશે.

જૈન સમાજની સ્પષ્ટ અને કડક માગણીઓ:

૧. સાગરચંદ્ર સાગર સામે લાગેલા તમામ અનૈતિકતા અને ગેરરીતિના આક્ષેપોની સમયબદ્ધ અને નિષ્પક્ષ ન્યાયિક તપાસ કરવામાં આવે.

૨. વાયરલ થયેલી ચેટ્સ, તસવીરો અને કોલ રેકોર્ડિંગ્સની નિષ્ણાતો દ્વારા ફોરેન્સિક તપાસ કરાઈને સત્ય લોકપ્રકાશમાં લાવવામાં આવે.

૩. આ સમગ્ર પ્રકરણમાં સંકળાયેલી સંબંધિત મહિલાઓની ગરિમા, સુરક્ષા અને ગોપનીયતાનું સંપૂર્ણ રક્ષણ થાય.

૪. ધાર્મિક સંસ્થાઓના કરોડોના દાન અને નાણાકીય વ્યવહારોનું સ્વતંત્ર અને પારદર્શક ઓડિટ થાય.

૫. ટ્રસ્ટીઓ, સંચાલકો તેમજ અભય ચોપરા સહિતના તમામ પદાધિકારીઓની ભૂમિકાની સઘન તપાસ થાય.

૬. જો તપાસમાં કોઈ પણ પ્રકારનો ગુનો કે ગેરરીતિ સાબિત થાય, તો ધાર્મિક હોદ્દા કે વેશને ધ્યાનમાં લીધા વિના કાયદા અનુસાર કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે.

પાક્કો ગુજરાત ન્યૂઝનો સિંહગર્જના સમાન સીધો સવાલ:

ભગવાન મહાવીરના શાસનમાં પવિત્રતા જાળવવાની પ્રાથમિક જવાબદારી માત્ર સાધુઓની જ નથી, પરંતુ ટ્રસ્ટીઓ, સંચાલકો અને સમગ્ર જૈન સમાજની છે. જો આક્ષેપો ખોટા હોય તો તે મજબૂત પુરાવાઓ સાથે જનસમક્ષ સાબિત થવું જોઈએ, અને જો ગેરરીતિ કે અપરાધ સાબિત થાય તો કોઈપણ ધાર્મિક ઓઢ કે વેશ હેઠળ આરોપીને બચાવી શકાય નહીં. સત્ય અને ન્યાય જ હવે અંતિમ માર્ગ છે – ત્યારે જૈન સમાજ, સંબંધિત ટ્રસ્ટો અને જવાબદાર સંસ્થાઓ આ વિવાદના કાળા વાદળો હટાવીને ક્યારે સાચું સત્ય બહાર લાવશે?

1.03 લાખ ઘરોને ગટર કનેક્શન; 78 તળાવનો જીર્ણોદ્ધાર

શહેરોમાં પાણી-ગટરની સુવિધા વધારવા ₹4,832 કરોડ ખર્ચાયા: 497 કામ પૂરાં, 2.72 લાખ ઘરોમાં નવાં નળ જોડાણ

ગાંધીનગર

ગુજરાતનાં શહેરોમાં પાણી પુરવઠો, ભૂગર્ભ ગટર અને નાગરિક સુવિધાઓના વિકાસ માટે ચાલી રહેલા AMRUT 2.0 મિશન હેઠળ અત્યાર સુધીમાં 4,832 કરોડનાં 497 કામ પૂર્ણ થયાં છે. આ કામગીરીના પરિણામે રાજ્યનાં શહેરી વિસ્તારોમાં 2.72 લાખથી વધુ ઘરોને નવાં નળ જોડાણ મળ્યાં છે, જ્યારે 1.03 લાખથી વધુ ઘરોને ગટર જોડાણની સુવિધા મળી છે. પાણી અને ગટર ઉપરાંત શહેરોનાં તળાવો અને બાગ-બગીચાઓના વિકાસ પર પણ ખર્ચ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 1 ઓક્ટોબર, 2021ના રોજ AMRUT 2.0 મિશનની શરૂઆત કરી હતી. શહેરોમાં દરેક ઘર સુધી પીવાનું પાણી પહોંચાડવું, ગટર વ્યવસ્થા મજબૂત કરવી અને જળાશયોનું સંરક્ષણ કરવું આ મિશનના મુખ્ય ઉદ્દેશ છે. જેને લઈને ગુજરાતનાં શહેરોમાં આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારોમાં પાણી પુરવઠાની વ્યવસ્થા સુધારવા માટે 2,937 કરોડનાં 224 કામ પૂર્ણ કરવામાં આવ્યાં છે. જેમાં 539 MLD પાણી શુદ્ધિકરણ ક્ષમતા ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત 1,366 લાખ લિટર પાણી સંગ્રહ ક્ષમતા વિકસાવાઈ છે અને 2,128 કિમી લાંબી પાણી વિતરણ પાઇપલાઇનનું નેટવર્ક તૈયાર કરવામાં આવ્યું છે. આ કામગીરીને પગલે 2.72 લાખથી વધુ નવાં ઘરેલુ નળ જોડાણો આપવામાં આવ્યાં છે. સરકારી આંકડા મુજબ આ સુવિધાનો અંદાજે 23.87 લાખ નાગરિકોને લાભ મળ્યો છે.

ભૂગર્ભ ગટર વ્યવસ્થાને મજબૂત બનાવવા 31 અમૃત શહેરોમાં 1,500 કરોડનાં 77 કામ પૂર્ણ થયાં છે. આ પ્રોજેક્ટથી ગંદા પાણીના શુદ્ધિકરણની ક્ષમતામાં 162 MLDનો વધારો થયો છે. સાથે જ 931 કિમીનું ગટર નેટવર્ક તૈયાર કરવામાં આવ્યું છે અને 1.03 લાખથી વધુ નવાં ઘરેલુ ગટર જોડાણો આપવામાં આવ્યાં છે. આ કામગીરીથી અંદાજે 31.76 લાખ નાગરિકોને લાભ થયો છે. જ્યારે બાગ-બગીચાઓના વિકાસ માટે 94 કરોડનાં 99 કામ પૂર્ણ કરવામાં આવ્યાં છે. તેના પરિણામે 87 બાગ-બગીચાઓનું નિર્માણ અને વિકાસ થયો છે. આ કામગીરીથી શહેરોમાં નાગરિકો માટે હરવા-ફરવા અને સમય પસાર કરવા માટે જાહેર સ્થળોની સુવિધા વધારવાનો પ્રયાસ કરાયો છે.

માણસા ભાજપ તા. પ્રમુખના બંધ ઘરમાંથી રોકડ ચોરાઈ!!!

અનોડિયા ગામે તાળું તોડી ઘરમાં ઘૂસ્યા તસ્કરો; રમેશસિંહ રાઠોડે પોલીસમાં ફરિયાદ નોંધાવી

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકા ભાજપ પ્રમુખ રમેશસિંહ સરતાનસિંહ રાઠોડના અનોડિયા ગામના ઘરમાંથી રૂ. 6.60 લાખની રોકડ ચોરાઈ છે. આ ઘટના 4 નવેમ્બર 2026ના રોજ બની હતી. રાઠોડે માણસા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

રાઠોડ ખેતીની સાથે વકીલાત પણ કરે છે. તેઓ સવારે આશરે 10 વાગ્યે માણસા કોર્ટ ગયા હતા. તેમના પત્ની ઈન્દુબા પરિવારના સભ્યો સાથે ખરીદી માટે વિજાપુર ગયા હતા.

બપોરે આશરે 4 વાગ્યે ઘરે પરત ફરતાં મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું જોવા મળ્યું. તસ્કરોએ તાળું તોડવા માટે સાણસીનો ઉપયોગ કર્યો હતો.

ઘરમાં તપાસ કરતાં બેડરૂમની તિજોરીનું લોક પણ તૂટેલું હતું. સામાન અને કપડાં વેરવિખેર પડ્યાં હતાં.

તિજોરીમાંથી આશરે રૂ. 6.60 લાખની રોકડ ચોરાઈ હતી. લેપટોપ અને અન્ય વસ્તુઓ ઘરમાં જ મળી આવી હતી. ફરિયાદના આધારે માણસા પોલીસે અજાણ્યા તસ્કરો સામે તપાસ શરૂ કરી છે. ઘટનાની જાણ થતાં ભાજપના આગેવાનો અને પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી સહિતના લોકો રાઠોડના ઘરે પહોંચ્યા હતા.

રિયલ એસ્ટેટ રોકાણના નામે કરોડોની છેતરપિંડી

ગાંધીનગરના અશ્વમેધ બિલ્ડર - નિવૃત મામલતદારના પુત્રોનું કારસ્તાન

ગાંધીનગર

ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાં આવેલા વિવાદાસ્પદ 'સેન્ડલવુડ' રેસિડેન્શિયલ ફ્લેટ પ્રોજેક્ટમાં રોકાણ કરવા અશ્વમેધ ઈન્ફ્રાકોન કંપનીમાં 20% ભાગીદારી અપાવવાના બહાને અમદાવાદના બિલ્ડર સાથે કરોડોની ઠગાઈ આચરવામાં આવી છે. આ મામલે ઈન્ફોસિટી પોલીસે શહેરના અશ્વમેધ બિલ્ડર બાબુભાઈ પટેલના બે પુત્રો અને એસીબીના ઈતિહાસમાં અપ્રમાણસર બેનામી સંપત્તિ કેસમાં ઝડપાયેલા નિવૃત મામલતદાર વિરમ દેસાઈના બે પુત્રો સહિત પાંચ શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કરતા રિયલ એસ્ટેટ સેક્ટરમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

અમદાવાદ બોડકદેવમાં રહેતા NB ગ્રુપ બિલ્ડર નિશીથ બાબુલાલ શાહે નોંધાવેલી ફરિયાદ મુજબ, વર્ષ 2023 દરમિયાન અશ્વમેધ બિલ્ડર બાબુભાઈ પટેલના બે પુત્રો શૈલેષ અને પરેશ તેઓને મળ્યા હતા. બંને ભાઈઓએ 'અશ્વમેધ ઈન્ફ્રાકોન' નામથી કન્સ્ટ્રક્શન વ્યવસાય ચલાવતા હોવાનું જણાવી રાંદેસણ ખાતે ધોળેશ્વર મહાદેવ તરફ ટી.પી. નં. 55, એફ.પી. નં. 116 પર Sandalwood સ્કીમ બનાવી રહ્યા હોવાની વાત કરી હતી.

આ પ્રોજેક્ટ અશ્વમેધ ઈન્ફ્રાકોન અને VLEE Infrastructure LLP (બ્રિજ ગ્રુપ) વચ્ચે 50-50% ની ભાગીદારીમાં બનતો હોવાનું તથા તેમાં રિતેશ રસિકભાઈ પટેલ 8 ટકાનો હિસ્સેદાર હોવાનું કહી નિશીથભાઈને 20% ભાગીદારીમાં રોકાણ કરવા લલચાવ્યા હતા. આથી નિશીથભાઈએ RERA અને ROF વેબસાઈટ પર તપાસ કરી હતી. જે પોર્ટલ પર ભાગીદારોના નામ યથાવત જણાતા અને ચારેય ઠગબાઝોએ વ્યક્તિગત ભરોસો આપતા નિશીથભાઈએ બેંક ટ્રાન્જેક્શન દ્વારા 3 કરોડ રૂપિયા અને બાકીની રકમ રોકડ સ્વરૂપે અશ્વમેધ ઈન્ફ્રાકોનમાં રોકાણ કરી હતી. જે અન્વયે તારીખ 6 ઓક્ટોબર 2023ના રોજ નોટરી એડવોકેટ સમક્ષ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ પણ કરવામાં આવ્યો હતો. જેમાં VLEE Infrastructure LLP વતી અર્પણ વિરમભાઈ દેસાઈએ સહી કરી હતી. બાદમાં જ્યારે કાયદેસરની પ્રક્રિયા મુજબ RERA, ઈન્કમટેક્સ અને ROF માં ભાગીદારી ફેરફાર અંગે જાણ કરવા કહેવામાં આવ્યું તો બધા ગલ્લાંતલ્લાં કરવા લાગ્યા હતા.

PTC પ્રવેશમાં ડોનેશનના નામે લાખોની ઉઘરાણીનો આક્ષેપ!!!

₹20 હજારની ફી સામે ₹5 લાખ સુધીની માગણી, યુવરાજસિંહ જાડેજાનો ગંભીર આરોપ

ગાંધીનગર

ગુજરાતમાં PTC (D.El.Ed.) અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ પાસેથી ડોનેશનના નામે લાખો રૂપિયાની ગેરકાયદે વસૂલાત થતી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ આક્ષેપ કર્યો છે કે સરકારી રીતે નક્કી થયેલી અંદાજે 20 હજારની ફી સામે કેટલીક ખાનગી PTC કોલેજો વિદ્યાર્થીઓ પાસે 1 લાખથી 5 લાખ સુધીની રકમ માગી રહી છે. મેરિટના આધારે પ્રવેશ આપવાના બદલે પૈસા લઈને બેઠકો વેચવામાં આવતી હોવાનો પણ તેમણે દાવો કર્યો છે. યુવરાજસિંહ જાડેજાના જણાવ્યા મુજબ, સુરત, મહેસાણા, મોરબી અને બોટાદ સહિતના વિસ્તારોની કેટલીક કોલેજો સામે વધારાની રકમ વસૂલવાની ફરિયાદો મળી છે. આ મામલે વોટ્સએપ ચેટ્સ, ઓડિયો રેકોર્ડિંગ્સ અને અન્ય દસ્તાવેજી પુરાવા શિક્ષણ વિભાગ તેમજ મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે. ઓલપાડની મહિલા PTC કોલેજ: 20 હજારની ફી સામે એક વિદ્યાર્થીની પાસે 4 લાખની માગણી થયાનો આક્ષેપ. સરસ્વતી મહિલા D.El.Ed. કોલેજ, રણેલા: મહેસાણાના બહુચરાજી તાલુકાના રણેલા ગામની આ કોલેજમાં વિદ્યાર્થીની પાસે 1.20 લાખની વધારાની રકમ માગ્યાની ફરિયાદ. રણછોડપુરા PTC કોલેજ, વિજાપુર: બે વર્ષના અભ્યાસ માટે 2.80 લાખ અને હોસ્ટેલ માટે વાર્ષિક 60 હજાર માગ્યાનો આક્ષેપ. ટી.એન. પટેલ PTC કોલેજ: પ્રવેશ માટે 4 લાખ ડોનેશન માગ્યાનો દાવો. ચરાડવા અને બોટાદની કોલેજો: વિદ્યાર્થીઓ પાસેથી વધારાની રકમ વસૂલવાની ફરિયાદો. સુરતની કોલેજો: એજન્ટો મારફતે 3.50 લાખમાં પ્રવેશની બેઠક નક્કી કરવા અંગેની સોદાબાજીના ઓડિયો સામે આવ્યા હોવાનો દાવો.

આ સમગ્ર મામલે યુવરાજસિંહ જાડેજાએ સરકાર સમક્ષ કેટલીક માગણીઓ મૂકી છે. PTC પ્રવેશ પ્રક્રિયા પારદર્શક બનાવવા સેન્ટ્રલાઈઝ્ડ કાઉન્સેલિંગ શરૂ કરવામાં આવે અને પ્રવેશ પ્રક્રિયા દરમિયાન સરકારી નિરીક્ષકોની હાજરી ફરજિયાત કરવામાં આવે તેવી માગ છે. આ ઉપરાંત ડોનેશન માગતી કોલેજોની માન્યતા રદ કરવામાં આવે.

અંબાજીમાં પ્રતિબંધિત રાઇડ્સ ફરી ધમધમતી થઈ:

મંજૂરીનું કવચ કે તંત્રના આંખ આડા કાન: મોટો અકસ્માત થશે તો જવાબદાર કોણ??

અંબાજી

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં માઈભક્તોની ભીડનો લાભ ઉઠાવીને મેળો અને મનોરંજનના નામે લોકોના જીવ સાથે ખુલ્લેઆમ ખેલ ખેલવામાં આવી રહ્યો છે. થોડા દિવસો પહેલાં જ સ્થાનિકો અને દર્શનાર્થીઓ તરફથી ફરિયાદો મળતા જે ચગડોળ અને જોખમી રાઈડ્સને તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે બંધ કરાવી દેવામાં આવી હતી, તે જ ચગડોળો કોઈ જ ભય વગર ફરીથી ધમધમવા લાગતા સમગ્ર વિસ્તારમાં ભારે સન્સનાટી



મચી ગઈ છે. જે રાઈડ્સ સામે કાનૂની અને સુરક્ષાના સવાલો ઉભા થયા હતા, તે રાઈડ્સ અચાનક રાતોરાત ફરી કેવી રીતે શરૂ થઈ ગઈ? શું તંત્રએ પરવાનગી આપી દીધી છે કે પછી વહીવટી તંત્રએ ભ્રષ્ટાચાર કે બેદરકારીના કારણે આંખ આડા કાન કરી લીધા છે? તે પ્રશ્ન હાલ પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. ગુજરાતમાં અગાઉ બનેલી અનેક દર્દનાક દુર્ઘટનાઓ પછી પણ તંત્ર અને રાઈડ સંચાલકો કોઈ પાઠ શીખવા તૈયાર નથી. અંબાજીમાં ફરી શરૂ થયેલા આ ચગડોળ અને રાઈડ્સ પાસે જરૂરી સરકારી મંજૂરીઓ છે કે નહીં તે સૌથી મોટો પ્રશ્ન છે. કોઈપણ મેળો કે રાઈડ્સ શરૂ કરતા પહેલાં ફાયર સેફ્ટીનું એનઓસી, સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી સર્ટિફિકેટ (રાઈડ્સનું ફિટનેસ એન્જિનિયરિંગ સર્ટિફિકેટ), રાઈડ્સમાં બેસનારા લોકો માટેનો વીમો તેમજ મેજિસ્ટ્રેટની આખરી પરવાનગી મેળવવી કાયદાકીય રીતે અનિવાર્ય હોય છે. પરંતુ અંબાજીમાં બધું જ કાગળ પર ચાલતું હોય કે પછી કોઈના આશીર્વાદથી બેરોકટોક ચાલતું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. શું આ રાઈડ્સ પાસે મજબૂત સ્ટ્રક્ચરલ સર્ટિફિકેટ છે? જો રાઈડ્સમાં કોઈ યાંત્રિક ખામી સર્જાય તો ફાયર કે ઈમરજન્સી સેફ્ટીની શું વ્યવસ્થા છે? આ તમામ સવાલો હાલ હવામાં અધ્ધર લટકી રહ્યા છે. ભૂતકાળમાં રાજકોટ ગેમઝોન અકસ્માત કે વડોદરા હરણી તળાવ જેવી હોનારતોમાં ગુજરાતે અનેક નિર્દોષ લોકોના જીવ ગુમાવ્યા છે. તે તમામ ઘટનાઓમાં પ્રાથમિક તપાસમાં એ જ બહાર આવ્યું હતું કે મંજૂરીઓ વગર કે બોગસ મંજૂરીઓ સાથે સેટઅપ ચાલતા હતા. હવે અંબાજી જેવા શ્રદ્ધાના કેન્દ્ર પર જ્યાં દરરોજ હજારો શ્રદ્ધાળુઓ પોતાના બાળકો સાથે આવે છે, ત્યાં જો અનધિકૃત રાઈડ્સના કારણે કોઈ મોટી હોનારત સર્જાશે તો તેનો ભોગ બનેલા નિર્દોષ નાગરિકોની જવાબદારી કોણ લેશે?

26 ગ્રામ MD ડ્રગ્સ સાથે એક શખ્સ ઝડપાયો

કચ્છના અંજારમાં નશાના વેપાર પર SOGનો સપાટો

ગાંધીધામ

કચ્છ જિલ્લાના અંજાર વિસ્તારમાંથી યુવાધન બરબાદ કરતા નશાના કારોબાર સામે ગાંધીધામ એસઓજી (SOG) પોલીસ દ્વારા એક અત્યંત ઘાતક અને મોટી કાર્યવાહી કરવામાં આવી છે. અંજારમાં ડ્રગ્સનું નેટવર્ક ચલાવતા એક શખ્સને પ્રતિબંધિત એમડી (MD) ડ્રગ્સ એટલે કે મેફેડ્રોનના જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો છે, જેનાથી ડ્રગ્સ માફિયાઓમાં ભારે હડકંપ મચી ગયો છે. મળતી વિગતો અનુસાર, ગાંધીધામ એસઓજી પોલીસ સ્ટેશનની ટીમ અંજાર વિસ્તારમાં પેટ્રોલીંગ અને બાતમી મેળવવાની કામગીરીમાં હતી. આ દરમિયાન મળેલી ચોક્કસ અને પાકી બાતમીના આધારે પોલીસે અંજારમાં દરોડો પાડીને એક શખ્સને સકંજામાં લીધો હતો. પોલીસની આ અચાનક અને આક્રમક કાર્યવાહીથી આરોપીને સંભાળવાનો પણ મોકો મળ્યો નહોતો.

ઝડપાયેલા શખ્સની અંગઝડતી અને તેની વાહનની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસ દ્વારા આરોપી પાસેથી આશરે ૨૬ ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સ નો જથ્થો કબ્જે કરવામાં આવ્યો છે, જેની બજારમાં મોટી કિંમત આંકવામાં આવી રહી છે. પોલીસે ડ્રગ્સના આ કાળા કારોબારમાં ઉપયોગમાં લેવાતા અનેક પુરાવાઓ જપ્ત કર્યા છે. જેમાં મુખ્યત્વે: ૨૬ ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સ, નંબર પ્લેટ વગરની શંકાસ્પદ બ્લૂ કલરની બલેનો કાર. મોબાઈલ ફોન અને રોકડ રકમ આ તમામ સાધનો અને પ્રતિબંધિત નશાકારક પદાર્થ મળીને પોલીસે કુલ રૂ. ૫,૮૮,૦૦૦/- (5.88 લાખ) નો માતબર મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ખેડાના મહેમદાવાદમાં સત્તાનો નશો કે દારૂનો ખેલ?

ભાજપમાંથી સસ્પેન્ડ થયેલા પૂર્વ કાઉન્સિલર દર્શન ઉર્ફે ફિફા પટેલ વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપાતા રાજકારણમાં ભૂકંપ!

મહેમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના કડક દાવાઓ વચ્ચે સત્તાના ઓથા હેઠળ ચાલતા ગેરકાયદે કારોબારોનો વધુ એકવાર પર્દાફાશ થયો છે. ખેડા જિલ્લાના મહેમદાવાદમાંથી રિયલ એસ્ટેટ અને રાજકીય વર્તુળોને હચમચાવી નાખતી એક અત્યંત સનસનાટીભર્યા ઘટના સામે આવી છે. મહેમદાવાદમાં ભાજપમાંથી સસ્પેન્ડ કરવામાં આવેલા પૂર્વ કાઉન્સિલર દર્શન ઉર્ફે ફિફા પટેલને વિદેશી દારૂના મસમોટા જથ્થા સાથે પોલીસે રંગે હાથે ઝડપી પાડ્યા છે. જનતાના સેવક હોવાનો દાવો કરતા નેતાઓ જ જ્યારે કાયદો હાથમાં લઈને દારૂના ધંધામાં સંડોવાયેલા પકડાય ત્યારે સામાન્ય જનતાનો રોષ ભભૂકી ઉઠવો સ્વાભાવિક છે.



આ ભયંકર પ્રકરણની વિગતવાર વાત કરીએ તો, મહેમદાવાદ વિસ્તારમાં વિદેશી દારૂનો મોટો જથ્થો સપ્લાય થવાનો હોવાની બાતમી પોલીસ તંત્રને મળી હતી. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે મુંબઈથી ખાસ બેગમાં વિદેશી દારૂ ભરીને એક શખ્સ ડિલિવરી આપવા માટે મહેમદાવાદ આવ્યો હતો. આ શખ્સ પાસેથી દારૂનો આ કાળો જથ્થો સ્વીકારવા માટે ભાજપના પૂર્વ કાઉન્સિલર દર્શન ઉર્ફે ફિફા પટેલ પોતાના અન્ય સાગરિતો સાથે હાજર રહ્યા હતા.

પોલીસે બાતમીના આધારે ત્વરિત રેઈડ કરીને મુંબઈથી દારૂ લઈને આવેલા પેડલર તેમજ ભાજપના પૂર્વ કાઉન્સિલર સહિત ચારેય આરોપીઓને ઘટનાસ્થળેથી દબોચી લીધા હતા. પોલીસની આ અચાનક અને ધાતક કાર્યવાહીથી પકડાયેલા શખ્સોના હોશ ગયા હતા. પોલીસે આરોપીઓ પાસેથી વિદેશી દારૂની બોટલો ભરેલી બેગ્સ, મોબાઈલ ફોન અને ગુનામાં ઉપયોગમાં લેવાયેલા વાહનો સહિતનો લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી લીધો છે.

મુલદ બ્રિજ નજીક લક્ઝરી બસે કારને પાછળથી મારી ટક્કર, ત્રણ મુસાફરોનો આબાદ બચાવ

ઝઘડિયા

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં મુલદ બ્રિજ નજીક હાઈવે પર લક્ઝરી બસે આગળ જઈ રહેલી ફોર વ્હીલર કારને પાછળથી જોરદાર ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે કારના પાછળના બમ્પર અને દરવાજાને ભારે નુકસાન થયું હતું. જોકે, કારમાં સવાર ત્રણેય મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ, અમદાવાદના બોપલમાં રહેતા ભવરસિંઘ જોગસિંહ રાજપૂત 2 નવેમ્બરે મિત્રો વિનોદસિંઘ રાજપૂત અને રાજુ કુશવાહ સાથે ધરમપુર ફરવા ગયા હતા. પરત ફરતી વખતે સોમવારે રાત્રે આશરે 9:30 વાગ્યે તેઓ મુલદ બ્રિજ પાસેથી ટોલ પ્લાઝા તરફ કાર લઈને પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી પૂરઝડપે આવેલી લક્ઝરી બસના ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી કારને ટક્કર મારી હતી.

અકસ્માતમાં કારના પાછળના ભાગનો કચ્ચરઘાણ વળી ગયો હતો. એરબેગ ખૂલી જતાં અને સીટબેલ્ટ બાંધેલા હોવાથી કારમાં સવાર ત્રણેય લોકોને ઈજા થઈ નહોતી. અકસ્માત સર્જ્યા બાદ બસચાલક પોતાનું વાહન સ્થળ પર મૂકીને ફરાર થઈ ગયો હતો.

દાંતામાં ખુલ્લેઆમ ઈંગ્લીશ દારૂનું વેચાણ, એક્ટિવામાંથી બિયર આપતો વીડિયો વાયરલ

દાંતામાં વાઈટ અને બ્લ્યુ એક્ટિવા બની ચાલતી ફરતી વિદેશી દારૂનો અડ્ડો

દાંતા

દારૂબંધી ધરાવતા ગુજરાતમાં દાંતામાં કાયદાનો ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે. એક્ટિવામાંથી બિયરની બોટલ આપતો વીડિયો વાયરલ થતા સમગ્ર તાલુકામાં ખળભળાટ મચી ગયો છે. વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે કઈ રીતે જાહેરમાં, બિન્દાસ્ત રીતે ઈંગ્લીશ દારૂનું વેચાણ થઈ રહ્યું છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે આ કોઈ નવી વાત નથી. હોટલ આવકારની પાછળ, બગીચા વિસ્તારમાં તેમજ દેના બેંકની સામેના ભાગમાં એવા અલગ અલગ જગ્યાઓ બદલી છેલ્લા કેટલાય વર્ષોથી ઈંગ્લીશ દારૂ વેચાઈ રહ્યો છે. અનેકવાર આવા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે, તેમ છતાં પોલીસ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી.હાલ દિવાળીનો માહોલ છે.



બજારમાં હજારો લોકોની અવરજવર છે. બાળકો, મહિલાઓ, વડીલો બજારમાં ખરીદી માટે નીકળે છે, ત્યારે તે જ બજારમાં ખુલ્લેઆમ દારૂ વેચાવો તે કેટલું યોગ્ય છે? તેવો સવાલ લોકો પૂછી રહ્યા છે.વેપારીઓમાં પણ ભારે રોષ છે. વેપારીઓનું કહેવું છે કે દારૂ પીને બજારમાં આવતા લોકો અવારનવાર હેરાન-પરેશાન કરે છે. ગાળાગાળી, ઝઘડા અને દાદાગીરી સામાન્ય બની ગઈ છે. તેમ છતાં સ્થાનિક પોલીસ બજારમાં દેખાતી નથી. લોકોના મનમાં હવે એક જ સવાલ છે - જ્યારે વીડિયો પુરાવા સાથે સામે છે, ત્યારે પોલીસ કાર્યવાહી કેમ નથી કરતી? જો પોલીસ ઈચ્છે તો એક જ દિવસમાં આ દારૂનો અડ્ડો બંધ થઈ શકે છે. પરંતુ વર્ષોથી આ અડ્ડા ચાલુ રહેવા પાછળ કોનો હાથ છે? તેની તપાસ થવી જોઈએ.

દાંતાની જનતા હવે ઉચ્ચ અધિકારીઓ પાસે માંગ કરી રહી છે કે વાયરલ વીડિયોની તપાસ કરીને તાત્કાલિક કડક કાર્યવાહી કરવામાં આવે અને દાંતા બજારને દારૂમુક્ત બનાવવામાં આવે.

SMCની ટીમે ગણદેવીના ભાઠલામાં વાડીમાં ચાલતા દારૂના નેટવર્ક પર ત્રાટકી આચર્યો મોટો ધડાકો!!

ડીજીપી જી.એસ. મલિકના સખત આદેશ બાદ સ્ટેટ મોનિટરિંગ સેલની મોટી કાર્યવાહી

ગાંધીનગર

ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર રીતે ચાલતી દારૂ અને જુગારની અસામાજિક પ્રવૃત્તિઓનું નેટવર્ક ઉખાડી ફેંકવા માટે ગુજરાત પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી (DGP) શ્રી જી.એસ. મલિક દ્વારા આપવામાં આવેલા કડક આદેશો બાદ સમગ્ર રાજ્યમાં બુટલેગરો અને અસામાજિક તત્વો પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમોએ કાળ બનીને ત્રાટકવાનું શરૂ કર્યું છે. આ કડક ઝુંબેશ અંતર્ગત SMC ની ટીમે નવસારી જિલ્લાના બિલિમોરા પોલીસ સ્ટેશનની હદમાં આવતા ગણદેવી તાલુકામાં એક ચોક્કસ બાતમીના આધારે સપાટો બોલાવી દારૂના મસમોટા કારોબારનો ભાંડો ફોડ્યો છે. આ સનસનાટીભર્યા દરોડાની વિગતો મુજબ, સ્ટેટ મોનિટરિંગ સેલના પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) શ્રી એસ.વી. ગળચર અને તેમની ટીમને એક ચોક્કસ અને સચોટ બાતમી મળી હતી કે ગણદેવી તાલુકાના ભાઠલા ગામના હવાડા ફળિયામાં આવેલી જયમીન ઉર્ફે જયુ અરવિંદભાઈ પટેલની કબજા વાળી વાડીમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ઉતારવામાં આવ્યો છે અને ત્યાંથી તેનું ગેરકાયદેસર વેચાણ તથા સપ્લાય થઈ રહ્યું છે. બાતમી મળતા જ SMC ની ટીમે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર સંબંધિત વાડી પર દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન પોલીસ ટીમે વાડીમાં તપાસ કરતા આંખો પહળા થઈ જાય તેટલો ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી દારૂ તથા બીયરની કુલ 74 પેટીઓ (આશરે 2560 નંગ બોટલો, જેની બજાર કિંમત રૂ. 10,91,535/- થાય છે) કબ્જે કરી હતી. SMC ની ટીમે માત્ર દારૂનો જથ્થો જ નહીં, પરંતુ ગુનામાં ઉપયોગમાં લેવાયેલા વાહનો, કિંમતી સાધનો અને રોકડ રકમ સહિત કુલ રૂ. 35,12,725/- ની માતબર કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. દરોડા દરમિયાન પોલીસે સ્થાનિક સ્તરે દારૂનું નેટવર્ક ચલાવતા અને માલ સાચવતા શખ્સોની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સૂત્રધારો અને દારૂનો જથ્થો પહોંચાડનારા અન્ય બુટલેગરોને ઝડપી પાડવા માટે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. જિલ્લાની સ્થાનિક બિલિમોરા પોલીસના નાકની નીચે જ ગણદેવીના ભાઠલા ગામમાં વાડીની આડમાં આટલો મોટો દારૂનો કાળો કારોબાર ધમધમી રહ્યો હતો અને ગાંધીનગરની SMC ટીમે આવીને રેઈડ પાડવી પડી, જેને લઈને સ્થાનિક પોલીસ તંત્રની કામગીરી અને નિષ્ક્રિયતા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. SMC ની આ ધાતક કાર્યવાહીથી નવસારી અને દક્ષિણ ગુજરાતના બુટલેગરોમાં ફફડાટ અને સન્નાટો વ્યાપી ગયો છે.

ભ્રષ્ટાચારની ધોળે દિવસે પોલ ખુલી!

ડભોઇના ફરતીકુઇ-પૂડાનો નવો માર્ગ બન્યો 'કાતિલ': લાખોના ખર્ચે બનેલો રોડ મહિનામાં જ ઉખડી ગયો

ડભોઇ

વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકામાં વિકાસના દાવાઓની કેવી ધોરે દિવસે મજાક ઉડાવવામાં આવે છે તેનું જીવંત ઉદાહરણ સામે આવ્યું છે. ડભોઈના ફરતીકુઈથી પૂડા તરફ જતા મુખ્ય નવનિર્મિત માર્ગનું લોકાર્પણ કે ડામરકામ પૂરું થયાને માંડ થોડા દિવસો જ વીત્યા છે, ત્યાં તો આ રોડ એટલો બધો બિસ્માર અને ખખડધજ બની ગયો છે કે જોઈને કોઈને પણ શરમ આવી જાય. લાખો રૂપિયાની જનતાની પરસેવાની કમાણી પાણીની જેમ વહાવીને બનેલા આ માર્ગ પરથી ડામર ગાયબ થઈ ગયો છે અને ઠેર-ઠેર હજારો કાંકરીઓ અને કપચી ઉખડીને બહાર આવી ગઈ છે. રસ્તાની આ અત્યંત દયનીય હાલત



જોઈને સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકોમાં તંત્ર સામે ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. આ ભ્રષ્ટાચારની કહાની ખોલતા સ્થાનિક ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે કે જ્યારે આ માર્ગનું ડામરકામ ચાલી રહ્યું હતું, ત્યારે માર્ગ અને મકાન વિભાગના જવાબદાર એક પણ અધિકારીએ સાઈટ પર ડોકિયું કરવાની પણ તસ્દી સુદ્ધાં લીધી નહોતી. અધિકારીઓની સુપરવિઝન વગર ચાલતી આ કામગીરીમાં કોન્ટ્રાક્ટરે પોતાની બેફામ મનમાની ચલાવી હતી. રોડ બનાવવામાં માપદંડોને નેવે મૂકીને તદ્દન હલકી કક્ષાનું મટિરિયલ અને ડામર વાપરવામાં આવ્યો હોવાના ગંભીર આરોપો લગાવાઈ રહ્યા છે. પરિણામ એ આવ્યું કે, પહેલી જ વરસાદી કે વાહનોની અવરજવરની મોસમમાં નવોકોરો બનેલો આ રસ્તો ચક્ચૂર થઈ ગયો અને તેના પથરા રસ્તા પર વિખેરાઈ ગયા છે. કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની આ ખુલ્લી મિલીભગત અને ભ્રષ્ટાચારના પાપે આજે સામાન્ય જનતા અને રોજબરોજ અવરજવર કરતા દ્વિચક્રીય (બાઈક-સ્કૂટર) તેમજ ફોર વ્હીલર વાહનચાલકો હાલાકીના ભીંસમાં મુકાયા છે. રસ્તા પર ફેલાયેલી અસંખ્ય કપચી અને કાંકરીઓના કારણે વાહનોના ટાયર સ્લિપ થવાની ઘટનાઓ દિનપ્રતિદિન વધી રહી છે, જેના કારણે કોઈપણ નિર્દોષ નાગરિક ગંભીર અકસ્માતનો ભોગ બની શકે તેમ છે. ગાડીઓના નીચેથી ઉડતી કપચીઓ રાહદારીઓને વાગી રહી છે અને લોકો જીવ મુઠ્ઠીમાં લઈને આ માર્ગ પરથી પસાર મજબૂર બન્યા છે. શું ભ્રષ્ટાચાર કરનારાઓ પર તંત્ર કડક કાર્યવાહી કરશે ખરી? હવે સ્થાનિક રહીશો અને નારાજ વાહનચાલકો તંત્ર સામે સીધા સવાલો ઉઠાવી રહ્યા છે કે, "શું આ ખુલ્લેઆમ આચરવામાં આવેલા ભ્રષ્ટાચાર સામે કોઈ ઉચ્ચસ્તરીય તપાસ થશે ખરી?

દિવાળીના તહેવારોને લઈ પંચમહાલ જિલ્લા તંત્ર એલર્ટ મોડ પર: 33 એમ્બ્યુલન્સ અને 26 જનરક્ષક PCR વાન તૈનાત

ગોધરા

દિવાળીના તહેવારો દરમિયાન નાગરિકોની સુરક્ષા અને આરોગ્યલક્ષી કટોકટીના સમયે તાત્કાલિક મદદ મળી રહે તે માટે પંચમહાલ જિલ્લા તંત્ર દ્વારા વિશેષ ઈમરજન્સી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ અંતર્ગત સમગ્ર જિલ્લામાં 33 જેટલી 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી છે, જેથી ફટાકડાથી દાઝવાના બનાવો, માર્ગ અકસ્માતો કે અન્ય તબીબી કટોકટીના સમયે લોકોને સમયસર સારવાર મળી રહે.દિવાળીના તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ નાગરિકોને જરૂરિયાતના સમયે તાત્કાલિક પોલીસ મદદ મળી રહે તે માટે 26 જેટલી 112 જનરક્ષક PCR વાન તૈનાત કરવામાં આવી છે. આ વાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ કરશે અને કોઈપણ ઈમરજન્સી સ્થિતિમાં ત્વરિત મદદ પૂરી પાડશે.આ સમગ્ર ઈમરજન્સી વ્યવસ્થાના સંચાલન માટે 196થી વધુ અનુભવી અને તાલીમબદ્ધ પેરામેડિકલ સ્ટાફ તથા પાયલોટની ટીમો તૈનાત કરવામાં આવી છે. આ તમામ કર્મચારીઓ દિવસ-રાત પોતાની સેવાઓ આપશે. દિવાળીના દિવસોમાં કોઈપણ અનિચ્છનીય બનાવ બને તો તાત્કાલિક કાર્યવાહી થઈ શકે તે માટે તમામ ટીમોને એલર્ટ મોડ પર રાખવામાં આવી છે.જિલ્લા તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે દિવાળીના તહેવારો દરમિયાન ફટાકડાથી દાઝવા, અકસ્માત કે અન્ય કોઈપણ ઈમરજન્સી સ્થિતિ સર્જાય તો ગભરાયા વગર તાત્કાલિક 108 અથવા 112 નંબર પર સંપર્ક કરવો. જિલ્લા તંત્ર દ્વારા લોકોને સમયસર મદદ મળી રહે તે માટે તમામ જરૂરી તૈયારીઓ કરવામાં આવી છે.


પોલીસ સ્ટેશન જ બન્યું રક્તરંજિત જંગનું મેદાન!

વડોદરાના વાડી પોલીસ સ્ટેશનમાં અસલી-નકલી કિન્નરો વચ્ચે ખૌફનાક ખૂની હુમલો

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાંથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના ધજાગરા ઉડાવતી એક અત્યંત ચોંકાવનારી અને સનસનાટીભરી ઘટના સામે આવી છે. વડોદરાના વાડી પોલીસ સ્ટેશન પરિસરમાં જ અસલી અને નકલી કિન્નરોના જૂથો વચ્ચે વિસ્તાર અને વર્ચસ્વની લડાઈમાં હિંસક અને ખૌફનાક ખૂની હુમલો આચરવામાં આવ્યો છે. રક્ષણ આપનારા પોલીસ મથકની અંદર જ કાયદાનો કોઈ પણ જાતનો ખોફ રાખ્યા વિના લોહીયાળ જંગ ખેલાતા સમગ્ર વડોદરા શહેરમાં ભારે સન્નાટો અને ચકચાર મચી જવા પામી છે.

આ ભયાનક ઘટનાની વિગતવાર વાત કરીએ તો, કિન્નર સમુદાય વચ્ચે અંદરોઅંદર ચાલતા વર્ચસ્વ અને વિસ્તારના વિવાદ અંગે રજૂઆત કરવા કે ફરિયાદ નોંધાવવા માટે કેટલાક કિન્નરો



વાડી પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. તે જ સમયે સામસામે આવી ગયેલી ઝોયા ખાનની ટોળકીના ૬ જેટલા તત્વોએ આવેશમાં આવીને પોલીસ સ્ટેશન પરિસરની અંદર જ હુમલો બોલાવી દીધો હતો. ઝોયા ખાનની ટોળકીના શખ્સોએ તીક્ષ્ણ ચપ્પુ વડે સામેના જૂથના કિન્નરો પર આડેધડ ઘા ઝીંકવાનું શરૂ કરી દીધું હતું. પોલીસની હાજરી અને સત્તાવાર પરિસર હોવા છતાં ખેલાયેલા આ લોહીયાળ ખેલમાં શિવાની કુંવર, અવની કુંવર અને અમીષા કુંવર નામના ૩ કિન્નરો ચપ્પુના ઘા વાગવાથી ગંભીર રીતે લોહીલુહાણ થઈ ઈજાગ્રસ્ત બન્યા હતા. પરિસ્થિતિ ત્યારે વધુ ગંભીર અને નાજુક બની જ્યારે સતત મળતી ધમકીઓ અને આ ટોળકીના અસહ્ય ત્રાસથી કંટાળીને એક યુવતીએ પોલીસ સ્ટેશનની અંદર જ ફિનાઈલ ગટગટાવી લીધું હતું. પોલીસ મથક જેવા સુરક્ષિત સ્થળે આ પ્રકારની ઘટના બનતા જ પોલીસ કર્મચારી દોડતા થઈ ગયા હતા. ઘટના બાદ તાત્કાલિક ધોરણે તમામ ઈજાગ્રસ્ત કિન્નરો શિવાની કુંવર, અવની કુંવર, અમીષા કુંવર તેમજ ફિનાઈલ પીકનાર યુવતીને કટોકટીની સ્થિતિમાં સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ (SSG) ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેઓની સારવાર ચાલી રહી છે.

ઘોઘંબામાં OBC માટે 96માંથી 6 બેઠકો અનામત: સમાજે 27 ટકા અનામત મુજબ બેઠકો ફાળવવા મામલતદાર અને ચૂંટણી અધિકારીને આવેદન આપ્યું

ગોધરા

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં ગ્રામ પંચાયતની અનામત બેઠકોની ફાળવણી સામે OBC સમાજે વાંધો ઉઠાવ્યો છે. સમાજે મામલતદાર અને ચૂંટણી અધિકારીને આવેદનપત્ર આપીને 27 ટકા અનામત મુજબ બેઠકો ફાળવવાની માંગ કરી છે.રાજ્ય ચૂંટણી આયોગે ગ્રામ પંચાયતની ચૂંટણી માટે 27/10/2026ના રોજ જાહેરનામું બહાર પાડ્યું હતું. તેમાં ઘોઘંબા તાલુકાની કુલ 96 બેઠકોમાંથી OBC એટલે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે 6 બેઠકો અનામત રાખવામાં આવી હોવાનું આવેદનમાં જણાવાયું છે.સમાજના આગેવાનોના જણાવ્યા મુજબ, તાલુકામાં OBC સમાજની વસ્તી અંદાજે 70 ટકા છે. તેમ છતાં બેઠકોની ફાળવણીમાં યોગ્ય પ્રતિનિધિત્વ મળ્યું નથી. આવેદનમાં એમ પણ કહેવાયું છે કે 2023માં રાજ્ય સ્તરે થયેલી ભલામણ મુજબ OBC સમાજ માટે 27 ટકા અનામતની જોગવાઈ છે.અમલ ન થતો હોવાનો આક્ષેપ કરાયો છે.

તેમાં આદિવાસી સમાજ માટે જ અનામત બેઠકો ફાળવાતી હોવાનો અને OBC સમાજને પૂરતું પ્રતિનિધિત્વ ન મળતું હોવાનો પણ ઉલ્લેખ છે.સમસ્ત OBC સમાજે સરકારી નિયમો અને રોટેશન પદ્ધતિ મુજબ અનામત બેઠકોની ફરી સમીક્ષા કરવાની માંગ કરી છે. સમાજે 27 ટકા અનામત મુજબ બેઠકો ફાળવવા પણ રજૂઆત હવે ચૂંટણી તંત્ર આ રજૂઆતને ધ્યાનમાં લઈને બેઠકોની ફાળવણીમાં ફેરફાર કરે છે કે નહીં, તે જોવાનું રહેશે.

તંત્રી લેખ...

ખેડૂતોની ભવ્ય ઉદારતા અને એકતાનો અદ્ભુત ચમત્કાર

ટંકારાના નવા સજનપરમાં કરોડોની જમીનનું દાન આપી ખેડૂતોએ 10 ફૂટના ગાડામાર્ગને બનાવ્યો 35 ફૂટનો વિશાળ રસ્તો!

સરકારી સહાયની રાહ જોયા વગર ગ્રામજનોએ જાતે જ ખર્ચી નાખ્યા લાખો રૂપિયા; 30 લાખના ખર્ચે રસ્તો અને યુવાનોએ ફંડ એકત્ર કરી બનાવી દીધો આધુનિક 'ખોડિયાર પાર્ક'; 45 વર્ષ જૂની ધૂન-કીર્તનની પરંપરાએ સાબિત કરી એકતાની તાકાત

ગુજરાતની ધરતી પર જ્યારે સ્વાર્થ અને ભૌતિકવાદની બોલબાલા હોય ત્યારે મોરબી જિલ્લાના ટંકારા તાલુકામાં આવેલું 'નવા સજનપર' ગામ સમગ્ર રાજ્ય માટે પ્રેરણાનું એક એવું દીવાદાંડી સમાન ઉદાહરણ પૂરું પાડ્યું છે, જેને જાણીને દરેક ગુજરાતીનું હૈયું ગર્વથી ફૂલી જશે. આજકાલ જ્યાં એક ફૂટ જમીન માટે લોહીના સંબંધો પણ જોખમાતા હોય છે, ત્યાં નવા સજનપર ગામના અન્નદાતા ખેડૂતોએ વિકાસના રસ્તે પોતાની કરોડો રૂપિયાની કિંમતી જમીન સ્વેચ્છાએ અને હસતા મુખે દેશ-દુનિયા માટે અર્પણ કરી દીધી છે. સરકારી સહાય કે ગ્રાન્ટની કાગળો પર થતી રાહ જોયા વગર ગ્રામજનોએ પોતાની એકતાની તાકાતથી ગામનું નકશો જ બદલી નાખ્યો છે.

કરોડોની કિંમતી જમીનનું દાન અને 30 લાખના ખર્ચે ભવ્ય રસ્તો:

ઘટનાની વિગતવાર વાત કરીએ તો, નવા સજનપર ગામનો



૧.૫ કિલોમીટર લાંબો ગાડામાર્ગ અગાઉ માત્ર ૧૦ ફૂટ જ સાંકડો હતો, જેના કારણે અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે ગામના આસપાસના આશરે ૧૫ જેટલા ઉદાર અને દૂરદ્રષ્ટિ ધરાવતા ખેડૂત પરિવારોએ આગળ આવીને પોતાની માલિકીની ૧૦ થી ૧૫ ફૂટ જેટલી કરોડો રૂપિયાની કિંમતી જમીન ગામના વિકાસ માટે ખુશી-ખુશી છોડી દીધી હતી.

જમીન ખુલ્લી થયા બાદ ગામના જાગૃત નાગરિકો અને ગ્રામજનોએ એકાએક હાથ મલાવ્યા અને કોઈપણ સરકારી મદદ વગર જાતે જ આશરે રૂ. ૩૦ લાખનું માતબર ફંડ એકત્ર કર્યું હતું. આ નાણાંમાંથી રસ્તા પર મેટલ પાથરીને તેને ૧૦ ફૂટથી સીધો વધારીને ૩૫ ફૂટ પહોળો આધુનિક અને વિશાળ રસ્તો બનાવી દીધો છે. ખેડૂતો અને ગ્રામજનોની આ અપ્રતિમ ઉદારતાએ સાબિત કરી દીધું છે કે જ્યારે ઈરાદો નેક હોય ત્યારે જનતા ખુદ પોતાનું ભાગ્ય બદલી શકે છે.

યુવાનોએ ખર્ચ્યા 10 લાખ, ગામમાં ઊભો થયો ભવ્ય 'ખોડિયાર પાર્ક':

માત્ર રસ્તો જ નહીં, પરંતુ ગામની નવી પેઢી પોતાના મૂળ અને વતન સાથે મજબૂતાઈથી જોડાયેલી રહે તે માટે ગામના ઉત્સાહી યુવાનોએ પણ એક મોટો સંકલ્પ લીધો હતો. યુવાનોએ પરસ્પર સહયોગથી રૂ. ૧૦ લાખનું ફંડ એકત્ર કરીને અંદાજે ૬૫૦૦ ચોરસ ફૂટ જેટલી વિશાળ જગ્યામાં અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ 'ખોડિયાર પાર્ક' તૈયાર કર્યો છે.

આ સુંદર બગીચામાં નાના બાળકો માટે આધુનિક હિંચકા અને લપસિયાં, ગ્રામજનો અને વડીલોના બેસવા માટે આરામદાયક માર્બલના બાંકડા તેમજ પર્યાવરણની રક્ષા માટે ૩૫ જેટલા ઘટાદાર અને હરિયાળા વૃક્ષો વાવવામાં આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં આ પ્રકારની સુવિધાઓ ઊભી થવી એ ખરેખર ક્રાંતિકારી પગલું છે.

45 વર્ષ જૂની ધૂન-કીર્તનની પરંપરા અને એકતાનું રહસ્ય:

આટલો મોટો સામાજિક અને માળખાકીય વિકાસ કેવી રીતે શક્ય બન્યો? તેનો જવાબ ગામની સંસ્કારી પરંપરામાં છુપાયેલો છે. ગામના મોટાભાગના પરિવારો આજીવિકા અર્થે શહેરોમાં સ્થળાંતર કરી ગયા છે, તેમ છતાં છેલ્લા ૪૫ વર્ષથી દર રવિવારે મંદિરે નિયમિત થતી ધૂન-કીર્તનની પવિત્ર પરંપરા એ તમામ ગ્રામજનોને આજીવન એક તાંતણે બાંધી રાખ્યા છે. આ આત્મિક જોડાણનું જ પરિણામ છે કે આજે આટલો મોટો લોકવિકાસ સાકાર થયો છે.

આ નવા બગીચા અને રસ્તાના લોકાર્પણ પ્રસંગે સમગ્ર ગામ માટે ભવ્ય સ્નેહમિલન અને સમૂહ ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સૌએ એક થઈને આ ઉત્સવ ઉજવ્યો હતો. પાક્કો ગુજરાત ન્યૂઝ નવા સજનપરના આ ખેડૂતો, યુવાનો અને ગ્રામજનોની આ દિવ્ય એકતા અને ઉદારતાને શત શત પ્રણામ કરે છે!

- ગ્રુપ એડિટર પવન માકન

શું AI ટેક ઇન્ડસ્ટ્રીમાં નોકરીઓનું ભવિષ્ય બદલી રહ્યું છે?

AI પર ફોકસ વધારવા માટે ટેક જાયન્ટ Google ની વર્કફોર્સ સ્ટ્રેટેજીમાં મોટો ફેરફાર! કેનેડા, ફ્રાન્સ, જર્મની, જાપાન અને સ્વિટ્ઝર્લેન્ડમાં Voluntary Exit Programme નો વિસ્તાર કરીને Alphabet ખર્ચ ઘટાડવા અને AI રોકાણ વધારવાની દિશામાં આગળ વધી રહ્યું છે

આજના આધુનિક યુગમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) માત્ર એક ટેકનોલોજી નથી રહી, પરંતુ સમગ્ર વૈશ્વિક ટેક ઇન્ડસ્ટ્રીનું ભવિષ્ય અને દિશા નક્કી કરતી શક્તિ બની ગઈ છે. વિશ્વની સૌથી મોટી અને અગ્રણી ટેક કંપનીઓમાં ગણાતી Alphabet (Google ની પેરેન્ટ કંપની) દ્વારા લેવામાં આવી રહેલા તાજેતરના નિર્ણયો સાબિત કરે છે કે ટેક ક્ષેત્રમાં કામ કરતી ગ્લોબલ કંપનીઓની વર્કફોર્સ સ્ટ્રેટેજીમાં હવે ક્રાંતિકારી અને મોટા ફેરફારો આવી રહ્યા છે.



Google નો 'Voluntary Exit Programme': 5 દેશોમાં વિસ્તાર

મળતી વિગતો અનુસાર, Alphabet પોતાના પરંપરાગત વ્યવસાયિક ખર્ચાઓમાં કાપ મૂકીને ભવિષ્યની મુખ્ય ટેકનોલોજી એવી AI માં રોકાણ વધારવા માટે અત્યંત આક્રમક વ્યૂહરચના અપનાવી રહ્યું છે. કંપનીએ પોતાના કર્મચારીઓ માટે લાવવામાં આવેલા 'Voluntary Exit Programme' (સ્વેચ્છિક નિવૃત્તિ અથવા રાજીનામા યોજના) નો વ્યાપ વિશ્વના ૫ પ્રમુખ દેશો–કેનેડા, ફ્રાન્સ, જર્મની, જાપાન અને સ્વિટ્ઝર્લેન્ડ સુધી વિસ્તારી દીધો છે.

આ પ્રોગ્રામ હેઠળ કંપની સ્વેચ્છાએ નોકરી છોડવા માંગતા કર્મચારીઓને વિશેષ નાણાકીય પેકેજ અને પ્રોત્સાહનો આપીને વર્કફોર્સનું કદ નાનું અને વધુ સુવ્યવસ્થિત કરી રહી છે. આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ એચઆર (HR) અને પરંપરાગત વિભાગોના ઓપરેશનલ ખર્ચમાં કાપ મૂકીને એ જ નાણાકીય સંસાધનોને AI ના સંશોધન, સુપર-કમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જનરેટિવ AI મોડલ્સના વિકાસમાં રી-ઈન્વેસ્ટ (પુનઃરોકાણ) કરવાનો છે.

શું AI નોકરીઓ માટે ખતરો છે કે નવી તકોનો ઉઘાડ?

Alphabet ની આ ગ્લોબલ વર્કફોર્સ સ્ટ્રેટેજીથી વૈશ્વિક ટેક માર્કેટ અને આઈટી સેક્ટરમાં એક નવો સવાલ અને ચર્ચા જાગી છે: શું AI ખરેખર માનવ નોકરીઓનું સ્થાન લઈ રહ્યું છે?

નિષ્ણાતોના મતે, આ ફેરફારને માત્ર 'છટણી' કે 'નોકરીઓ ગુમાવવી' તરીકે ન જોવો જોઈએ, પરંતુ આ ટેક ક્ષેત્રનું એક મોટું 'રી-સ્કિલિંગ' અને 'રી-સ્ટ્રક્ચરિંગ' (વર્કફોર્સ પુનર્ગઠન) છે. ગુગલ જેવી અબજો ડોલરની ટેક જાયન્ટ કંપનીઓ હવે એવા ક્ષેત્રોમાંથી પોતાનું ધ્યાન અને નાણાં હટાવી રહી છે જેનું કામ AI અને ઓટોમેશન દ્વારા સરળતાથી થઈ શકે છે. તેની સામે AI એન્જિનિયરિંગ, ડેટા સાયન્સ, મશીન લર્નિંગ, ન્યુરલ નેટવર્ક્સ અને સાયબર સિક્યોરિટી જેવા આધુનિક ક્ષેત્રોમાં નવી નોકરીઓનું સર્જન થઈ રહ્યું છે.

ભવિષ્યનું ટેક માર્કેટ: સ્કિલ સેટ બદલવો અનિવાર્ય

ગ્લોબલ આઈટી માર્કેટમાં આવી રહેલો આ ભૂકંપ સ્પષ્ટ સંકેત આપે છે કે હવે પરંપરાગત આઈટી કે કોડિંગ સ્કિલ્સ પર નિર્ભર રહેવાનો સમય પૂરો થઈ રહ્યો છે. ગુગલનો આ નિર્ણય માત્ર પોતાના પૂરતો મર્યાદિત નથી, પરંતુ અન્ય વૈશ્વિક ટેક કંપનીઓ પણ આ જ મોડેલનું અનુકરણ કરી રહી છે.

ટેક ઈન્ડસ્ટ્રીમાં ટકી રહેવા અને આગળ વધવા માટે હવે કર્મચારીઓ અને યુવાનોએ AI-ફ્રેન્ડલી સ્કિલ્સ અપનાવવી અનિવાર્ય બની ગઈ છે. Alphabet નું 'કોસ્ટ કટિંગ' અને 'AI રી-એલોકેશન' એ વાતનું લાઈવ ઉદાહરણ છે કે ટેકનોલોજીની દુનિયામાં બદલાવ ઝડપી છે અને જે આ બદલાવ સાથે કદમ નહીં મિલાવે તે પાછળ રહી જશે.

ધનતેરસનું મહત્ત્વ : ધનની સાથે આરોગ્ય, સુખ અને સમૃદ્ધિની આરાધનાનો પવિત્ર પર્વ!

ભારતીય સંસ્કૃતિમાં દરેક તહેવારનું આગવું મહત્ત્વ અને વિશિષ્ટ જીવનદર્શન રહેલું છે. આવો જ એક પવિત્ર તહેવાર એટલે ધનતેરસ. દિવાળીના પાંચ દિવસીય પર્વનો પ્રારંભ કરાવતો આ ઉત્સવ શ્રદ્ધા, સમૃદ્ધિ અને શુભતાનું પ્રતીક માનવામાં આવે છે. કારતક માસના કૃષ્ણ પક્ષની ત્રયોદશીના દિવસે ધનતેરસની ઉજવણી કરવામાં આવે છે. ધાર્મિક માન્યતા અનુસાર સમુદ્રમંથન દરમિયાન આ દિવસે ભગવાન ધન્વંતરિ અમૃતકળશ સાથે પ્રગટ થયા હતા. ભગવાન ધન્વંતરિને આરોગ્ય અને આયુર્વેદના દેવતા માનવામાં આવે છે. તેથી આ દિવસ ધનની સાથે નિરોગી જીવનની પ્રાર્થના કરવાનો પણ પવિત્ર અવસર છે.



ધનતેરસના દિવસે લોકો માતા લક્ષ્મી અને ભગવાન ધન્વંતરિની પૂજા-અર્ચના કરે છે. સોના-ચાંદી, વાસણો અને અન્ય શુભ વસ્તુઓ ખરીદવાની પરંપરા છે. બજારોમાં ખરીદીનો ઉત્સાહ, ઘરોમાં સાફસફાઈ, રંગોળી અને દીવડાંની રોશની તહેવારના આનંદને બમણો બનાવે છે. આ દિવસે યમદીપદાન કરવાની પણ ધાર્મિક પરંપરા છે. આધુનિક સમયમાં ધનતેરસને ઘણીવાર ખરીદી અને ભૌતિક સમૃદ્ધિ સાથે જોડવામાં આવે છે, પરંતુ આ પર્વનો સાચો અર્થ તેનાથી ઘણો વિશાળ છે. સંપત્તિ માત્ર રૂપિયા કે સોના-ચાંદીમાં નથી હોતી. માતા-પિતાના આશીર્વાદ, પરિવારનો પ્રેમ, સંબંધોમાં વિશ્વાસ, સંતાનોના સંસ્કાર અને શરીરનું સ્વાસ્થ્ય પણ જીવનની અમૂલ્ય સંપત્તિ છે.

ધનતેરસ આપણને એ પણ શીખવે છે કે પોતાની ખુશીઓમાં જરૂરિયાતમંદ લોકોને સામેલ કરવા જોઈએ. કોઈ ભૂખ્યાને ભોજન આપવું, ગરીબ પરિવારના ઘરમાં ખુશી લાવવી અને બીજાના જીવનમાં આશાનું અજવાળું ફેલાવવું એ પણ સાચી સમૃદ્ધિ છે. ખરેખર, ધનતેરસ માત્ર ધનની પૂજાનો દિવસ નથી, પરંતુ આરોગ્ય, સંતોષ, માનવતા અને સદ્વિચારોને જીવનમાં ઉતારવાનો અવસર છે. સંપત્તિ સાથે સંસ્કાર અને વૈભવ સાથે વિનમ્રતા હોય ત્યારે જ જીવન સાચા અર્થમાં સમૃદ્ધ બને છે. આ પવિત્ર અવસરે ભગવાન ધન્વંતરિ અને માતા લક્ષ્મીને પ્રાર્થના કરીએ કે દરેક પરિવારના જીવનમાં સુખ, શાંતિ, નિરોગી સ્વાસ્થ્ય અને સમૃદ્ધિનું આગમન થાય તથા દરેક ઘરમાં ખુશીઓનો દીપક સદાય પ્રજ્વલિત રહે.


- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ

ઉત્તરાખંડમાં ગોઝારી અકસ્માત: ઉત્તરકાશીમાં કાર નદીમાં ખાબકતા ગુજરાતના 4 શ્રદ્ધાળુઓનાં કમકમાટીભર્યા મોત, પરિવારમાં શોકનું મોજું

દહેરાદૂન

ગંગોત્રી નેશનલ હાઈવે પર સર્જાયો ગમખ્વાર અકસ્માત; કાર પરથી કાબૂ ગુમાવતા સર્જાયેલી દુર્ઘટનામાં ગુજરાતના ચાર પ્રવાસીઓએ ગુમાવ્યા પ્રાણ

ઉત્તરાખંડમાંથી ગુજરાતના પ્રવાસીઓ માટે એક અત્યંત હૃદયદ્રાવક અને દુઃખદ સમાચાર સામે આવ્યા છે. ચાર ધામની પવિત્ર યાત્રાએ ગયેલા ગુજરાતના શ્રદ્ધાળુઓની કાર ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં ગંગોત્રી નેશનલ હાઈવે પર એક ગંભીર અકસ્માતનો ભોગ બની છે. આ ગોઝારી દુર્ઘટનામાં ગુજરાતના 4 શ્રદ્ધાળુઓનાં કરુણ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ દુર્ઘટનાના સમાચાર મળતા જ ગુજરાતમાં શોકનું મોજું ફરી વળ્યું છે.



કેવી રીતે સર્જાઈ દુર્ઘટના?મળતી વિગતો અનુસાર, ઉત્તરકાશી વિસ્તારમાં એક કારમાં કુલ સાત જેટલા મુસાફરો સવાર થઈને ગંગનાનીથી ડબરાની તરફ જઈ રહ્યા હતા. ગંગોત્રી નેશનલ હાઈવે પરથી પસાર થઈ રહેલી આ કારના ચાલકે અચાનક વાહન પરથી સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. ગાડી બેકાબૂ બનતા જ સીધી ઊંડી નદીમાં ખાબકી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ઘટનાની જાણ થતા જ સ્થાનિક વહીવટી તંત્ર, પોલીસ અને આપત્તિ વ્યવસ્થાપન (SDERF/NDRF) ની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. નદીમાં ખાબકેલી કારમાંથી મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા, જેમાં ચાર શ્રદ્ધાળુઓના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું હતું. જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. મૃતકો ગુજરાતના કયા વિસ્તારના છે અને તેમની ઓળખ શું છે તે અંગેની સત્તાવાર વિગતો મેળવીને તંત્ર દ્વારા પરિવારજનોનો સંપર્ક કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ભગવાન પવિત્ર યાત્રાએ ગયેલા આત્માઓને શાંતિ અર્પે અને પરિવારજનોને આ વજ્રાઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના સહ સૌ કોઈ શોક વ્યક્ત કરી રહ્યા છે.

મિડટર્મમાં હાર : મોંઘવારી, યુદ્ધ અને ઇમિગ્રેશન ટ્રમ્પને ભારે પડયા

અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને હારનો સામનો કરવો પડયો છે. ડેમોક્રેટિક પાર્ટીએ સેનેટમાં બહુમતી મેળવી લીધી છે. જ્યારે હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ૨૧૮ બેઠકો જીતીને બહુમતીનો આંકડો પાર કરી લીધો છે. ઉલ્લેખનીય છે કે, હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં કુલ ૪૩૫ બેઠકો છે અને તમામ બેઠકો પર ચૂંટણી યોજાઈ છે. વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટીએ ૨૩૧ બેઠકો જ્યારે ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીએ ૧૪૪ બેઠકો જીતી છે. તેવી જ રીતે સેનેટની ૧૦૦ બેઠકોમાંથી ૩૫ બેઠકો પર ચૂંટણી યોજાઈ છે. આંકડા મુજબ, અત્યાર સુધીમાં ૩૩ બેઠકોનાં પરિણામો જાહેર થઈ ચૂક્યાં છે. ખાસ વાત એ છે કે, આ પૈકી ડેમોક્રેટિક પાર્ટીએ ૨૦ અને રિપબ્લિકન પાર્ટીએ ૧૩ બેઠકો જીતી છે. બાકીની ૨ બેઠકો પર મતગણતરી ચાલુ છે. આ પરિણામોને જોડીને ડેમોક્રેટિક પાર્ટી પાસે ૫૪ અને રિપબ્લિકન પાર્ટી પાસે ૪૪ બેઠકો છે. આમ સરેરાશ બંને મોટી ચૂંટણીઓમાં ડેમોક્રેટ્સે બાજી મારી લીધી અને પ્રજાએ તુમાખીથી ભરેલા ટ્રમ્પને વાસ્તવિકતાનો અરિસો બતાવી દીધો છે. મહત્ત્વની વાત એ છે કે, અમેરિકામાં વિવિધ રાજ્યોના ગવર્નરોની ચૂંટણી પણ યોજાઈ હતી. અહીંયા કુલ ૩૬ બેઠકોમાંથી ૩૪ રાજ્યોનાં પરિણામો જાહેર થઈ ચૂક્યાં છે. આ પરિણામોમાં પણ ૨૨ ડેમોક્રેટ્સ અને ૧૨ રિપબ્લિકનોએ બેઠકો જીતી છે, જ્યારે ૨ રાજ્યોમાં મતગણતરી ચાલુ છે. આમ સરેરાશ ડેમોક્રેટ્સને આવકાર અને રિપબ્લિકન્સને જાકારો મળ્યો છે. જાણકારોના મતે અમેરિકન પ્રજાએ આ વખતે ખરેખર અમેરિકાને ગ્રેટ બનાવવા માટે ટ્રમ્પનો સાથ છોડયો છે. છેલ્લાં બે વર્ષથી સત્તામાં રહેલા અને તુમાખી તથા મદથી ભરેલા ટ્રમ્પે અવિચારી નિર્ણયો લીધો, અવિચારી પગલાં ભર્યા, અવિચારી નીતિઓ લાગુ કરી, અવિચારી રીતે યુદ્ધો શરૂ કર્યા અને અવિચારી રીતે વિદેશનીતિને બેહાલ કરી નાખી. તેના પગલે અમેરિકા ઉપરથી દુનિયાભરનો વિશ્વાસ ઉઠતો જતો હતો. તેના પરિણામે જ અમેરિકી પ્રજાએ પક્ષીય વફાદારી, વંશીય જૂથો અને રાષ્ટ્રીયતાના ભેદભાવ ભૂલીને, ગેસોલિનના વધતા ભાવો, મોંઘવારી, ઈરાન સાથેનું યુદ્ધ અને ઇમિગ્રેશન મુદ્દે વાસ્તવિકતાનો અરિસો બતાવી દીધો. આ તમામ મુદ્દે મતદારોમાં પ્રવર્તતા અસંતોષે રિપબ્લિકન પક્ષના પરંપરાગત ગઢ ગણાતા 'રેડ સ્ટેટ્સ'માં પણ તેમના પાયા હચમચાવી દીધા છે. ઉલ્લેખનીય છે કે, આ ચૂંટણીનું મુખ્ય આકર્ષણ ટેક્સાસની સેનેટ બેઠક રહી, જેના પર સમગ્ર દેશની નજર હતી. રિપબ્લિકન ઉમેદવાર અને રાજ્યના એટર્ની જનરલ કેન પેક્સટન વિરુદ્ધ મીડિયા સર્વેક્ષણો સાચા સાબિત થયા.

મંગળવારે ડેમોક્રેટિક પક્ષના ઉમેદવાર જેમ્સ તાલારિકોએ કેન પેક્સટનને પરાજિત કરી ટેક્સાસમાં ઐતિહાસિક વિજય નોંધાવ્યો. ડેમોક્રેટ્સ ૧૯૯૪ પછી ટેક્સાસમાં ક્યારેય જીતી શક્યા નહોતા. રિપબ્લિકન્સ માટે આ બેવડો ફટકો હતો, કારણ કે ટેક્સાસમાં ગવર્નરની ચૂંટણીમાં પણ ડેમોક્રેટ ગીના હિનોજોસાએ રિપબ્લિકન પક્ષના ગ્રેગ એબોટને પરાજિત કર્યા હતા. ખાસ વાત એ છે કે, આ પરિણામો બાદ કેપિટલ હિલ (યુએસ સંસદ) પર સત્તાનું સંતુલન હવે મોટા પલટા તરફ આગળ વધી રહ્યું છે. શરૂઆતી અંદાજો હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ડેમોક્રેટ્સની સ્પષ્ટ બહુમતી દર્શાવે છે, જ્યારે સેનેટની સ્પર્ધામાં પણ રિપબ્લિકન્સની પકડ નબળી પડતી જોવા મળી છે. સૌથી વધુ આશ્ચર્યજનક પરિણામો એવા રાજ્યોમાંથી આવ્યા છે જે ટ્રમ્પે ૨૦૨૪માં આસાનીથી જીત્યા હતા. સાઉથ કેરોલિનામાં, ડેમોક્રેટ એની એન્ડ્રુઝે રિપબ્લિકન ડાર્લિન ગ્રેહામને એક આંચકાજનક મુકાબલામાં હરાવ્યા છે. આ એ રાજ્ય છે જ્યાં ટ્રમ્પ લગભગ ૨૦ ટકા મતોના માર્જિનથી જીત્યા હતા. આ પરિણામ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે સાઉથ કેરોલિનાએ ૧૯૯૮ પછી ક્યારેય કોઈ ડેમોક્રેટિક સેનેટરને ચૂંટયા નહોતા. પૂર્વીય સમય મુજબ રાત્રે લગભગ ૧૧ વાગ્યે, ઓરેગોનમાં ડેમોક્રેટ જેફ મર્કલીએ પણ રિપબ્લિકન ડેવિડ બ્રોક સ્મિથને હરાવીને યુએસ સેનેટમાં પુનઃ વિજય મેળવ્યો હોવાના અંદાજો જાહેર થયા હતા.

અમેરિકી સંસદમાં ભારતીયોનો દબદબો

અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં 5 ભારતીય મૂળના નેતાઓએ હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સની ચૂંટણીમાં જીત મેળવી છે. જ્યારે એક ઉમેદવાર અમીષ શાહ આગળ ચાલી રહ્યા છે. આ તમામ ડેમોક્રેટિક પાર્ટીના સભ્યો છે.

જીતનારાઓમાં રો ખન્ના, એમી બેરા, પ્રમિલા જયપાલ, સુહાસ સુબ્રમણ્યમ અને પિયા દાંડિયાનો સમાવેશ થાય છે. આ પહેલાં 2024ની ચૂંટણીમાં 6 ભારતીય મૂળના લોકો આ સદન માટે ચૂંટાયા હતા.

આ વખતે સેનેટ માટે કોઈ ભારતીય મૂળના ઉમેદવારે ચૂંટણી લડી ન હતી. બીજી તરફ, ગવર્નર પદ માટે ભારતીય મૂળના વિવેક રામાસ્વામીએ ઓહાયોથી દાવેદારી નોંધાવી હતી, પરંતુ તેઓ ડેમોક્રેટિક ઉમેદવાર એમી એક્ટન સામે હારી ગયા. કેલિફોર્નિયાના ત્રીજા સંસદીય ક્ષેત્રમાંથી એમી બેરા સતત આઠમી વખત સાંસદ તરીકે ચૂંટાયા છે. તેમણે રિપબ્લિકન ઉમેદવાર રોબ ટકરને 23 હજારથી વધુ મતોથી હરાવ્યા છે. બેરા વ્યવસાયે ડૉક્ટર છે. તેઓ 2013માં પહેલી વાર હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સના સભ્ય બન્યા હતા. કેલિફોર્નિયાના 17મા સંસદીય ક્ષેત્રમાંથી રો ખન્નાએ સતત છઠ્ઠી વખત ચૂંટણી જીતી છે. તેમણે રિપબ્લિકન ઉમેદવાર રિતેશ ટંડનને 42 હજારથી વધુ મતોથી હરાવ્યા છે. ટંડન આ પહેલાં 2020 અને 2022માં પણ રો ખન્ના સામે ચૂંટણી લડી ચૂક્યા છે. વોશિંગ્ટનના 7મા સંસદીય ક્ષેત્રમાંથી ડેમોક્રેટિક પાર્ટીનાં પ્રમિલા જયપાલે સતત છઠ્ઠી વખત જીત નોંધાવી છે. તેમણે રિપબ્લિકન ઉમેદવાર નીરવ શેઠને 1.52 લાખથી વધુ મતોથી હરાવ્યા છે. પ્રમિલા 2017થી આ બેઠક પર સાંસદ છે. તેઓ હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સમાં પહોંચનારી ભારતીય મૂળની પ્રથમ મહિલા છે. તેમનો જન્મ ચેન્નઈમાં થયો હતો. વર્જિનિયાના 10મા સંસદીય ક્ષેત્રમાંથી સુહાસ સુબ્રમણ્યમ બીજી વખત સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા છે. તેમને 61.5%થી વધુ મત મળ્યા છે, જ્યારે રિપબ્લિકન ઉમેદવાર ડેવ બેકવેથને 36.4% મત મળ્યા છે.

સુહાસનો જન્મ ટેક્સાસના હ્યુસ્ટનમાં ભારતીય માતા-પિતાના ઘરે થયો હતો. તેઓ વ્યવસાયે વકીલ છે. પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાના કાર્યકાળ દરમિયાન તેમણે વ્હાઇટ હાઉસમાં ટેક્નોલોજી પોલિસી એડવાઇઝર તરીકે કામ કર્યું હતું. વિજય બાદ સુહાસે કહ્યું, "તમારો અવાજ ઉઠાવો. મેં ચૂંટણી લડી અને જીતી. તમે પણ આવું કરી શકો છો." ફ્લોરિડાના 22મા સંસદીય ક્ષેત્રમાંથી પિયા દાંડિયા પહેલીવાર હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સ માટે ચૂંટાઈ આવ્યાં છે. તેમણે રિપબ્લિકન ઉમેદવાર કેસી અસ્કરને હરાવ્યાં છે. પિયાને 51.9% અને અસ્કરને 48.1% મત મળ્યા છે. 39 વર્ષનાં પિયાનો જન્મ અને ઉછેર ફ્લોરિડાના પામ બીચ કાઉન્ટીમાં થયો છે.

જાહેરાત માટે
ટ્યુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટ્યુકડી જાહેરાત
વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ
જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ
સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર
સમાચાર
સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા
તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ
વાંચકો સુધી ચોકકસ પહોંચ
વ્યાપક પ્રસાર
સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન
સુંદર અને પ્રોફેશનલ લુક

ડભોઈ-બોડેલી ફોરલેન પ્રોજેક્ટ વેગવંતો

સીમળીયા ગામની 16 હેક્ટરથી વધુ જમીન સંપાદન માટે સરકારનું જાહેરનામું

ડભોઇ (વિશેષ પ્રતિનિધિ, 'પાક્કો ગુજરાત')

ડભોઈ અને આસપાસના પંથકના લાખો મુસાફરો અને વાહનચાલકો માટે એક મોટા અને રાહતદાયક સમાચાર સામે આવ્યા છે. ગુજરાતના અત્યંત વ્યસ્ત અને મહત્વપૂર્ણ ગણાતા ડભોઈ-બોડેલી સ્ટેટ હાઈવે (એસ.એચ.-૧૧) ને આધુનિક ચાર માર્ગીય (ફોરલેન) બનાવવાની મહત્ત્વાકાંક્ષી યોજના હવે કાગળ પરથી બહાર આવીને જમીન પર સાકાર થવા તરફ આગળ વધી રહી છે. આ હાઈવેને ફોરલેન કરવા માટે રાજ્ય સરકાર દ્વારા જમીન સંપાદનની સત્તાવાર પ્રક્રિયા જોરશોરથી શરૂ કરી દેવામાં આવી છે, જેના ભાગરૂપે ડભોઈ તાલુકાના સીમળીયા ગામની ૧૬ હેક્ટરથી વધુ જમીન સંપાદિત કરવા માટેનું સત્તાવાર જાહેરનામું બહાર પાડી દેવામાં આવ્યું છે.



મળતી વિગતો અનુસાર, ડભોઈ-બોડેલી રાજ્ય ધોરીમાર્ગ પર ટ્રાફિકનું ભારણ સતત વધતું જતું હોવાથી અવારનવાર ટ્રાફિકજામ અને અકસ્માતોની સમસ્યા સર્જાતી હતી. આ વિકટ સમસ્યાના કાયમી ઉકેલ માટે સરકારે કિલોમીટર ૨૯.૮૦ થી લઈને કિલોમીટર ૪૫.૦૦ સુધીના પટ્ટાને ચાર માર્ગીય (ફોરલેન) બનાવવાનું ભગીરથ આયોજન હાથ ધર્યું છે. આ પ્રોજેક્ટને અડચણ વગર ધબકતો કરવા માટે ડભોઈ તાલુકાના સીમળીયા ગામની સીમમાંથી કુલ ૧૬ હેક્ટર અને ૭૫ ચોરસ મીટર જમીન હસ્તગત કરવામાં આવશે. આ અંગે રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવાતા હવે પ્રોજેક્ટના અમલીકરણનો માર્ગ સંપૂર્ણપણે મોકળો થઈ ગયો છે.

આ જમીન સંપાદનની સમગ્ર પ્રક્રિયા 'જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શકતાના અધિકાર અધિનિયમ-૨૦૧૩' હેઠળ હાથ ધરવાનો ઈરાદો જાહેર કરાયો છે. જોકે, પ્રોજેક્ટમાં કોઈપણ પ્રકારના વિલંબ કે અનાવશ્યક અડચણોને રોકવા માટે ગુજરાત સુધારા અધિનિયમ-૨૦૧૬ની ખાસ જોગવાઈઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે આ સંપાદિત થનારી જમીનને અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓમાંથી મુક્તિ આપી છે, જેમાં સામાજિક અસરના અભ્યાસ (SIA) અને ખાદ્ય સુરક્ષા સંબંધિત જોગવાઈઓનો સમાવેશ થાય છે. સરકારે આંતરમાળખાકીય સુવિધાઓના વિકાસ અને જાહેર હિતને સર્વોપરી ગણીને આ કાયદાકીય છૂટછાટ સાથે પ્રક્રિયાને ફાસ્ટ-ટ્રેક પર મૂકી દીધી છે. ડભોઈ-બોડેલી રૂટ પર કોમર્શિયલ વાહનો, ખાનગી વાહનો અને એસ.ટી. બસોની ભારે અવરજવરના કારણે આ સિંગલ કે ટુ-લેન રોડ પર જીવલેણ અકસ્માતોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધ્યું હતું. આ માર્ગ ફોરલેન બનવાથી મધ્ય ગુજરાત અને આદિવાસી પંથકને જોડતો આ હાઈવે અત્યંત સુરક્ષિત અને ઝડપી બનશે. વાહનચાલકોનો કિંમતી સમય બચશે અને મુસાફરી આરામદાયક બનશે.

નર્મદા જિલ્લા પંચાયતના નિવૃત્ત

હિસાબનીશના બેંક ખાતામાંથી રૂ. 4.75 લાખની ઓનલાઈન છેતરપિંડી

નર્મદા

ગરૂડેશ્વર તાલુકાના કુંભીયા આમલી ફળિયામાં રહેતા નર્મદા જિલ્લા પંચાયતના નિવૃત્ત હિસાબનીશ સાથે ઓનલાઈન છેતરપિંડીનો ગંભીર બનાવ બન્યો હતો. બેંક અધિકારી હોવાની ઓળખ આપી અજાણ્યા શખ્સોએ મોબાઈલ હેક કરી અલગ-અલગ બેંકોનાં ખાતાંમાંથી કુલ રૂ. 4,75,001 ઉપાડી લેતાં ગરૂડેશ્વર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

ફરિયાદ મુજબ, મણિલાલભાઈ ભાણાભાઈ તડવી (ઉ.વ. 59)ને તા. 19/10/2026ના રોજ અજાણ્યા મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે બેંક ઓફ બરોડા, રાજપીપળા શાખામાંથી બોલતો હોવાનું જણાવી UPI પેમેન્ટની મર્યાદા વધારવાની લાલચ આપી મોબાઈલમાં નંબર દબાવવાનું કહ્યું હતું. બીજા દિવસે પણ આવી જ રીતે ફોન કરી UPI લિમિટ એક્ટિવ થઈ હોવાનું જણાવી નંબર દબાવતાં તેમનો મોબાઈલ હેક થયો હતો.

ત્યારબાદ તા. 20/10/2026થી તા. 24/10/2026 દરમિયાન YES બેંક, HDFC, પંજાબ નેશનલ બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એક્સિસ બેંક, IDFC, પંજાબ એન્ડ સિંધ બેંક, ફેડરલ બેંક અને UCO બેંક સહિતનાં અલગ-અલગ ખાતાંમાંથી કુલ 16 વખત ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરી રૂ. 4,75,001ની રકમ ઉપાડી લેવામાં આવી હતી. આ અંગે ગરૂડેશ્વર પોલીસે અજાણ્યા મોબાઈલ નંબર અને બેંક ખાતાધારકો/વપરાશકર્તાઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.


ભોગ બનનાર મણિલાલભાઈ તડવીએ જણાવ્યું હતું કે તેઓ ચાર મહિના પહેલાં જ નર્મદા જિલ્લા પંચાયતમાંથી નિવૃત્ત થયા હતા.

આમ આદમી પાર્ટીનો હુંકાર

ચૈતર વસાવા ફરતે રચાઈ રહેલો રાજકીય માહોલ ગુજરાતમાંથી ભાજપની સત્તાને ઉખાડી ફેંકશે..!!!

ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં છેલ્લા કેટલાક સમયથી ડેડિયાપાડાના આક્રમક અને લોકપ્રિય ધારાસભ્ય ચૈતર વસાવા ફરતે સર્જાઈ રહેલા રાજકીય માહોલને લઈને રાજકીય પારો સતત ઊંચો જઈ રહ્યો છે. આદિવાસી સમાજ અને સામાન્ય પ્રજામાં ચૈતર વસાવા માટે વધી રહેલા સમર્થન અને લોચા-લાપસી સામેના તેમના સંઘર્ષને જોઈને આમ આદમી પાર્ટી (AAP) ના મોરચેથી એક અત્યંત મોટું અને ધારદાર નિવેદન સામે આવ્યું છે. 'આપ' ના નેતાઓએ દાવો કર્યો છે કે ગુજરાતમાં ચૈતર વસાવા માટે જે શક્તિશાળી જનસમર્થન અને માહોલ બની રહ્યો છે, તે આગામી સમયમાં ગુજરાતમાંથી ભારતીય જનતા પાર્ટી (BJP) ની સત્તાને ઉખાડી ફેંકવામાં સૌથી મોટું નિમિત્ત બનશે. ચૈતર વસાવાએ હંમેશાં જંગલ, જમીન અને આદિવાસીઓના હક્કો તેમજ સામાન્ય નાગરિકોના પ્રશ્નોને લઈને સરકાર સામે મોરચો ખોલ્યો છે.



તેમના પર થયેલી કાયદાકીય કાર્યવાહી અને ત્યારબાદ જે પ્રકારે જનતાનો તેમને સાથ સાંપડ્યો છે, તેણે દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યના રાજકીય સમીકરણો બદલી નાખ્યા છે. આમ આદમી પાર્ટીના નેતાઓના જણાવ્યા અનુસાર, ભાજપ સરકાર ગમે તેટલા દમનકારી પગલાં ભરી લે, પરંતુ જનતા હવે જાગૃત થઈ ચૂકી છે અને ચૈતર વસાવા જેવા જમીન સાથે જોડાયેલા નેતા પાછળ મજબૂતાઈથી ઊભી છે. આપ નેતાએ વધુમાં આક્ષેપ કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં ભાજપ સરકાર વિરુદ્ધનો જનરોષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારથી ત્રાસેલી પ્રજા હવે પરિવર્તન ઝંખી રહી છે. એવામાં ચૈતર વસાવા પ્રત્યે લોકોનો વધતો પ્રેમ અને વિશ્વાસ એ વાતની સાક્ષી પૂરે છે કે જનતા હવે શાસકોના જોહુકમી સામે ઝૂકવા તૈયાર નથી. ચૈતર વસાવાને કેન્દ્રમાં રાખીને આમ આદમી પાર્ટી દ્વારા આપવામાં આવેલા આ આક્રમક નિવેદને ગુજરાતના રાજકારણમાં નવો રેતિયો નાખી દીધો છે. એક તરફ ભાજપ પોતાની વિકાસની નીતિઓ અને સંગઠનના જોરે મેદાનમાં છે, તો બીજી તરફ 'આપ' અને વિપક્ષી નેતાઓ જનતાના ભવાઈ ઉઠાવતા મુદ્દાઓને પકડીને સત્તા વિરુદ્ધ માહોલ બનાવી રહ્યા છે. આગામી સમયમાં આ રાજકીય ઘમાસાણ ગુજરાતના રાજકારણમાં કેવા રંગો લાવે છે તે તો આવનાર સમય જ કહેશે, પરંતુ હાલ તો ચૈતર વસાવા આખા રાજ્યની રાજકીય ચર્ચાના કેન્દ્રસ્થાને છે.

ઉનાના મોઠા ગામે દીપડાએ બે દિવસમાં બે ગાયનો શિકાર કર્યો

ખેડૂતોએ વાડી વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવા અને ગાયોના વળતરની માગ કરી, વનવિભાગે પાંજરા મૂક્યા

ઉના, કૈલેશ ભટ્ટ

ઉના તાલુકાના મોઠા ગામમાં દૂધનાથ મહાદેવ મંદિર પાછળ આવેલી વાડીમાં દીપડાએ બે દિવસમાં એક જ માલિકની બે ગાયનો શિકાર કર્યો. આ ઘટના બાદ વાડી વિસ્તારમાં રહેતા ખેડૂતોમાં ભયનો માહોલ છે. ગોહિલ સામતભાઈ બાલુભાઈની વાડીના રહેણાકના ફળિયામાં છ ભેંસ અને ગાયો બાંધેલી હતી. 15 નવેમ્બરની રાત્રે દીપડો આશરે 10 ફૂટ ઊંચી દીવાલ કૂદીને અંદર આવ્યો અને એક ગાયનો શિકાર કર્યો.

વન વિભાગને જાણ કરાયા બાદ કર્મચારીઓએ દીપડો અંદર આવ્યો હતો તે જગ્યાની નજીક પાંજરું ગોઠવ્યું હતું. જોકે, બીજી રાત્રે દીપડો



પાછળની દીવાલ કૂદીને બીજી ગાયનો શિકાર કરી ગયો. ઉના તાલુકો ગીરના જંગલની નજીક હોવાથી સિંહ અને દીપડા ગ્રામ્ય વિસ્તારો તથા વાડીઓમાં જોવા મળે છે. મોઠા ગામમાં અગાઉ પણ સિંહ ગૌશાળા સુધી પહોંચીને પશુનો શિકાર કરી ગયા હોવાની વાત સ્થાનિકોએ જણાવી.

વાડીમાં દિવસ દરમિયાન કામ કરતા લોકોને બાળકોને સાથે રાખવા પડે છે. રાત્રે તેઓ ગામમાં રહેવા જાય છે. ખેડૂતોની માગ છે કે વાડી વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવામાં આવે અને દીપડાઓને પાંજરે પૂરી જંગલ વિસ્તારમાં છોડવામાં આવે.

સામતભાઈએ કહ્યું કે વન વિભાગના કર્મચારીઓ તરફથી પૂરતો સહકાર મળતો નથી. તેમણે અધિકારીઓને આ બાબતે સહકાર આપવા અને બંને ગાયોની તપાસ કરીને ખેડૂતને પૂરું વળતર ચૂકવવાની માગ કરી. એક ગાય અઢી વર્ષની અને બીજી આશરે ત્રણ વર્ષની હતી.

શેરપુરામાં ટપાલ વિતરણ કરવા ગયેલા પોસ્ટમેન પર સલમાનનો હુમલો, ઢીકાપાટુ મારી ટી-શર્ટ ફાડી

ભરૂચ

ભરૂચના શેરપુરા ગામે ટપાલ વિતરણની સરકારી ફરજ બજાવતા આસિસ્ટન્ટ બ્રાન્ચ પોસ્ટમાસ્ટર પર નજીવી બાબતે હિંસક હુમલો થતાં ચકચાર મચી હતી. ઘરનો દરવાજો ખખડાવી ટપાલ આપવા જતાં સલમાન નામના શખ્સે પોસ્ટમેન સાથે ગાળાગાળી કરી છાતી અને પીઠના ભાગે ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

સાબરકાંઠાના કાંકરોલ ગામના વતની અને હાલ ભરૂચના લાલબજાર વિસ્તારમાં રહેતા 29 વર્ષીય આકાશ હસમુખ દવે પોસ્ટ વિભાગમાં આસિસ્ટન્ટ બ્રાન્ચ પોસ્ટમાસ્ટર તરીકે ફરજ બજાવે છે. ગતરોજ તેઓ શેરપુરા ગામના વાડી ફળિયામાં મુબીના માઝ પટેલના નામે આવેલી ટપાલ આપવા એક મકાનનો દરવાજો ખખડાવવા ગયા હતા. આ દરમિયાન બહાર આવેલા સલમાને ટપાલ પોતાની ન હોવાનું જણાવી ઉશ્કેરાઈ જઈ તેમની સાથે મારપીટ શરૂ કરી હતી.

હુમલાખોરે ઘરમાંથી સિરામિક ટાઈલ લઈને આકાશ દવે પર હુમલો કરવા દોટ મૂકી હતી. પોસ્ટમેન બચવા ભાગતાં મદરેસા પાસે તેમને ફરી પકડી ઢીકાપાટુનો માર માર્યો હતો. આ ઝપાઝપીમાં તેમનું ટી-શર્ટ અને સરકારી ડિલિવરી સ્લિપ પણ ફાડી નાખવામાં આવ્યાં હતાં.

ઘટના દરમિયાન આસપાસના ગ્રામજનો દોડી આવ્યા હતા અને વચ્ચે પડી સલમાનને અટકાવી પોસ્ટમેનનો બચાવ કર્યો હતો. સરકારી ફરજ દરમિયાન કર્મચારી પર થયેલા આ હુમલાને પગલે મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

તીર્થધામ ચાણોદ માંડવા ઓટો ગેરેજ ચલાવતા

વેપારીના એકાઉન્ટમાંથી 3 લાખ ઉપડી ગયા અજાણ્યા ઈસમે મોબાઈલ પર મેસેજ મોકલી પૈસાની તપડાવ લીધા

ચાણોદ, મુકેશ ખત્રી

ચાણોદ ના નવા માંડવા પોલીસ પથ્થર ની બાજુમાં સાંઈ ઓટો ગેરેજ ચલાવતા અજય માછી ના મોબાઈલમાં લિક મોકલી બેન્ક ખાતાંમાં માંથી અજાણ્યા ઈસમે રૂ.૩.૦૦.૫૦૧ લાખ નું ત્રણ વાર ટ્રાન્જેક્શન કરી સાયબર ફ્રોડ છેતરપિંડી કર્યાની ફરીયાદ રોડ મહીના પહેલા તા-૧૨-૯-૨૬ થી તા-૨૬-૧૦-૨૬ સુધી સુધી બનાવ બન્યો આ અંગે સાઈબર ક્રાઈમ હેલ્પ લાઈન માં ફરીયાદ નોંધાવી હતી . ચાણોદ પોલીસ મથક માં તપાસ ને પગ લે તા.૨૯-૧૦-૨૬ ફરીયાદ ડભોઈ તાલુકાના ચાણોદ ના નવા માંડવા ખાતે ઓટો ગેરેજ વ્યવસાય કરતા અજય પ્રવીણભાઈ માછી એ આપેલ ફરીયાદ પ્રમાણે તેમનું ચાણોદ ને બરોડા બેંક માં તેમજ એસબીઆઈ બેન્ક માં બેંક ખાતા હોય બિઝનેસ એકાઉન્ટ સહિત ત્રણ ખાતા હોય જે તેમના મોબાઈલ નંબર પર તમામ જગ્યાએ એક જ નંબર હોય તેવો ઓનલાઈન google પે તથા બેન્ક એપ્લિકેશન ઓનલાઈન ઉપયોગ કરતા હોય

તેઓના મોબાઈલ પર આજથી દોઢ માસ પહેલા એટલે કે તારીખ-12-9-26 ના રોજ બપોરના 12:00 વાગ્યાની આસપાસ ગેરેજ પર હાજર હતા ત્યારે તેમના મોબાઈલ નંબર-81411074504 પર મેસેજ આવેલો તેમાં અટિંગા ગાડી નંબર Gj-06-Rf-1950 નંબર અને ટ્રાફિક સિગ્નલ તોડવા તે બાબતે રૂપિયા 2000/-નો મેમો હતો તેમાં https// vehicle.s.gy-challan લીંક હતી તે લિંક પર ક્લિક કરતા Mparivahan NextGen નામની એપ્લિકેશન ખોલી ગયેલ તેમાં ચેક કરતા કોઈ મેમો બતાવતા ના હતા. જેથી મેં મારા whatsapp માં આવેલ મેસેજ મારા મિત્ર હિતેશભાઈ માછી જોડે ચેક કરતાં તેમણે મને આ ફ્રોડ મેમો છે તું ઓપન નહીં કરવા જણાવેલ મેસેજ ડીલીટ કરી દીધેલ હતો તે વખતે મારા બેંક ઓફ બરોડા વાળા એકાઉન્ટમાં 250 રૂપિયાનું બેલેન્સ હતું.

ત્યાર પછી ગાડી ની લોન ક્લિયર કરવાની હોય દાદાની એફડી તોડાવી તા_૩.૯૦.૦૦૦ મારામાં ખાતામાં ટ્રાન્સફર કરેલ હતા ગાડીનો હપ્તો 10 તારીખે રૂ .૧૬.૨૧૦ કપાયો હતો ત્યાર પછી ખેતીના તારીખ ૨૫-૧૦-૨૬ ના રોજ ખેતીના તેમજ ધંધાના થઈ રૂપિયા-રૂ.૭.૪૦.૦૦૦/-નુ બેલેન્સ હતું આશરે 10 દિવસ પહેલા મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી ઓટીપી આવતા હતા પરંતુ મને એવું લાગતું હતું કે મારા મિત્ર હેરાન કરવા માટે ઓટીપી નાખતા હશે તે બાબતે મેં ધ્યાન લીધું ન હતું.

સાધલીની 19 વર્ષીય યુવતી ગુમ થયાના પાંચ દિવસ બાદ અપહરણનો ગુનો નોંધાયો

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના સાધલી મુકામે ગુજરાતી શાળા પાસે રહેતા રવિભાઈ મહેશભાઈ વસાવા ઉંમર વર્ષ 22 એ લેખિતમાં શિનોર પોલીસ સ્ટેશનમાં પોતાની નાની બેન નિશા જેની ઉંમર 19 વર્ષ 11 માસ અને 12 દિવસની છે, તે ઘરમાંથી કોઈને કહ્યા સિવાય તારીખ 31 ઓક્ટોબર 2026 રાત્રિના બાર વાગ્યા પછી ગુમ થયાની જાણ શિનોર પોલીસને કરતાં શિનોર પોલીસે જાણવાજોગ નોંધ નંબર જેજે/ 0013/ 2026 થી ખોવાયેલ વ્યક્તિ તરીકે નોંધીને આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ નરેશ રાવળ ને સોંપેલ હતી.

ત્યારબાદ પોતાની બેન નિશા ના મળી આવવાથી તારીખ 4 નવેમ્બર 2026 ના રોજ ફરિયાદી રવિ મહેશ વસાવા ઉંમર 22 વર્ષ દ્વારા આરોપી આદિલ ઈમ્તિયાઝ ઉર્ફે ઈનાયત રાઠોડ સાધલી દ્વારા તેની બેન નિશાને મરજી વિરુદ્ધ લગ્ન કરવાના ઈરાદે મજબૂર કરીને ફોસલાવી ફરિયાદીના ઘરેથી અપહરણ કરી ગયા ની ફરિયાદ કરતાં શિનોર પોલીસે બી.એન.એસ. 87 મુજબ ગુનો નોંધી હવે આગળની તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ.બી. મકવાણા કરી રહ્યા છે. શિનોર પોલીસ દ્વારા ફરિયાદી રવિ ની લેખિત અરજી સામે તારીખ 31 ઓક્ટોબરે ખોવાયેલ વ્યક્તિ તરીકે ગુમ થયાની જાણવાજોગ નોંધ લખી હતી, અને પાંચ દિવસ પછી ફરિયાદી રવિ મહેશ વસાવાની અપહરણ ની ફરિયાદ નોધી ,એ ચર્ચાનો વિષય બનેલ છે.

પાણીની તંગી નિવારવા કોર્પોરેટરે પોતાનો કૂવો નગરપાલિકાને અર્પણ કર્યો

છોટાઉદેપુર નગરમાં ઉનાળામાં પાણીની તંગીની સંભાવનાને ધ્યાનમાં રાખીને નગરપાલિકા દ્વારા અત્યારથી જ આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

નગરપાલિકાના વોર્ડ નંબર-1નાં કોર્પોરેટર નજમાબેન ફેઝલભાઈ મલાએ મહુડી વિસ્તારમાં આવેલો પોતાનો ખાનગી કૂવો નગરજનોના હિતમાં નગરપાલિકાને ઉપયોગ માટે સોંપવાની તૈયારી દર્શાવી છે. બીજી તરફ, નગરપાલિકા દ્વારા શહેરમાં આવેલા અન્ય ખાનગી કૂવાઓનો પણ સર્વે હાથ ધરવામાં આવ્યો છે. છોટાઉદેપુર જિલ્લામાં આ વર્ષે ચોમાસામાં ઓછા વરસાદને પગલે આગામી દિવસોમાં પાણીની તંગી સર્જાવાની શક્યતા છે. આવી પરિસ્થિતિમાં નગરજનોને પાણીની મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે છોટાઉદેપુર નગરપાલિકા દ્વારા અત્યારથી જ આગોતરા પગલાં લેવામાં આવી રહ્યાં છે.જેના ભાગરૂપે છોટાઉદેપુર નગરપાલિકાના વોર્ડ નંબર-1નાં કોર્પોરેટર નજમાબેન ફેઝલભાઈ મલાએ મહુડી ફળીયા વિસ્તારમાં આવેલો પોતાનો ખાનગી કૂવો



નગરજનોના હિતમાં નગરપાલિકાને ઉપયોગ માટે સોંપવાની રજૂઆત નગરપાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસર સમક્ષ કરી છે.

આ રજૂઆતને પગલે નગરપાલિકાના અધિકારીઓ દ્વારા કૂવા પર જઈ પાણીનાં સેમ્પલ લેવામાં આવ્યાં છે. આ સેમ્પલ તપાસ માટે મોકલવામાં આવ્યાં છે. લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ પાણી પીવાલાયક છે કે નહીં તેની ખાતરી કરીને કૂવાના પાણીનો નગરજનો માટે ઉપયોગ કરવામાં આવશે. બીજી તરફ, છોટાઉદેપુર નગરમાં વર્ષો જૂના આવેલા અન્ય ખાનગી કૂવાઓનો પણ નગરપાલિકા દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જે કૂવાઓમાં પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ હશે અને પાણી વપરાશ કે પીવા માટે યોગ્ય જણાશે, તેનો ઉપયોગ કરવાની દિશામાં આયોજન કરવામાં આવી રહ્યું છે.

ચંદ્રવાણમાં જુગારધામ પર પોલીસનો દરોડો, છ શખ્સો ઝડપાયા; પાંચ વોન્ટેડ

નેત્રંગ

ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના ચંદ્રવાણ ગામમાં જુગાર રમતા શખ્સો પર પોલીસે દરોડો પાડી છ લોકોને ઝડપી પાડ્યા હતા. જ્યારે પોલીસને જોઈ પાંચ શખ્સો ફરાર થઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ અને જુગારના સાધનો સહિત કુલ રૂ.12,430નો મુદ્દામાલ કબજે કર્યો હતો. નેત્રંગ પોલીસને મળેલી બાતમીના આધારે ટીમે ચંદ્રવાણના ભગત ફળિયામાં બ્રમાણી બોરવેલ સામેના કાચા રસ્તે બોરડીના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં દરોડો પાડ્યો હતો. પોલીસે દાવ પર મૂકેલા રૂ.2,840 અને પકડાયેલા શખ્સોની અંગઝડતીમાંથી મળેલા રૂ.9,590 કબજે કર્યા હતા. આ ઉપરાંત 52 પત્તાં અને પ્લાસ્ટિકની થેલીનું પાથરણું પણ કબજે કર્યું હતું. પકડાયેલા આરોપીઓમાં જહીર ઈનાયતભાઈ પટેલ અને ઈમરાન ઈકબાલ મેમણ (બંને જવાહર બજાર, નેત્રંગ), આરીફ અનવર પઠાણ (લાલ મંટોડી, નેત્રંગ), રાજેશભાઈ પુનીયાભાઈ વસાવા (તાડ ફળિયું, ચંદ્રવાણ), રમેશભાઈ ઝીણાભાઈ માછી (શાંતિનગર, નેત્રંગ) અને સબીરભાઈ પીરૂભાઈ મલેક (કોસ્યાકોલા, નેત્રંગ)નો સમાવેશ થાય છે.

બોડેલીમાં બુકાનીધારી તસ્કરોનો આતંક, પાંચ સ્થળોએ તાળા તૂટ્યા

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી શહેરમાં બુકાનીધારી તસ્કરોની ટોળકીએ એક જ રાતમાં આતંક મચાવતા શહેરમાં ચકચાર મચી ગઈ છે. દેવીનગર સોસાયટી અને શાક માર્કેટ વિસ્તારમાં તસ્કરોએ બંધ મકાનો અને દુકાનોને નિશાન બનાવી પાંચ જેટલી જગ્યાએ તાળાં તોડ્યાં હતાં. જેમાં એક મકાનમાંથી અંદાજે 10 લાખ રૂપિયાના સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. જ્યારે શાક માર્કેટની ચાંદની બેંગલ્સ નામની દુકાનમાંથી પણ આશરે 35 હજાર રૂપિયાની રોકડ રકમની ચોરી થઈ છે. ચોરીની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતાં બુકાનીધારી તસ્કરોને ઝડપી પાડવા પોલીસે તપાસ તેજ કરી છે. બીજી તરફ શહેરના રહેણાક વિસ્તારોમાં બનેલી ચોરીની ઘટનાઓને પગલે સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. છોટાઉદેપુર જિલ્લાના બોડેલીના દેવીનગર સોસાયટી અને રવિશંકર રોડ પર આવેલા શાક માર્કેટ વિસ્તારમાં રાત્રિના સમયે બુકાનીધારી તસ્કરો ત્રાટક્યા હતા. બંધ મકાનો અને દુકાનોને નિશાન બનાવી તસ્કરોએ એક પછી એક પાંચ જેટલી જગ્યાએ તાળાં તોડીને ચોરીનો પ્રયાસ કર્યો હતો. દેવીનગર સોસાયટીમાં બાબુભાઈ ભગીરથભાઈ પટેલ, યસ



અશોકભાઈ દરજી અને રંજનબેન અરવિંદભાઈ પટેલના મકાનોને તસ્કરોએ નિશાન બનાવ્યાં હતાં. જેમાં યસ અશોકભાઈ દરજી જો પોતાના ઘરે ઉપર માળે સુતા હતા તે વખતે તસ્કરો મકાનમાંથી આશરે 10 લાખ રૂપિયાની કિંમતના સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ ની માલ મતાલઇ ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે રવિશંકર રોડ પર આવેલા શાક માર્કેટ વિસ્તારમાં મસ્જિદ સામે આવેલી અબ્દુલરહેમાન અલીભાઈ ખત્રીની ચાંદની બેંગલ્સ દુકાનમાંથી આશરે 35 હજાર રૂપિયાની રોકડ રકમની ચોરી થઈ હતી.



‘ઇતિહાસમાં સૌથી વધુ ગેરસમજાયેલી સ્ત્રીને જીવંત કરવાનો પ્રયાસ’

‘રામાયણ’માં કૈકેયી બનીને ભાવુક થઈ અભિનેત્રી લારા દત્તા

મુંબઇ

નિતેશ તિવારીની ભવ્ય ફિલ્મ ‘રામાયણ’ આજે વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. ફિલ્મમાં અભિનેત્રી લારા દત્તા રાજા દશરથની પત્ની અને ભગવાન શ્રીરામના વનવાસ પાછળ મહત્વની ભૂમિકા ભજવનાર કૈકેયીના પાત્રમાં જોવા મળી રહી છે. ફિલ્મની રિલીઝના ખાસ અવસરે લારાએ સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ શેર કરી છે, જેમાં તેમણે કૈકેયીને ઇતિહાસની સૌથી વધુ ગેરસમજાયેલી સ્ત્રીઓમાંની એક ગણાવી છે. લારાએ પોતાની પોસ્ટમાં જણાવ્યું કે, વર્ષો પહેલાં પોતાના કરતાં પણ મોટી અને સમયથી પર એવી કોઈ વાર્તાનો ભાગ બનવાની તેની દિલથી ઇચ્છા હતી. હવે તેને એવી મહાન કથામાં સ્થાન મળ્યું છે, જે સદીઓથી લોકોના જીવન અને સંસ્કૃતિ સાથે જોડાયેલી છે. અભિનેત્રીએ આ તકને પોતાના માટે સૌભાગ્ય ગણાવ્યું છે.

કૈકેયીના પાત્ર વિશે વાત કરતાં લારાએ લખ્યું કે, એક એવી માતાની માનવીય લાગણીઓને પડદા પર જીવંત કરવાની જવાબદારી મળવી તેના માટે મોટી વાત છે, જેને ઇતિહાસમાં ઘણીવાર ખોટી રીતે સમજવામાં આવી છે. આ પાત્રનો ગુસ્સો, નબળાઇઓ, અપરાધભાવ અને પસ્તાવો દર્શાવવો એક પડકારજનક અનુભવ રહ્યો છે. કૈકેયીએ ઇતિહાસનો માર્ગ બદલી નાખ્યો હતો, અથવા કદાચ તે એવી દિશામાં આગળ વધી હતી, જે નિયતિનો જ એક ભાગ હતી.

અભિનેત્રીએ પોતાની પોસ્ટના અંતમાં આશા વ્યક્ત કરી કે તે માતા કૈકેયી સાથે ન્યાય કરી શકશે અને દર્શકો સદીઓથી ચાલી આવતી માન્યતાઓથી આગળ વધીને તેના પાત્રને સમજશે. તેણે કૈકેયીની ભૂમિકાને દિવ્ય ભવિષ્યવાણીને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ગણાવી અને અંતે ‘જય શ્રીરામ’ લખીને પોતાની લાગણી વ્યક્ત કરી. ફિલ્મમાં લારા દત્તા ઉપરાંત રણબીર કપૂર ભગવાન શ્રીરામ, સાઈ પલ્લવી માતા સીતા, યશ રાવણ, સની દેઓલ હનુમાન અને અરુણ ગોવિલ રાજા દશરથની ભૂમિકામાં છે. નિતેશ તિવારીના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ બે ભાગમાં રજૂ થવાની છે.

‘રામાયણમ્’ના પ્રથમ ભાગને U સર્ટિફિકેટ મળ્યું છે અને તેનો રનટાઇમ 3 કલાક છે. અહેવાલ અનુસાર, ફિલ્મનું કુલ બજેટ આશરે રૂપિયા 4,000 કરોડ છે. ફિલ્મ વિશ્વભરમાં લગભગ 59,000 સ્ક્રીન્સ પર રિલીઝ થઈ છે, જેમાં ભારતની 9,000 વધારાની સ્ક્રીન્સનો સમાવેશ થાય છે.

હવે દર્શકો માટે ફિલ્મમાં કૈકેયીનું આ નવું દૃષ્ટિકોણ કેટલું અસરકારક સાબિત થાય છે તે જોવું રસપ્રદ રહેશે

45 વર્ષીય બોલીવૂડ એક્ટ્રેસે કર્યું 14 કિલો વેઇટલોસ

અમૃતા અરોરા હાલમાં પોતાના જબરદસ્ત વેટ લોસ ટ્રાન્સફોર્મેશનને કારણે સોશિયલ મીડિયા પર છવાઇ

મુંબઇ

બોલીવૂડ એક્ટ્રેસ મલાઇકા અરોરાની બહેન અને જાણીતી એક્ટ્રેસ અમૃતા અરોરા હાલમાં પોતાના જબરદસ્ત વેટ લોસ ટ્રાન્સફોર્મેશનને કારણે સોશિયલ મીડિયા પર છવાયેલી છે. લાંબા સમયથી ફિલ્મી પડદાથી દૂર રહેલી અમૃતાએ તાજેતરમાં સોશિયલ મીડિયા પર પોતાનો નવો ફોટો શેર કર્યો છે, જેમાં તેનો બદલાયેલો અને એકદમ ફિટ લુક જોઈને ફેન્સ પણ દંગ રહી ગયા છે. તમે પણ અમૃતાના આ મેકઓવરના ફોટો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થઈ રહ્યા છે. 45 વર્ષીય બોલીવૂડ એક્ટ્રેસ અને ફિટનેસ ફ્રીક અમૃતા અરોરાની બહેન અમૃતા અરોરાએ સખત મહેનત અને મજબૂત મનોબળ સાથે માત્ર થોડા જ મહિનાઓમાં લગભગ ચૌદ કિલો વજન ઘટાડીને નવો ફિટનેસ બેન્ચમાર્ક સેટ કર્યો છે. અમૃતાના ચહેરા અને બોડીમાં આવેલો આ મોટો બદલાવ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે, જેની ઈન્ટરનેટ પર ભારે પ્રશંસા થઈ રહી છે. પોતાની ફિટનેસ સફર વિશે ખુલાસો કરતાં અમૃતાએ જણાવ્યું કે, આ વેટ લોસ તેના માટે માત્ર શારીરિક દેખાવ સુધારવાનો પ્રયાસ નહોતો, પરંતુ એક મોટો પર્સનલ ચેલેન્જ હતો. એક્ટ્રેસે જણાવ્યું હતું કે, છેલ્લા બે થી ત્રણ વર્ષ તેના જીવનના એવા રહ્યા જ્યારે તે પોતાની જાતને સૌથી ખરાબ ફિટનેસ તબક્કામાં અનુભવી રહી હતી. શારીરિક સ્થિતિ અને વધેલા વજનને જોઈને તેણે જૂની ફિટનેસ પાછી મેળવવાનો મક્કમ નિર્ધાર કર્યો અને કડક શિસ્ત સાથે વેટ લોસ કરવાનો નિર્ણય લીધો. અમૃતાએ પોતાની ફિટનેસ જર્નીના દર્દ વિશે વાત કરતાં કહ્યું હતું કે હું મારી કારકિર્દીના શરૂઆતના દિવસોથી જ અત્યંત દુબળી-પાતળી રહી છું.



શનાયા કપૂર અલગ જ અંદાજમાં ‘સ્ટુડન્ટ ઑફ ધ યર’ ફ્રૅન્ચાઇઝ જોવા મળશે

‘સ્ટુડન્ટ ઑફ ધ યર : આફ્ટર ડાર્ક’ નામની નવી વેબ-સિરીઝની જાહેરાત કરી છે

મુંબઇ

બોલીવૂડની અભિનેત્રી શનાયા કપૂર અલગ જ અંદાજમાં ‘સ્ટુડન્ટ ઑફ ધ યર’ ફ્રૅન્ચાઇઝ જોવા મળશે. કરણ જોહર પોતાની લોકપ્રિય ફિલ્મ-ફ્રૅન્ચાઇઝ ‘સ્ટુડન્ટ ઑફ ધ યર’ને એકદમ નવા અંદાજમાં રજૂ કરવા જઈ રહ્યો છે. ગઈ કાલે તેણે ‘સ્ટુડન્ટ ઑફ ધ યર : આફ્ટર ડાર્ક’ નામની નવી વેબ-સિરીઝની જાહેરાત કરી છે. આ સિરીઝમાં શનાયા કપૂર મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. અગાઉની ફિલ્મોમાં જોવા મળતી કૉલેજની ઝાકમઝાળ અને ગ્લૅમરને બદલે આ વખતે રહસ્ય, હિંસા અને સ્પર્ધાથી ભરેલી અંધકારમય દુનિયા રજૂ કરવામાં આવશે. કરણ જોહરે જાહેર કરેલા સિરીઝના ફર્સ્ટ લુકમાં શનાયા કપૂર લોહીથી ખરડાયેલી હાલતમાં જોવા મળે છે. તેનો આ લુક અત્યાર સુધી દર્શકોએ ‘સ્ટુડન્ટ ઑફ ધ યર’ ફ્રૅન્ચાઇઝમાં જોયેલી દુનિયાથી તદ્દન અલગ વાર્તાનો સંકેત આપે છે. સોશ્યલ મીડિયા પર આ જાહેરાત શૅર કરતાં કરણ જોહરે આ ફ્રૅન્ચાઇઝની અત્યાર સુધીની સફરને યાદ કરી હતી. તેણે લખ્યું હતું કે ‘આ અઠવાડિયે નોસ્ટાલ્જિયા જાણે પુરજોશમાં કામ કરી રહ્યું છે! આપણી પ્રિય ‘SOTY’ ફ્રૅન્ચાઇઝને ૧૪ વર્ષ પૂર્ણ થતાં અમે એને આગળ લઈ જવાની નવી સફર શરૂ કરી રહ્યા છીએ, પણ આ વખતે એ ‘આફ્ટર ડાર્ક’માં પ્રવેશી રહી છે. રફ, લોહિયાળ, બેધડક અને સંપૂર્ણપણે પાગલપંતીથી ભરપૂર. તૈયાર થઈ જાઓ.’





‘ચક દે! ઇન્ડિયા’ ફેમ અભિનેત્રીનું માઇક્રો-ડ્રામા સિરીઝમાં ડેબ્યૂ કર્યું

સાયબર ક્રાઇમ-ફ્રોડના પ્લોટની આ સિરીઝને લઇને દર્શકોમાં ઉત્સુકતા વધી છે

મુંબઇ

ફિલ્મ ‘ચક દે! ઇન્ડિયા’ ફિલ્મથી લોકપ્રિયતા મેળવનાર અભિનેત્રી વિદ્યા માલવડે હવે માઇક્રો-ડ્રામાની દુનિયામાં ડેબ્યૂ કર્યું છે. તે ‘સ્ટોરી ટીવી’ ની નવી સિરીઝ ‘સ્કેમ 2024 - ધ ડિજિટલ અરેસ્ટ સ્ટોરી’માં જોવા મળે છે. આ થ્રિલર સિરીઝમાં પ્રતીક સહજપાલ અને વિનીત રૈના પણ મહત્ત્વ ની ભૂમિકાઓમાં છે. ‘સ્મૉલ ટાઉન બૉય્ઝ’ દ્વારા નિર્મિત અને આલોક શર્મા દ્વારા નિર્દેશિત આ સિરીઝ હાલમાં ‘સ્ટોરી ટીવી’ ઍપ પર ઉપલબ્ધ છે. આ સિરીઝ ‘ડિજિટલ અરેસ્ટ’ કૌભાંડ પર આધારિત છે. પ્રતીક સહજપાલ આ સિરીઝમાં ‘વિકી મંડલ’નું પાત્ર ભજવે છે, જે છેતરપિંડીના આ નેટવર્કનો મુખ્ય સૂત્રધાર છે. વિનીત રૈનાએ રાજ ઠાકુરની ભૂમિકા ભજવી છે, જે એક સસ્પેન્ડ થયેલા અધિકારી છે અને આ નેટવર્ક સામેની લડાઈમાં જોડાય છે. સંદીપ અરોરાએ આ સિરીઝમાં આનંદની ભૂમિકા ભજવી છે. અન્ય કલાકારોમાં પ્રિયાંશી ત્રિપાઠી, પૂજા ઝા, આયુષી ત્યાગી, શીતલ તેજવાની, અશોક કે. ઝા અને યોગેશ પવારનો સમાવેશ થાય છે. સરકારી સાયબર સુરક્ષા વર્કશૉપ માં રજૂ કરાયેલા આંકડા મુજબ, ૨૦૨૫માં ભારતમાં સાયબર છેતરપિંડીને કારણે રૂ. ૨૨,૪૯૫ કરોડનું નુકસાન થયું હતું. આ સમયગાળા દરમિયાન, સાયબર ગુનાઓની ફરિયાદોની સંખ્યા ૨૮.૧૫ લાખ સુધી પહોંચી હતી–જે અગાઉના વર્ષની સરખામણીમાં લગભગ ૨૪ ટકાનો વધારો દર્શાવે છે. આ સિરીઝમાં વિદ્યા માલવડે ‘પ્રિયા શર્મા’નું પાત્ર ભજવે છે. પ્રિયા ‘ડિજિટલ અરેસ્ટ’ કૌભાંડનો ભોગ બને છે. જ્યારે તેને આ વિશાળ છેતરપિંડીના નેટવર્ક વિશે ખબર પડે છે, ત્યારે તે તેની સામે અવાજ ઉઠાવવાનો નિર્ણય લે છે. ‘બિગ બૉસ ૧૫’ના રનર-અપ પ્રતીક સહજપાલ આ સિરીઝમાં ‘વિકી મંડલ’નું પાત્ર ભજવે છે, જે છેતરપિંડીના આ નેટવર્કનો મુખ્ય સૂત્રધાર છે. વિનીત રૈનાએ રાજ ઠાકુરની ભૂમિકા ભજવી છે, જે એક સસ્પેન્ડ થયેલા અધિકારી છે અને આ નેટવર્ક સામેની લડાઈમાં જોડાય છે.

પ્રતિક ગાંધી, હંસલ મહેતા અને જાનકી બોડીવાલાએ ‘રફ એન્ડ ટફ કન્યા’ના ટ્રેલરને આપ્યો પ્રેમ

મુંબઇ

એક મજેદાર અને તહેવારોની મસ્તીથી ભરપૂર કોમેડી ફિલ્મ ‘રફ એન્ડ ટફ કન્યા’નું ટ્રેલર ગઈકાલથી જ ઈન્ટરનેટ પર ચર્ચાનો વિષય બન્યું છે. ફિલ્મના ટ્રેલરને જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે અને તે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યું છે.

આ ફિલ્મની ચર્ચા એટલી વધી છે કે ગઈકાલથી જ પ્રતિક ગાંધી, યશ સોની, હંસલ મહેતા, જાનકી બોડીવાલા, હેલી શાહ, ધર્મેશ, આરોહી પટેલ, કુશલ મિસ્ત્રી અને દિવ્યાંગ ઠક્કર જેવા જાણીતા ગુજરાતી કલાકારો ફિલ્મના સમર્થનમાં આગળ આવ્યા છે. તેમણે ‘રફ એન્ડ ટફ કન્યા’ને બોક્સ ઓફિસ પર સફળતા મેળવનારી ફિલ્મ ગણાવી છે. યશ વૈષ્ણવના દિગ્દર્શનમાં બનેલી આ ફેમિલી એન્ટરટેઇનર ફિલ્મ બિરલા સ્ટુડિયોઝ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી છે અને બિગ બોક્સ સિરીઝ પ્રોડક્શન દ્વારા નિર્મિત છે. ફિલ્મમાં બે મસ્તીખોર ગુજરાતી પરિવારો વચ્ચેની રમૂજી ટક્કર જોવા મળશે. ફિલ્મની કહાની શિવ પંડિત (પ્રસિદ્ધ અભિનેતા હિતેન કુમાર) નામના એક એવા પિતાની આસપાસ ફરે છે, જે પોતાની દીકરી છવિના લગ્ન કરીને ઘર છોડીને જવાના વિચારને પણ સહન કરી શકતા નથી. પરંતુ જ્યારે તેમને ખબર પડે છે કે છવિએ પોતાની પસંદગીના યુવક સાથે લગ્ન કરવાનો નિર્ણય લીધો છે, ત્યારે તેમની મુશ્કેલીઓ શરૂ થાય છે. દીકરીના લગ્ન રોકવા માટે પિતા અનેક પ્રયાસો કરે છે અને આ દરમિયાન બંને વિચિત્ર ગુજરાતી પરિવારો વચ્ચે એવી ટક્કર શરૂ થાય છે, જે દર્શકોને હસવા માટે મજબૂર કરી દેશે. ‘રફ એન્ડ ટફ કન્યા’ 20 નવેમ્બર, 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મમાં હિતેન કુમાર, રવિ ગોહિલ, યુક્તિ રાંડેરિયા અને નીલમ પંચાલ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.



DLS નિયમ મુજબ 32 ઓવરમાં 143 રનનો ટાર્ગેટ ભારતે 22.4 ઓવરમાં હાંસલ કર્યો

પ્રથમ વન-ડેમાં ભારતનો શાનદાર વિજય, ન્યૂઝીલેન્ડને 5 વિકેટે હરાવ્યું

મુંબઈ

ઓકલેન્ડ ખાતે રમાયેલી પાંચ મેચોની શ્રેણીની પ્રથમ વન-ડે મેચમાં ભારતીય ક્રિકેટ ટીમે શાનદાર પ્રદર્શન કરતા ન્યૂઝીલેન્ડ સામે 5 વિકેટે વિજય મેળવ્યો છે. પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડની ટીમ 40.2 ઓવરમાં 185 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. વરસાદના વિક્ષેપને કારણે ભારતને ડકવર્થ-લુઈસ-સ્ટર્ન (DLS) નિયમ મુજબ 32 ઓવરમાં 143 રન બનાવવાનો સુધારેલો ટાર્ગેટ મળ્યો હતો. ભારતીય ટીમે 22.4 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 143 રન કરી 56 બોલ બાકી રાખીને મેચ જીતી લીધી હતી. શાનદાર અને સચોટ બોલિંગ માટે 10 ઓવરમાં 22 રન આપી 2 વિકેટ લેનાર ભારતીય ફાસ્ટ બોલર અંશુલ કંબોજને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડ તરફથી વિલ યંગે 11 બોલમાં 9 રન, ટિમ સેઈફર્ટે 43 બોલમાં 38 રન, હેનરી નિકોલ્સે 11 બોલમાં 9 રન, ડેરિલ મિશેલે 41 બોલમાં 28 રન અને કેપ્ટન



જેમિસને 6 બોલમાં 1 રન કર્યા હતા. જેકોબ ડફી 21 બોલમાં 15 રને અણનમ રહ્યો હતો. 11માં ક્રમાંકે આવેલા બ્લેયર ટિકનરે 23 બોલમાં 34 રન ફટકાર્યા હતા. 13 એક્સ્ટ્રા રન સાથે ન્યૂઝીલેન્ડની ટીમ 40.2 ઓવરમાં 185 રને ઓલઆઉટ થઈ હતી. ભારત તરફથી અર્શદિપ સિંહે દમદાર પ્રદર્શન કરીને 10 ઓવરમાં 70 રન આપી 4 વિકેટ ઝડપી હતી. અંશુલ કંબોજે 10 ઓવરમાં 2 મેડન સાથે 22 રન આપી 2 વિકેટ અને ગુરનૂર બ્રારે 9.2 ઓવરમાં 44 રન આપી 3 વિકેટ ઝડપી હતી. આકિબ નબીએ 6 ઓવરમાં 33 રન અને અક્ષર પટેલે 5 ઓવરમાં 12 રન આપ્યા હતા, બંનેને કોઈ વિકેટ મળી ન હતી. ટોમ લેથમે 11 બોલમાં 3 રન બનાવ્યા હતા. ગ્લેન ફિલિપ્સે 51 બોલમાં 30 રન, મિચેલ સેંટનરે 16 બોલમાં 4 રન, નાથન સ્મિથે 9 બોલમાં 1 રન અને કાયલ

પ્રસિદ્ધ કિષ્ના ફિટ જાહેર, ત્રણેય ફોર્મેટ રમવા તૈયાર

નવી દિલ્હી

ભારતીય ઝડપી બોલર પ્રસિદ્ધ કિષ્નાને BCCIના સેન્ટર ઑફ એક્સેલન્સ (CoE)એ ફિટ જાહેર કર્યો છે. બેંગલુરુમાં 1 અને 2 નવેમ્બરે યોજાયેલી મેચ સિમ્યુલેશન ટેસ્ટમાં સફળ રહ્યા બાદ મેડિકલ ટીમે તેને મેદાન પર કમબેકની મંજૂરી આપી છે.

હવે તે ટેસ્ટ, વન-ડે અને T20 ત્રણેય ફોર્મેટ રમવા માટે ફિટ છે. જોકે, ફિટ હોવા છતાં પ્રસિદ્ધ ન્યૂઝીલેન્ડ સામે 4 નવેમ્બરથી શરૂ થનારી પાંચ મેચની વન-ડે સિરીઝમાં નહીં રમે. તેઓ ટૂંક સમયમાં ન્યૂઝીલેન્ડ જવા રવાના થઈ શકે છે, જ્યાં 7 નવેમ્બરથી ઈન્ડિયા-A અને ન્યૂઝીલેન્ડ-A વચ્ચે રમાનારી ત્રીજી અને અંતિમ અન-ઑફિશિયલ ટેસ્ટમાં રમવાનો પ્રયાસ કરશે. 30 સપ્ટેમ્બરે હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ હતી. પ્રસિદ્ધને 30 સપ્ટેમ્બરે વેસ્ટ ઇન્ડિઝ સામે ગુવાહાટીમાં રમાયેલી બીજી વન-ડે દરમિયાન ઈજા થઈ હતી. તે મેચમાં માત્ર 5 ઓવર બોલિંગ કરી શક્યો હતો અને ત્યારબાદ મેદાન છોડવું પડ્યું હતું. તપાસમાં તેની હેમસ્ટ્રિંગમાં ઈજા હોવાનું સામે આવ્યું હતું. મેચ સિમ્યુલેશનમાં ખેલાડીને વાસ્તવિક મુકાબલા જેવી પરિસ્થિતિઓમાં પ્રેક્ટિસ કરાવવામાં આવે છે. બોલરના કિસ્સામાં જોવામાં આવે છે કે તે કેટલી ઝડપથી દોડી શકે છે, પૂરી તાકાતથી બોલિંગ કરી શકે છે કે નહીં અને સતત ઓવર કર્યા બાદ શરીર કેવી પ્રતિક્રિયા આપી રહ્યું છે.

61.55ની સરેરાશથી 48 સદી અને 69 અડધી સદી ફટકારી

કોહલીની મોટી સિદ્ધિ, નંબર-3 પર બેટિંગ કરી 13,000 રન ફટકારનાર દુનિયાનો એકમાત્ર બેટર

ઓકલેન્ડ

ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે ન્યુઝીલેન્ડ સામેની વન-ડેમાં વિરાટ કોહલીએ 13,000 રન પૂરા કરીને નવો રેકોર્ડ બનાવ્યો છે. નંબર-3 પર બેટિંગ કરતા આ સિદ્ધિ મેળવનાર તે વિશ્વનો પ્રથમ બેટ્સમેન બન્યો છે. તેણે 61.55ની સરેરાશથી 48 સદી અને 69 અડધી સદી ફટકારી છે.

આ સાથે કોહલી સચિન તેંડુલકરના મહા-કીર્તિમાન તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે રમાઈ રહેલી પહેલી વન-ડે મુકાબલામાં વિરાટ કોહલીએ મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો. ભારતીય ક્રિકેટની રન મશીન વિરાટ કોહલીએ કીવી બોલરો સામે 12 રન બનાવતાની સાથે જ વન-ડે



ક્રિકેટમાં એક એવો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે, જેને આજ સુધી ક્રિકેટ ઈતિહાસનો કોઈ પણ દિગ્ગજ બેટ્સમેન સ્પર્શ પણ કરી ન શક્યો. વન-ડે ક્રિકેટમાં નંબર-3ની પોઝિશનને બેટિંગની સૌથી મુશ્કેલ અને મહત્ત્વપૂર્ણ કરોડરજ્જુ માનવામાં આવે છે. આ પોઝિશન પર ઉતરીને વિરાટ કોહલી હવે વનડે ઈતિહાસમાં 13,000 રન પૂરા કરનાર દુનિયાના પહેલા અને એકમાત્ર બેટ્સમેન બની ગયા છે.

આ મેચ પહેલાં વિરાટને આ ઐતિહાસિક આંકડા સુધી પહોંચવા માટે માત્ર 12 રનની જરૂર હતી. જેવો તેણે મેદાન પર પોતાની 12મો રન પૂરા કર્યા, આખું ઈડન પાર્ક સ્ટેડિયમ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું. આ મુકામની આસપાસ પણ દુનિયાનો કોઈ બીજો બેટ્સમેન નજર નથી આવતો. 186 રનના લક્ષ્યનો પીછો કરતા વિરાટે પોતાની ઈનિંગ્સના 13મા બોલ પર જેવો 12મો રન પૂરો કર્યો, તે વન-ડે ક્રિકેટમાં નંબર-3ની પોઝિશન પર 13,000 રન બનાવનાર દુનિયાના પહેલા અને એકમાત્ર બેટ્સમેન બની ગયા.

સચિન તેંડુલકરે જણાવ્યા ટોપ-3 ફેવરિટ કેપ્ટન, ધોની નંબર 1

મધ્ય પ્રદેશ 209 રન પર ઓલઆઉટ; અંગકૃષ રઘુવંશીની સતત ત્રીજી ફિફ્ટી

મુંબઈ

ભારતના મહાન બેટ્સમેન સચિન તેંડુલકરે પોતાના ફેવરિટ ટોપ 3 કેપ્ટનની પસંદગી કરી છે. Reddit પર એક સેશનમાં તેમણે જણાવ્યું કે, ભારતીય ટીમનું નેતૃત્વ કરવું સન્માનની વાત હતી, પરંતુ 1990ના દાયકામાં સંપૂર્ણ ટીમ પસંદ કરવાની આઝાદી નહોતી. સચિને સૌરવ ગાંગુલી અને MS ધોનીને પોતાના મનપસંદ કેપ્ટન ગણાવ્યા. તેમણે દક્ષિણ આફ્રિકાના ટેમ્બા બાવુમાના જુસ્સા અને નેતૃત્વની પણ પ્રશંસા કરી. ભારતના મહાન બેટ્સમેન સચિન તેંડુલકરે પોતાના ફેવરિટ ટોપ 3 કેપ્ટનની પસંદગી કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Reddit પર યોજાયેલા એક પ્રશ્નોત્તરી સેશન દરમિયાન સચિને પોતાના કેપ્ટનશીપના સમયગાળા, પોતાના મનપસંદ સુકાનીઓ અને દક્ષિણ આફ્રિકાના ટેસ્ટ કેપ્ટન ટેમ્બા બાવુમાના નેતૃત્વ અંગે ખુલીને વાત કરી હતી. એક યુઝરે સચિનને સવાલ કર્યો હતો કે, 'ભારતીય ટેસ્ટ ટીમના કેપ્ટન તરીકેનો તમારો અનુભવ કેવો રહ્યો અને આ ભૂમિકામાં ઢળવું તમારા માટે કેટલું મુશ્કેલ હતું? ખાસ કરીને ટેસ્ટ ક્રિકેટમાં એક કેપ્ટન તરીકે તમે ટેમ્બા બાવુમાને કેવી રીતે મૂલવો છો? તેમજ વ્યક્તિગત રીતે તમને કયા કેપ્ટનની આગેવાની હેઠળ રમવું સૌથી વધુ પસંદ હતું?' આ પ્રશ્નનો ઉત્તર આપતાં સચિને જણાવ્યું કે ભારતીય ટીમનું નેતૃત્વ કરવું



તેમના માટે ખૂબ મોટા સન્માનની વાત હતી. સચિને સ્વીકાર્યું હતું કે તે સમયે તેમને પોતાની મરજી મુજબ સંપૂર્ણ ટીમ પસંદ કરવાની આઝાદી નહોતી મળતી. તેમણે કહ્યું કે 1990 ના દાયકાની સરખામણીમાં આજનું BCCI ઘણું વધારે પ્રોફેશનલ સંગઠન બન્યું છે. તે દોરમાં ભારતીય ક્રિકેટ અત્યંત મુશ્કેલ તબક્કામાંથી પણ પસાર થયું હતું. ઉલ્લેખનીય છે કે સચિન તેંડુલકરે વર્ષ 1996થી 2000 વચ્ચે બે કાર્યકાળમાં ભારત માટે 25 ટેસ્ટ મેચોમાં કેપ્ટનશીપ કરી હતી. માર્ચ 2000માં દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે ટેસ્ટ સીરિઝમાં પરાજય બાદ તેમણે કેપ્ટન પદેથી રાજીનામું આપ્યું હતું અને ફરીથી ક્યારેય કેપ્ટન બનવાનો પ્રસ્તાવ સ્વીકાર્યો નહોતો.

દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમા વિશે સચિન તેંડુલકરે દિલ ખોલીને વખાણ કર્યા હતા: 'હું ટેમ્બા બાવુમાના જુસ્સાની સાચા અર્થમાં ખૂબ પ્રશંસા કરું છું. તેણે આગળ આવીને ટીમનું નેતૃત્વ સંભાળ્યું છે અને દક્ષિણ આફ્રિકન ક્રિકેટ માટે શાનદાર પરિણામો આપ્યા છે. દક્ષિણ આફ્રિકાનું ICC ટાઇટલ જીતવું એ વિશ્વ ક્રિકેટ માટે ઘણી સારી બાબત છે. પોતાની કરિયરમાં શ્રેષ્ઠ સુકાનીઓ હેઠળ રમવાના અનુભવ અંગે સચિન તેંડુલકરે સૌરવ ગાંગુલી અને એમએસ ધોનીના નેતૃત્વને સર્વોચ્ચ ગણાવ્યું હતું.

બિઝનેસ

1 કિલો ઘી ₹50 વધીને ₹680નું થયું

દિવાળી પહેલાં જ અમુલે ઘીના ભાવ વધાર્યા

મુંબઈ

અમૂલે ઘી અને બટર 3થી 50 સુધી મોંઘાં કરી દીધાં છે. 1 કિલો ઘીના કાર્ટનની કિંમત 630થી વધીને 680 થઈ ગઈ છે. બટરના 100 ગ્રામ પેકની કિંમત 63થી વધીને 66 થઈ ગઈ છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ભાવ વધવાનું કારણ ગુજરાત-રાજસ્થાનમાં નકલી ઘી વિરુદ્ધ કાર્યવાહી બાદ બ્રાન્ડેડ ઘીની વધેલી માગ છે. આથી સપ્ટેમ્બર 2025માં થયેલા GST ઘટાડાનો લાભ પણ ઘણો ઓછો થઈ ગયો છે. સપ્ટેમ્બર 2025માં GST દર ઘટ્યા બાદ અમૂલે 700 ડેરી પ્રોડક્ટ્સના ભાવ ઘટાડ્યા હતા. ડેરી પ્રોડક્ટ્સ પર GST 12%થી ઘટાડીને 5% કરવામાં આવ્યો હતો. તે સમયે 1 લીટર ઘીના કાર્ટનની કિંમત 650થી ઘટીને 610 થઈ ગઈ હતી. 5



લીટરનું ટિન 3,275થી ઘટીને 3,075 થઈ ગયું હતું. બટરના 100 ગ્રામ પેકની કિંમત 62થી ઘટીને 58 થઈ ગઈ હતી. 500 ગ્રામનું પેક 305થી ઘટીને 285નું થયું હતું. ભાવ વધવાની સાથે લોકોને અમૂલના કેટલાક ડેરી પ્રોડક્ટ્સ મેળવવામાં પણ મુશ્કેલી પડી રહી છે. વડોદરા અને અમદાવાદના દુકાનદારોએ જણાવ્યું કે ઘીનો સ્ટોક ઓછો થઈ રહ્યો છે. ગણેશોત્સવ બાદ માગ વધવાને કારણે કાઉ ઘીની ઉપલબ્ધતા પ્રભાવિત થઈ છે. મંગળવારે અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં આવેલા એક ડી-માર્ટ આઉટલેટમાં અમૂલ ઘી અને બટરનો સ્ટોક નહોતો. આ મુશ્કેલી માત્ર ગુજરાત પૂરતી મર્યાદિત નથી. જુલાઈ અને સપ્ટેમ્બરમાં પુણે અને કોલકાતામાં પણ સપ્લાય અટકવાની ફરિયાદો સામે આવી હતી. અમૂલ સાથે જોડાયેલા એક સહકારી નેતાએ જણાવ્યું કે ગુજરાત અને રાજસ્થાનમાં નકલી ઘી વિરુદ્ધ થયેલી મોટી કાર્યવાહીનું કારણ બનતાં બ્રાન્ડેડ ઘીની માગ અચાનક ખૂબ વધી ગઈ છે. છેલ્લા 6 મહિનામાં બંને રાજ્યોના વિવિધ વિસ્તારોમાંથી આશરે 2 લાખ કિલો નકલી ઘી જપ્ત કરવામાં આવ્યું છે. નકલી ઘી વિરુદ્ધ થયેલી આ કાર્યવાહી બાદ લોકોનો અમૂલ જેવી બ્રાન્ડ્સ પર વિશ્વાસ વધ્યો છે અને તેમણે બ્રાન્ડેડ ઘી ખરીદવાનું શરૂ કર્યું છે. તેમણે એમ પણ જણાવ્યું કે વર્ષ દરમિયાન કુલ જેટલું ઘી વેચાય છે, તેનો આશરે 45% હિસ્સો એકલા તહેવારોની સિઝનમાં જ વપરાય છે.

વેપાર કરાર બાદ આયાત ડ્યૂટી 150%થી ઘટીને 75% થઈ

ભારતમાં બ્રિટનથી બલ્ક સ્કોચ-વિસ્કીની આયાત 1000% વધી

આયાત ડ્યૂટીમાં ઘટાડાને કારણે કંપનીઓએ મોટા શિપમેન્ટ મંગાવવાનું શરૂ કર્યું છે. ભારત-યુકેનો ટ્રેડ એગ્રીમેન્ટ 15 જુલાઈ 2026થી અમલમાં આવ્યો હતો

મુંબઈ

ભારત અને બ્રિટન વચ્ચે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA)ના અમલ બાદ દેશમાં બલ્ક સ્કોચ વ્હિસ્કીની આયાત રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે. ઓગસ્ટ 2026માં બલ્ક સ્કોચ વ્હિસ્કીની આયાત વાર્ષિક ધોરણે આશરે 1,000% વધીને 12.39 મિલિયન ડોલર એટલે કે 117 કરોડ રૂપિયા રહી હતી. આયાત ડ્યૂટી 150%થી ઘટીને 75% થઈ આયાત ડ્યૂટીમાં ઘટાડાને કારણે કંપનીઓએ મોટા શિપમેન્ટ મંગાવવાનું શરૂ કર્યું છે.

ભારત-યુકેનો ટ્રેડ એગ્રીમેન્ટ 15 જુલાઈ 2026થી અમલમાં આવ્યો હતો. આ હેઠળ પાત્ર સ્કોચ વ્હિસ્કી પર આયાત ડ્યૂટી 150%થી ઘટાડીને 75% કરવામાં આવી છે. આ ટેરિફમાં ઘટાડા બાદ જ બલ્ક શિપમેન્ટમાં આટલો ઝડપી વધારો



જોવા મળ્યો છે. 2 લિટરથી વધુ ક્ષમતા ધરાવતા કન્ટેનરમાં સ્કોચ વ્હિસ્કીની આયાત આશરે 679% વધીને 2.5 મિલિયન એટલે કે 25 લાખ લિટર પર પહોંચી ગઈ છે, જે એક વર્ષ અગાઉ આ જ સમયગાળામાં 3.20 લાખ લિટર હતી. તેનાથી સ્પષ્ટ થાય છે કે આ વૃદ્ધિ માત્ર કિંમતોને કારણે નહીં, પરંતુ આયાતમાં થયેલા વધારાને કારણે થઈ છે.

નાની બોટલોમાં આયાત 30% ઘટી બલ્ક શિપમેન્ટથી વિપરીત, 2 લિટર અથવા તેનાથી ઓછી ક્ષમતાવાળા કન્ટેનરો (બોટલ)માં સ્કોચ વ્હિસ્કીની આયાતમાં ઘટાડો નોંધાયો. ઓગસ્ટમાં આ કેટેગરીની આયાત વાર્ષિક ધોરણે 30% ઘટીને 3.08 મિલિયન ડોલર એટલે કે 29 કરોડ રૂપિયા રહી, જે ગયા વર્ષે 4.39 મિલિયન ડોલર એટલે કે 41 કરોડ રૂપિયા હતી. તેની આયાતનું વોલ્યુમ પણ 30% ઘટીને 5,71,449 યુનિટ્સથી 402,507 યુનિટ્સ પર આવી ગયું છે. આથી જાણવા મળે છે કે ટેરિફમાં ઘટાડાની શરૂઆતની અસર નાની બોટલોની તુલનામાં બલ્ક શિપમેન્ટ પર વધુ પડી છે.

નાણાકીય વર્ષ 2027ના પ્રથમ 5 મહિનામાં 349%ની વૃદ્ધિ નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ 5 મહિનામાં બલ્ક સ્કોચ વ્હિસ્કીની આયાત ગયા વર્ષની સમાન અવધિની તુલનામાં આશરે 349% વધી છે. યુકેથી માત્ર સ્કોચ જ નહીં, પરંતુ અન્ય સ્પિરિટ્સની આયાતમાં પણ વધારો થયો છે. 2 લિટર અથવા તેનાથી ઓછા કન્ટેનરમાં જિનની આયાત ઓગસ્ટમાં 150% વધીને 0.84 મિલિયન ડોલર એટલે કે 8 કરોડ રૂપિયા થઈ હતી.

CEOએ કહ્યું- 13 વર્ષના ઇતિહાસનો સૌથી મુશ્કેલ સમય

કેનવા 1,271 કર્મચારીઓને નોકરીમાંથી કાઢશે: 22% સ્ટાફ પર અસર પડી

મુંબઈ

ઓનલાઈન ડિઝાઈન અને પબ્લિશિંગ પ્લેટફોર્મ કેનવાએ પોતાના વર્કફોર્સમાં 22%થી વધુનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. કંપનીના આ નિર્ણયથી ઓછામાં ઓછા 1,271 કર્મચારીઓની નોકરી જશે, તેમની ભૂમિકા બદલાશે અથવા તેમને સેન્ટ્રલ હબ્સમાં રિલોકેટ કરવામાં આવશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના કારણે ઓસ્ટ્રેલિયાની આ જાણીતી ટેક કંપનીમાં આ મોટો ફેરફાર થઈ રહ્યો છે. 13 વર્ષના ઇતિહાસનો સૌથી મુશ્કેલ સમય કેનવાની ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) મેલાની પર્કિન્સે કર્મચારીઓને મોકલેલી એક નોંધમાં જણાવ્યું કે સિડની સ્થિત આ



કંપનીની વૃદ્ધિ એક દાયકામાં પહેલીવાર ધીમી પડી છે. તેમણે આ પુનર્ગઠનને કંપનીના 13 વર્ષના ઇતિહાસનો સૌથી મુશ્કેલ સમય ગણાવ્યો છે.

પર્કિન્સે લખ્યું કે નવી ટેક્નોલોજી લોકોની સર્જન કરવાની રીત અને તેમની અપેક્ષાઓ બદલી રહી છે. હું આ મુશ્કેલ નિર્ણય પર પહોંચી છું કે નાના ફેરફારો પૂરતા નહીં થાય. નવી AI ટેક્નોલોજીની અસર: એન્થ્રોપિકના 'ક્લોડ' જેવા નવા AI ટૂલ્સ આવવાથી લોકો કોઈ ખાસ પ્રોગ્રામ વિના પોતાનું કામ કરી રહ્યા છે. ઓછા કર્મચારીઓની જરૂરિયાત: કંપનીઓ હવે ઓછા કર્મચારીઓ સાથે કામ ચલાવવા માટે AIનો સહારો લઈ રહી છે. વેલ્યુએશનમાં ઘટાડાની ચિંતા: રોકાણકારોને ડર છે કે નવી ટેક્નોલોજી આ કંપનીઓના વ્યવસાયને નુકસાન પહોંચાડી શકે છે, જેના કારણે સોફ્ટવેર ઉદ્યોગની કિંમતમાં અબજો ડૉલરનો ઘટાડો થયો છે.

ધનતેરસ પહેલાં સોના-ચાંદીના ભાવ ઉછળ્યા

- **સોનું ₹3,486 વધીને ₹1.41 લાખ પહોંચ્યું, ચાંદી પણ મોંઘી થઈ; ગોલ્ડમાં એકસાથે રોકાણ ન કરવાની એક્સપર્ટની સલાહ**

મુંબઈ

સેન્સેક્સ આજે એટલે કે 3 નવેમ્બરે 1,225 અંક (1.62%)ના ઉછાળા સાથે 76,918 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 370 અંક (1.58%)નો ઉછાળો રહ્યો અને તે 23,811 પર પહોંચી ગયો. આજે ઓટો, FMCG અને રિયલ્ટી શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી. આ પહેલાં ગઈકાલે એટલે કે 2 નવેમ્બરે પણ બજારમાં તેજી રહી હતી. સેન્સેક્સ 1,233 અંક વધીને 75,693 પર બંધ થયો હતો. નિફ્ટી 388 અંક વધીને 23,440 પર બંધ થયો હતો. બજારમાં તેજીના 2 કારણો 1. વિદેશી અને સ્થાનિક રોકાણકારોની ખરીદી: લાંબા સમયથી વેચવાલી કરી રહેલા વિદેશી રોકાણકારો (FIIs)એ સોમવારે 3,115 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. આ ખરીદીને કારણે બજારને મજબૂત ટેકો મળ્યો.

2. કાચા તેલની કિંમતોમાં થોડી રાહત: બ્રેન્ટ ક્રૂડ ઑઇલની કિંમત ઘટીને 105 ડૉલર પ્રતિ બેરલ પર આવી ગઈ. ભારત પોતાની જરૂરિયાતનું મોટાભાગનું કાચું તેલ વિદેશથી આયાત કરે છે. તેલની કિંમતોમાં આ ઘટાડો બજાર માટે સકારાત્મક રહ્યો. વેસ્ટવોટર ટ્રીટમેન્ટ સોલ્યુશન્સ આપતી કંપની SFC એન્વાયરમેન્ટ ટેક્નોલોજીઝ લિમિટેડના શેર 330 રૂપિયાના ઇશ્યૂ પ્રાઇસની સરખામણીએ આશરે 8% પ્રીમિયમ સાથે લિસ્ટ થયા.

અમદાવાદીઓ અને વાહનચાલકો પર મોંઘવારીનો વધુ એક મોટો પ્રહાર

અદાણી દ્વારા CNGના ભાવમાં 2.30નો તોતિંગ વધારો, ભાવ સીધા 100 ને પાર!!

■ માત્ર 13 દિવસમાં જ ફરીથી સીએનજીના ભાવો ભડકે બળ્યા; માત્ર 1 કિલો સીએનજી ગૅસ માટે હવે ચૂકવવા પડશે ₹. 100.77; મધ્યમ વર્ગ અને રિક્ષાચાલકોની કમર ભાંગી

અમદાવાદ

અમદાવાદ શહેર સહિત સમગ્ર ગુજરાતના વાહનચાલકો માટે એક અત્યંત માઠા અને આંચકાજનક સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં ફરી એકવાર મોંઘવારીનો રાક્ષસ ખુલ્લો મૂકાયો હોય તેમ અદાણી ગેસ દ્વારા સીએનજી (CNG) ના ભાવમાં ફરી એકવાર મસમોટો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. અદાણી દ્વારા સીએનજીના ભાવમાં સીધા રૂ. 2.30 નો તોતિંગ વધારો કરવામાં આવતા આજના સમયમાં સીએનજી ગેસે આશરે ૧૦૦ રૂપિયાની સદી પાર કરી નાખી છે! આ નવા વધારા સાથે હવે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં સીએનજીનો ભાવ પ્રતિ કિલોગ્રામ વધીને સીધો રૂ. 100.77 ની ઊંચી સપાટીએ પહોંચી ગયો છે. રોજબરોજ વાહનો લઈને બહાર નીકળતા નોકરીયાત વર્ગ, વ્યાપારીઓ અને ખાસ કરીને પોતાના વાહનોથી ગુજરાન ચલાવતા રિક્ષાચાલકો તથા ટેક્સી ચાલકોના માથે આ વધારો વજ્રાઘાત સમાન સાબિત થઈ રહ્યો છે. ખાસ નોંધવા જેવી બાબત એ છે કે, તંત્ર કે કંપનીઓ દ્વારા સામાન્ય જનતાને રાહત આપવાના બદલે વારંવાર આર્થિક બોજ નાખવામાં આવી રહ્યો છે. હજુ થોડા દિવસો પહેલા જ અગાઉ પણ સીએનજીના ભાવમાં જબરદસ્ત વધારો કરવામાં આવ્યો હતો, જેમાં એક જ ઝાટકે રૂ. 4.45 નો વધારો ઝીંકવામાં આવ્યો હતો. આ જૂના ભાવ વધારાની કળ હજુ વળી નથી ત્યાં તો માત્ર ૧૩ દિવસના ટૂંકા અંતરાલ બાદ ફરીથી રૂ. 2.30 નો વધારો લાદી દેવામાં આવ્યો છે! ટૂંક સમયમાં જ



વારંવાર ભાવ વધારાની આ નીતિથી પ્રજામાં ભારે રોષ અને આક્રોશ ફાટી નીકળ્યો છે. પેટ્રોલ અને ડિઝલના ભાવો તો પહેલેથી જ આસમાને પહોંચેલા છે, જેનાથી બચવા માટે મોટાભાગના લોકોએ સીએનજી વાહનો અપનાવ્યા હતા. પરંતુ હવે સરકારી અને અદાણી જેવા ખાનગી સપ્લાયરો દ્વારા સીએનજીના ભાવ પણ સીધા ૧૦૦ રૂપિયાની પાર પહોંચાડી દેવાતા પરિવહનનો ખર્ચ અસહ્ય બની ગયો છે. રોજ સવારથી સાંજ સુધી રિક્ષા હંકારીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા ગરીબ અને મધ્યમ વર્ગના રિક્ષાચાલકો હવે પૂછી રહ્યા છે કે આ રીતે અંધાધૂંધ વધતી મોંઘવારીમાં તેમણે જીવવું કેમ? ગેસના ભાવ વધવાને કારણે હવે રોજિંદા ખર્ચાઓ પણ કાઢવા મુશ્કેલ બન્યા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) નો મોટો ઝાટકો: શહેરમાં પાર્કિંગ ચાર્જમાં થયો મસમોટો વધારો

મોંઘવારીના જમાનામાં અમદાવાદીઓનું ખિસ્સું વધુ ખાલી થશે

અમદાવાદ શહેરમાં વાહનચાલકો અને સામાન્ય નાગરિકો માટે એક અત્યંત મહત્વના અને આંચકાજનક સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની ટાઉન પ્લાનિંગ કમિટીએ શહેરની તમામ મ્યુનિસિપલ પાર્કિંગ સુવિધાઓમાં પાર્કિંગ ચાર્જ વધારવાના પ્રસ્તાવને લીલી ઝંડી આપી દીધી છે. ટાઉન પ્લાનિંગ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલો આ વિવાદિત પ્રસ્તાવ હવે આગામી સમયમાં સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ આખરી મંજૂરી માટે રજૂ કરવામાં આવશે. સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરીની મહોર વાગતાં જ સમગ્ર શહેરમાં સુધારેલા અને વધારેલા પાર્કિંગ દરો તાત્કાલિક અસરથી અમલમાં મૂકી દેવામાં આવશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લાવવામાં આવેલા નવા દર માળખા મુજબ શહેરને વાહનોની ગીચતાના આધારે બે અલગ-અલગ ઝોનમાં વહેંચીને ચાર્જ નક્કી કરવામાં આવ્યા છે. શહેરના વધુ ગીચતા ધરાવતા એટલે કે 'હાઈ-ડેન્સિટી' વિસ્તારોમાં હવે વાહન પાર્ક કરવું ભારે પડી જશે. આવા પ્રાઇમ અને ગીચ વિસ્તારોમાં કલાકદીઠ પાર્કિંગ ચાર્જ ટૂ-વ્હીલર (બે પૈડાંવાળા વાહનો) માટે વધારીને રૂ. 20 અને ફોર-વ્હીલર (ચાર પૈડાંવાળા વાહનો) માટે રૂ. 40 નક્કી કરવામાં આવ્યા છે. બીજી તરફ, ઓછી ગીચતા ધરાવતા એટલે કે 'લો-ડેન્સિટી' વિસ્તારોમાં ટૂ-વ્હીલર માટે કલાકદીઠ રૂ. 10 અને ફોર-વ્હીલર માટે રૂ. 20 ચાર્જ વસૂલવાની જોગવાઈ કરવામાં આવી છે.

સંક્ષીપ્ત સમાચાર

પાલડીમાં ચેઇન સ્નેચિંગની રબ્બરની જેમ ચોરી કરતી ગેંગનો ક્રાઇમ બ્રાન્ચે આચર્યો પર્દાફાશ

અમદાવાદ શહેરના પાલડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા એક માસ દરમિયાન મહિલાઓ અને મુસાફરોને નિશાન બનાવી ચેઈન સ્નેચિંગના ગુના આચરતી શાતિર ટોળકી સામે અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે મોટી સફળતા મેળવી છે. પાલડી વિસ્તારમાં છેલ્લા એક મહિનામાં દાખલ થયેલા ચેઈન સ્નેચિંગના ૦૭ જેટલા અનડિટેક્ટ ગુનાઓનો ત્વારિત ઉકેલ લાવવા માટે ક્રાઇમ બ્રાન્ચની ટીમે ચક્ર ગતિમાન કર્યા હતા. આ દરમિયાન મળેલી ચોક્કસ અને સચોટ બાતમીના આધારે પોલીસે બે રીઢા આરોપીઓને રંગેહાથ ઝડપી પાડ્યા છે. અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે પાલડી એન.આઇ.ડી. પાસે આવેલા શિવાભાઇ ઢોસાવાળાની સામે ખુલ્લા પાર્કિંગમાં ચેઈન સ્નેચિંગમાં સંડોવાયેલા શખ્સો વાહન સાથે ઊભા છે. બાતમીના આધારે દરોડો પાડીને પોલીસે નીચે મુજબના બંને આરોપીઓની અટકાયત કરી હતી: ઝડપાયેલા બંને આરોપીઓની કડક પૂછપરછ અને જડતી લેતાં તેમની પાસેથી પાલડી વિસ્તારમાંથી તસ્કરી કરેલી ૦૫ સોનાની ચેઈન તથા ૦૧ પેન્ડન્ટ (કિંમત રૂ. ૬,૨૦,૨૦૦/-), ૨ નંગ મોબાઈલ ફોન (કિંમત રૂ. ૩૦,૦૦૦/-) અને ગુનામાં વાપરેલું એક્ટિવા મોપેડ (કિંમત રૂ. ૫૦,૦૦૦/-) મળીને કુલ રૂ. ૭,૦૦,૨૦૦/- નો મસમોટો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

છરી બતાવી મુસાફરને લૂંટતી 'છૂટા હાથ' ગેંગના 3 સાગરીતો ઝડપાયા, વેપારીને રિક્ષામાં બેસાડી ₹.50 હજાર લૂંટ્યા હતા

અમદાવાદ પોલીસે 4 મહિના જૂની રિક્ષા લૂંટનો ભેદ ઉકેલી 3 આરોપીઓને ઝડપી પાડ્યા છે. રામોલના રાજેન્દ્રપાર્ક પાસેથી ભંગારના વેપારીને રિક્ષામાં બેસાડી છરીની અણીએ ₹.50 હજાર લૂંટ્યા હતા. પોલીસે સીટીએમ ચાર રસ્તા પાસેથી વટવાના 3 આરોપીઓને દબોચી, રોકડ અને રિક્ષા સહિત ₹.1.19 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સુરતના 2 વોન્ટેડ આરોપીઓની શોધખોળ ચાલુ છે. શહેરના રામોલ રાજેન્દ્રપાર્ક ચાર રસ્તા પાસેથી ભંગારના વેપારીને ઓટોરિક્ષામાં બેસાડી છરીની અણીએ ₹.50 હજારની લૂંટ ચલાવવાના 4 મહિના જૂના ગુનામાં પોલીસે 3 આરોપીને ઝડપી પાડ્યા છે. સીટીએમ ચાર રસ્તા પાસેથી વટવા ચાર માળિયાના 3 આરોપીઓને લૂંટના રોકડા તથા ગુનામાં વપરાયેલી સીએનજી રિક્ષા મળી કુલ ₹.1.19 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ગુનામાં સંડોવાયેલા સુરતના 2 વોન્ટેડ આરોપીઓની ધરપકડ માટે પોલીસે તપાસ તેજ કરી છે. આરોપીઓ 4 મહિના પછી બીજા શિકારની શોધમાં નીકળ્યા અને પકડાયા હોવાનું સામે આવ્યું હતું. મળતી માહિતી પ્રમાણે, બાપુનગર સુંદરમનગર પાસે રહેતા અને ભંગારનો વેપાર કરતા વેપારી ગત 3 જુલાઈ 2026ના રોજ સવારે સવા છ વાગ્યાની આસપાસ વડોદરા જવા રાજેન્દ્રપાર્ક ચાર રસ્તા પાસે રિક્ષાની રાહ જોતા હતા. તે વખતે એક સીએનજી રિક્ષા આવતાં ચાલકે ₹.15 ભાડું નક્કી કરી તેમને પાછળ બેસાડ્યા હતા.

SG હાઈવે પર દારૂ ભરેલી કાર ઝડપાઈ, શામળાજીથી ગુલબાઈ ટેકરા આપવાની હતી ડિલિવરી

અમદાવાદના S.G. હાઈવે પરથી સોલા હાઈકોર્ટ પોલીસે દિવાળી પૂર્વે 4.52 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. નીરમા યુનિવર્સિટી સામે વોચ ગોઠવીને બોગસ નંબર પ્લેટવાળી કારમાંથી 1,800 બોટલ દારૂ-બિયર સાથે ડીસાના કારચાલક ચેતન માળીને ઝડપી પાડ્યો. પોલીસે કાર અને મોબાઈલ સહિત કુલ 10.57 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. શામળાજીથી ગુલબાઈ ટેકરા ડિલિવરી આપવાની હતી. દિવાળીના તહેવાર દરમિયાન માગને પહોંચી વળવા લાવવામાં આવી રહેલો વિદેશી દારૂનો જથ્થો અમદાવાદના એસ.જી. હાઈવે પરથી ઝડપાઈ ગયો છે. સોલા હાઈકોર્ટ પોલીસે એસ.જી. હાઈવે પર નીરમા યુનિવર્સિટી સામે વોચ ગોઠવીને બનાવટી નંબર પ્લેટ ધરાવતી કારમાંથી 4.52 લાખ રૂપિયાની કિંમતનો 1,800 બોટલ વિદેશી દારૂ અને બિયરનો જથ્થો જપ્ત કર્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે ડીસાના કારચાલકની ધરપકડ કરી કાર તથા મોબાઈલ સહિત કુલ 10.57 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે લીધો છે.

બાકરોલની સ્ક્રેપ કંપનીમાં ચોરીની કોશિષ કરનાર પૂર્વ કર્મચારી સહિત 2 શખ્સો ઝબ્બે

અમદાવાદના કણભા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાકરોલ બુજરંગ ગામના સ્વર્ણિમ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલી સ્ક્રેપ કંપનીમાં ચોરીની કોશિશના ગુનાનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલાયો છે. કંપનીમાં અગાઉ કામ કરી ચૂકેલો પૂર્વ કર્મચારી પ્રકાશ દેવીલાલ કાબરા પોતાના ત્રણ સાગરીતો સાથે સફેદ કલરના ટેમ્પામાં આવી કંપનીનું શટર તોડી ચોરી કરવાનો નિષ્ફળ પ્રયાસ કરતાં કણભા પોલીસે દહેગામના પ્રકાશ કાબરા સહિત બે આરોપીઓને ઝડપી પાડ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ તા. 3જી નવેમ્બરની વહેલી સવારે સાડા ત્રણ વાગે બાકરોલ ગામના સ્વર્ણિમ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલી શિવાય અલ્ટીમેટસ પ્રા. લિ. નામની સ્ક્રેપ કંપનીમાં ચાર શખ્સો આવ્યા હતા. કંપનીમાં અગાઉ કામ કરી ચૂકેલા પ્રકાશ કાબરા અને તેની સાથે આવેલા ત્રણ સાગરીતોએ કંપનીનું તાળું તથા શટર તોડવાની કોશિશ કરી હતી.

હાઇકોર્ટના સ્ટે ઓર્ડરનો ધજાગરો

ભુદરપુરામાં ગરીબોના આશિયાના ઉજાડ્યા પછી જાગેલું AMCનું પાખંડી તંત્ર!

અમદાવાદ

અમદાવાદના ભુદરપુરા વિસ્તારમાં ગત ૯ ઓક્ટોબરે આચરવામાં આવેલા માનવતાહીન ડિમોલિશનના કાંડ સામે હવે ભારે જનરોષ ફાટી નીકળ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના નિષ્ઠુર અને અહંકારી સરકારી બાબુઓએ કાયદાના તમામ નિયમોને ઘોળીને પી જઈને અતિ ગરીબ અને અસહાય પરિવારના છત છીનવી લીધા છે. સૌથી ચોંકાવનારી અને શરમજનક બાબત તો એ છે કે, જે તે સમયે સ્થાનિકો પાસે માનનીય હાઇકોર્ટનો 'સ્ટે ઓર્ડર' હોવા છતાં, કાયદાનો કોઈ પણ ખોફ રાખ્યા વિના મનસ્વી રીતે બુલડોઝર ફેરવી દેવામાં આવ્યા.



AMC ના તંત્રની દાદાગીરીનો આલમ એ હતો કે સાંજે અચાનક નોટિસ ફેંકવામાં આવે છે અને તાબડતોબ બીજી જ સવારે જેસીબી અને બુલડોઝરોનો કાફલો ખડકી દેવાય છે! પરિવારને પોતાનો સામાન સરખો કરવાનો પણ સમય આપવામાં ન આવ્યો અને વહેલી સવારે જ ગરીબોની આખી જિંદગીની કમાણી પર પીળી બુલડોઝર ફેરવી દેવાઈ. દિવાળીનો પવિત્ર તહેવાર આરે આવીને ઊભો છે ત્યારે ગરીબ બાળકો અને વૃદ્ધોને ખુલ્લા આકાશ નીચે ભટકતા કરી દેવામાં આવ્યા છે.

હવે જ્યારે પાણી પહેલાં પાળ બાંધવા નીકળેલું ભ્રષ્ટ AMC તંત્ર ભારે ફજેતી બાદ પોતાના કાળો ચીઠ્ઠો છુપાવવા નવા ગતકડાં લાવી રહ્યું છે! હવે AMC ના સત્તાધીશો એવા મોટો નિર્ણય સંભળાવી રહ્યા છે કે "હવેથી કોઈ પણ ડિમોલિશન કરતા પહેલાં ૭ દિવસની આગોતરી નોટિસ અપાશે અને ૪૮ કલાકમાં કાટમાળ સાફ કરાશે!"

વાહ રે વાહ AMC ના બાબુઓ! આ તો પૂર આવ્યા પછી પાળ બાંધવા જેવી વાત થઈ. ગરીબોના ઘર તોડીને, તેમનું સર્વસ્વ લૂંટી લીધા પછી હવે તમને નિયમો યાદ આવ્યા?

અમદાવાદમાં કાયદા-વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવતી AMC અને પોલીસની મોટી પહેલ

મોટેરા ખાતે નવ-નિર્મિત મોટેરા પોલીસ સ્ટેશનનું ભવ્ય લોકાર્પણ

અમદાવાદ

અમદાવાદ શહેરની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ મજબૂત તથા સુદ્રઢ બનાવવાના આશયથી ઉત્તર અને પશ્ચિમ અમદાવાદના ઉગતા અને અતિ મહત્વના એવા મોટેરા વિસ્તારમાં નવ-નિર્મિત 'મોટેરા પોલીસ સ્ટેશન' નું લોકાર્પણ કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેરની ઝડપથી વધતી જતી વસ્તી અને ક્રિકેટ સ્ટેડિયમ જેવા આંતરરાષ્ટ્રીય સ્તરના મહત્વના સ્થળોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલા આ અદ્યતન પોલીસ સ્ટેશનનું ઉદ્ઘાટન અને લોકાર્પણ માનનીય ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના વરદ હસ્તે અત્યંત ગૌરવપૂર્ણ માહોલમાં કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે ગૌરવવંતી ઉપસ્થિતિમાં કેન્દ્રીય મંત્રી તથા વિસ્તારના લોકપ્રિય સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, રાજ્યકક્ષાના મંત્રીઓ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર, સાબરમતીના ધારાસભ્ય શ્રી હર્ષદ પટેલ, નરોડાના ધારાસભ્ય શ્રીમતી ડો. પાયલ કુકરાણી તેમજ અન્ય સ્થાનિક જનપ્રતિનિધિઓ અને મહાનુભાવો વિશેષ રૂપે હાજર રહ્યા હતા. વહીવટી અને સીધા સુરક્ષા તંત્ર તરફથી ગુજરાત રાજ્યના પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી (DGP) શ્રી જી. એસ. મલિક (IPS) તથા અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી અનુપમસિંહ ગેહલોત (IPS) સહિત શહેરના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ આ લોકાર્પણવિધિના કાર્યક્રમમાં જોડાયા હતા. વિશ્વના સૌથી મોટા અને ભવ્ય એવા નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમની આસપાસના તેમજ મોટેરા-સાબરમતી વિસ્તારના નાગરિકો માટે આ પોલીસ સ્ટેશન આશીર્વાદરૂપ સાબિત થશે. નવ-નિર્મિત મોટેરા પોલીસ સ્ટેશનને આધુનિક ટેકનોલોજી, કમ્પ્યુટરાઈઝ્ડ સિસ્ટમ, લોકઅપ, નાગરિકો માટે સુવિધાજનક વેટિંગ એરિયા અને મહિલા સહાયતા કેન્દ્ર જેવી સુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યું છે.

સળગતી આગના દ્રશ્યોથી વાહનચાલકોમાં ફફડાટ

જુહાપુરામાં નિર્માણાધીન બ્રિજ પર વેલ્ડિંગની લાપરવાહીથી ભભૂકી આગ

અમદાવાદ

અમદાવાદ શહેરના અતિ સંવેદનશીલ અને ગીચ ગણાતા જુહાપુરા વિસ્તારમાંથી કાયદો, વ્યવસ્થા અને સુરક્ષાના ધજાગરા ઉડાવતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. જુહાપુરામાં હાલ પૂરજોશમાં ચાલી રહેલા નિર્માણાધીન બ્રિજ (ઓવરબ્રિજ/ફ્લાયઓવર) પર વેલ્ડિંગની કામગીરી ચાલી રહી હતી, તે દરમિયાન અચાનક જ ભીષણ આગ ભભૂકી ઊઠતા આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી. આ ભયાનક આગનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર શહેરમાં ચકચાર મચી જવા પામી છે.



મળતી વિગતો મુજબ, જુહાપુરામાં ચાલી રહેલા આ મહત્ત્વના બ્રિજ પ્રોજેક્ટ પર શ્રમિકો દ્વારા લોખંડ કાપવાની કે વેલ્ડિંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન પૂરતી સાવચેતી રાખવામાં આવી ન હતી અને સુરક્ષાના સાધનો ન હોવાને કારણે વેલ્ડિંગના તણખાથી અચાનક આગ ફાટી નીકળી હતી. થોડી જ વારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા બ્રિજ પર કાળા ડિબાગ ધુમાડાના ગોટેગોટા ઉડવા લાગ્યા હતા. નજરે જોનારાઓના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા અને સદનસીબે કોઈ મોટી જાનહાની ટળી હતી, પરંતુ આ ઘટનાએ બાંધકામ સ્થળ પરની સુરક્ષા વ્યવસ્થાની પોલ ખોલી નાખી છે. આ ઘટના બાદ સ્થાનિક નાગરિકો અને જાગૃત શહેરીજનો દ્વારા તંત્રની કામગીરી સામે સીધા અને સખત સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. શું બ્રિજ જેવા જાહેર ઉપયોગના સંવેદનશીલ પ્રોજેક્ટ પર કામ કરતી વખતે ફાયર સેફ્ટીનાં પૂરતાં સાધનો ઉપલબ્ધ નહોતા? શું કામદારોની સુરક્ષા (Safety First) માટે કોઈ કાળજી રાખવામાં આવે છે કે પછી માત્ર કાગળ પર જ નિયમો ચાલે છે? આટલા મોટા પ્રોજેક્ટ પર સુરક્ષાના ધોરણોનું પાલન કરાવવાની જવાબદારી જે કોન્ટ્રાક્ટરની હતી, તેણે આંખ આડા કાન કેમ કર્યા?

કાલુપુરમાં મુસાફરોને રિક્ષામાં બેસાડી લૂંટી લેતી શાતિર ગેંગનો પર્દાફાશ

અમદાવાદ

અમદાવાદના અતિ વ્યસ્ત એવા કાલુપુર વિસ્તારમાં મુસાફરોની સુરક્ષા સામે સવાલ ઊભા કરતી એક ગંભીર ઘટનામાં અમદાવાદ શહેર પોલીસને મોટી સફળતા મળી છે. કાલુપુર વિસ્તારમાંથી પસાર થતા અથવા રેલ્વે સ્ટેશન-બસ સ્ટેન્ડ તરફ જતા નિર્દોષ મુસાફરોને રિક્ષામાં ભાડૂતી મુસાફર તરીકે બેસાડીને આગળ જઈ અવાવરૂ સ્થળે લૂંટી લેતી અસામાજિક તત્વોની ગેંગને કાલુપુર પોલીસે બાતમી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ઝડપી પાડી છે. આ મોડસ ઓપરેન્ડીની વિગતવાર વાત કરીએ તો, કાલુપુર અને આસપાસના વિસ્તારમાં મોડી રાત્રે કે વહેલી સવારે બહારગામથી આવતા મુસાફરોને આ શખ્સો પોતાની રિક્ષામાં બેસાડતા હતા. રિક્ષામાં અગાઉથી જ ગેંગના અન્ય સભ્યો મુસાફરના સ્વાંગમાં બેઠેલા હોતા હતા. મુસાફર રિક્ષામાં બેસે તે પછી રસ્તામાં વાતોમાં પરોવીને કે ધાકધમકી આપીને તેમની પાસે રહેલા રોકડ રકમ, મોબાઈલ ફોન, સોના-ચાંદીના દાગીના કે અન્ય કિંમતી સામાન બળજબરીપૂર્વક પડાવી લેતા હતા.

₹120 કરોડની જમીન પચાવી પાડવાનું મસમોટું કૌભાંડ!

રશ્મિ બિલ્ડર સામે જમીન પચાવી પાડવાના ગંભીર આરોપોથી રિયલ એસ્ટેટ જગતમાં ખળભળાટ

અમદાવાદ

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતના રિયલ એસ્ટેટ ક્ષેત્રને હચમચાવી નાખતી એક અતિ ચોંકાવનારી અને ગંભીર ઘટના સામે આવી છે. જાણીતી રશ્મિ બિલ્ડર (Rashmi Builder) સામે આશરે 120 કરોડની કિંમતી જમીન પચાવી પાડવાના અને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવાના સનસનાટીભર્યા આક્ષેપો મૂકવામાં આવ્યા છે. વિવાદિત જમીનને સેટલ કરવાની અને તેના પર નફાકારક સ્કીમ બનાવવાની લાલચ આપીને ખેલાયેલા આ કાળો કારોબારનો ભાંડો ફૂટતાં જ ભૂમાફિયાઓ અને બિલ્ડર વર્તુળોમાં ભારે ચકચાર મચી જવા પામી છે. મળતી માહિતી અને ફરિયાદીના આરોપો મુજબ, આ કરોડો રૂપિયાની

જમીનમાં શરૂઆતમાં કાયદેસર કે ટેકનિકલ વિવાદો ચાલી રહ્યા હતા. આ પરિસ્થિતિનો લાભ લઈને રશ્મિ બિલ્ડર દ્વારા જમીનમાલિકો અથવા સંબંધિત પક્ષકારોનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. બિલ્ડર તરફથી એવી મોટી લાલચ આપવામાં આવી હતી કે "જમીન વિવાદિત છે, પરંતુ અમારી પાસે કાયદાકીય અને પ્રોજેક્ટ ડેવલપમેન્ટનું મોટું નેટવર્ક છે, જે આ વિવાદ ઉકેલી દેશે." વિવાદ ઉકેલવાની આડમાં જમીન પર એક ભવ્ય અને આકર્ષક રિયલ એસ્ટેટ સ્કીમ ડેવલપ કરવાનો રોડમેપ બતાવવામાં આવ્યો હતો. આ લાલચમાં આવીને જ્યારે સામો પક્ષ વિશ્વાસમાં આવ્યો, ત્યારે વિવાદ સુલઝાવવાના અને દસ્તાવેજી પ્રક્રિયાના નામે કરોડો રૂપિયાનો ખેલ શરૂ કરવામાં આવ્યો હતો. આરોપ છે કે, પ્રોજેક્ટ અને સ્કીમના નામે પક્ષકારો પાસે કાગળો પર સહીઓ કરાવી લેવામાં આવી અને જમીનની માલિકી તેમજ હક્કો પોતાની તરફ ટ્રાન્સફર કરાવવાના પેચ લગાવવામાં આવ્યા હતા. સમય જતાં જ્યારે જમીનનો અસલી વિવાદ ઉકેલાયો અથવા તેને થાળે પાડવામાં આવ્યો, ત્યારે કાયદેસરના હક્કદારોને બાજુ પર ધકેલીને સમગ્ર 120 કરોડની જમીન પચાવી પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI